અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

14 JUNE-2136 SUNDAY | Vol. : 17 | Issue : 342 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  પીએમ મોદીનો 7મી વખત ફ્રાન્સ પ્રવાસ : G7 સમિટમાં ભાગ લેશે, ટ્રમ્પ સાથે મુલાકાત થઈ શકે છે; પેરિસ પણ જશે

4  ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ દ્વારા રશિયાનો માણસોને અમર કરવાનો અખતરો!

6  ₹5000 લઈને કેનેડાથી આવેલી નોરા ફતેહીએ બ્રેડ-ઈંડા ખાઈને દિવસો કાઢ્યા

7  પાકિસ્તાનમાં પેટ્રોલ 4 અને ડીઝલ 2 રૂપિયા સસ્તું થયું : પેટ્રોલ 373.78 અને હાઈ-સ્પીડ ડીઝલ 378.78 રૂપિયા પ્રતિ લિટર થયું

# એરફોર્સનું ટ્રાન્સપોર્ટ વિમાન ક્રેશ, પાયલટ સહિત 5 શહીદ

## ■ લેન્ડિંગ દરમિયાન આગ લાગી, બે ભાગમાં તૂટી ગયું; આસામના જોરહાટ એરબેઝ પર દુર્ઘટના

**જોરહાટ, તા.13**

આસામના જોરહાટના રૌરિયા ઈન્ડિયન એરબેઝ પર શનિવારે સવારે 10 વાગ્યે લેન્ડિંગ દરમિયાન વાયુસેનાનું વિમાન ક્રેશ થયું. આ દુર્ઘટનામાં પાયલટ સહિત 5 જવાનો શહીદ થયા. તેમાં સ્ક્વોડ્રન લીડર પ્રશાંત સિંહ, ફ્લાઈટ લેફ્ટનન્ટ શુભમ કુમાર, સાર્જન્ટ જિતેન્દ્ર શર્મા, અગ્નિવીરવાયુ ખેમારામ કુમાવત અને અગ્નિવીરવાયુ દાનિશ આલમનો સમાવેશ થાય છે. એક કો-પાયલટ ઘાયલ થયો છે.

આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે વિમાન એરબેઝ પર ઉતરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. દુર્ઘટના બાદ તેમાં આગ લાગી ગઈ અને તે બે ટુકડામાં તૂટી ગયું. આ AN-32 કાર્ગો વિમાન હતું, જેનો ઉપયોગ સૈનિકો અને સામાનની હેરફેર માટે કરવામાં આવે છે. દુર્ઘટનાનું કારણ સામે આવ્યું નથી. ઈન્ડિયન એરફોર્સે જણાવ્યું કે વિમાન રૂટિન ઉડાન પર હતું. સાથે જ અપીલ કરી કે શરૂઆતી પરિણામો ન આવે ત્યાં સુધી કોઈ અનુમાન ન લગાવે. કોર્ટ ઓફ ઈન્ક્વાયરીના આદેશ આપી દેવામાં આવ્યા છે. ભારતીય વાયુસેના પાસે લગભગ 100 એન્ટોનોવ AN-32 ટેક્ટિકલ ટ્રાન્સપોર્ટ વિમાનોનો કાફલો છે. જોકે, IAF એ શરૂઆતમાં સોવિયેત મૂળના આવા 125 વિમાનો ખરીદ્યા હતા, પરંતુ હવે સક્રિય-ડ્યુટી વિમાનોની સંખ્યા લગભગ 100 રહી ગઈ છે. AN-32 એ 1980 થી IAF ની મધ્યમ-લિફ્ટ ટ્રાન્સપોર્ટ ક્ષમતાઓની કરોડરજ્જુ તરીકે કામ કર્યું છે. ગરમ હવામાન અને હિમાલય જેવા ઊંચા વિસ્તારોમાં ઓપરેશન દરમિયાન તેની મજબૂતીને કારણે તેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

જાન્યુઆરીથી જૂન સુધી વાયુસેનાના વિમાન અકસ્માતો

21 જાન્યુઆરી 2026- ઉત્તર પ્રદેશમાં IAFનું એક તાલીમી વિમાન નિયમિત ઉડાન દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયું. બંને પાયલટ સુરક્ષિત રીતે ઈજેક્ટ થઈ ગયા. કોઈ નાગરિકને નુકસાન થયું નહીં. જોકે, તપાસ માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરી બેસાડવામાં આવી.

7 ફેબ્રુઆરી 2026- એક HAL તેજસ લડાકુ વિમાન ટેક-ઓફ દરમિયાન રનવે પરથી બહાર નીકળી ગયું. બાદમાં રિપોર્ટ્સમાં સોફ્ટવેરની ખામીને કારણભૂત ગણાવવામાં આવી. પાયલટ બચી ગયો, જોકે તેને ઈજાઓ થઈ.

5 માર્ચ 2026- આસામના કાર્બી આંગલોંગ વિસ્તારમાં તાલીમ દરમિયાન Su-30MKI ક્રેશ થઈ ગયું હતું.



### જાન્યુઆરીથી જૂન સુધી વાયુસેનાના વિમાન અકસ્માતો

21 જાન્યુઆરી 2026- ઉત્તર પ્રદેશમાં IAFનું એક તાલીમી વિમાન નિયમિત ઉડાન દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયું. બંને પાયલટ સુરક્ષિત રીતે ઈજેક્ટ થઈ ગયા. કોઈ નાગરિકને નુકસાન થયું નહીં. જોકે, તપાસ માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરી બેસાડવામાં આવી. 7 ફેબ્રુઆરી 2026- એક HAL તેજસ લડાકુ વિમાન ટેક-ઓફ દરમિયાન રનવે પરથી બહાર નીકળી ગયું. બાદમાં રિપોર્ટ્સમાં સોફ્ટવેરની ખામીને કારણભૂત ગણાવવામાં આવી.

## ભારતીય બેલેસ્ટિક ડિફેન્સ સિસ્ટમનો ટેસ્ટ સફળ : 5,000 કિમીની રેન્જથી આવનારી મિસાઇલોને તોડી પાડશે

### ■ ભારત આ ટેકનોલોજી મેળવનાર પાંચમો દેશ

**કોલકાતા, તા.13**

ભારત હવે લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઈલો, અહીં સુધી કે ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલના જોખમોનો પણ સામનો કરી શકે છે. DRDOએ 10 અને 11 જૂને સતત 3 ફ્લાઈટ ટેસ્ટ કર્યા, જેમાં મલ્ટી-લેયર્ડ બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ (BMD) સિસ્ટમનું પ્રદર્શન કરવામાં આવ્યું.

આમાં ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM) ક્લાસ સુધીના જોખમો સહિત બેલિસ્ટિક મિસાઈલોને રોકવાની અને નિષ્ક્રિય કરવાની ક્ષમતા પણ સામેલ છે.

આ ટેકનોલોજી દુશ્મનની મિસાઈલોને લક્ષ્ય સુધી પહોંચતા પહેલા હવામાં જ નષ્ટ કરવામાં સક્ષમ હોય છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે ટેસ્ટિંગની તસવીરો X



એકાઉન્ટ પર શેર કરી છે.

આની સાથે-સાથે નેવલ એન્ટી શિપ મિસાઈલ-મીડિયમ રેન્જનું પણ ટેસ્ટ કરવામાં આવ્યું. આને ભારતની દરિયાઈ સ્ટ્રાઈક અને ડિફેન્સ સ્કિલને મજબૂત કરવાની દિશામાં એક મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે. આની સાથે ભારત એ ખાસ દેશોના ગ્રુપમાં સામેલ થઈ ગયું છે, જેમની પાસે ઓપરેશનલ-લેવલની બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ ક્ષમતા છે. ભારત પહેલા આ ટેકનોલોજી અમેરિકા, રશિયા, ઈઝરાયલ અને ચીન પાસે હતી.

## SIR- 30 કરોડ વોટર કાર્ડમાંથી ઝાંખા ફોટા દૂર થશે : હવે મકાન નંબરની જગ્યાએ '00' લખવામાં આવશે નહીં, સરનામું નોંધવામાં આવશે

**નવી દિલ્હી, તા.13**

ચૂંટણી પંચ ઘરે-ઘરે જઈને મતદારોની ઓળખ કરવાના અંતિમ તબક્કામાં પ્રવેશી રહ્યું છે. હવે બાકી રહેલા 39 કરોડ 73 લાખ મતદારોના દરવાજે દસ્તક દેવાની તૈયારી છે. આ દરમિયાન ભાસ્કરે તપાસ કરી કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પછી મતદાર ફોટો ઓળખ કાર્ડ એટલે કે EPIC માં શું મોટા ફેરફારો આવ્યા છે. એસઆઈઆર પછી અત્યાર સુધી તૈયાર થયેલા 59 કરોડ મતદારોના ફોટા માત્ર તાજા જ નથી પણ રંગીન પણ છે. ચૂંટણી પંચના 9 લાખ 20 હજારથી વધુ બૂથ લેવલ ઓફિસરો (બીએલઓ) એ મોબાઈલથી મતદારોના ફોટા તેમના ઓળખપત્ર સાથે જોડીને મતદાર યાદીને સ્વચ્છ બનાવી છે. આ માટે બીએલઓ એ કોઈ ફી લીધી નથી. આ ઉપરાંત,




હવે કોઈપણ મતદારનો મકાન નંબર '00' નોંધવામાં આવશે નહીં, પરંતુ ચોક્કસ સરનામું લખવામાં આવશે. એસઆઈઆર પૂર્ણ થયા પછી એકથી વધુ જગ્યાએ નામ રાખવું ગુનો ગણાશે. અત્યાર સુધી ASCDD શ્રેણી હેઠળ 2.6 લાખ ડુપ્લિકેટ મતદાર આઈડી હટાવવામાં આવ્યા છે. પહેલા રાઉન્ડમાં બિહાર અને બીજા તબક્કામાં 12 રાજ્યોના મતદારોની ઘરે-ઘરે જઈને પુષ્ટિ કર્યા પછી 59 કરોડ મતદારોના નવા ઓળખપત્રો બન્યા છે. આમાં સૌથી મોટો બદલાવ કાર્ડના ફોટોનો છે. પહેલાના લગભગ 30 ટકા મતદાર ઓળખપત્રોમાં ફોટો હતા જ નહીં અને જો હતા તો પણ એટલા ઝાંખા હતા કે ઓળખવા મુશ્કેલ હતા. કારણ એ કે બંધારણમાં ફોટો આઈડી કાર્ડનો ઉલ્લેખ જ નથી. આવી સ્થિતિમાં ફોટો માટે મતદારને બાધ્ય કરી શકાતો ન હતો. તપાસ કરતાં જાણવા મળ્યું કે લગભગ 30 કરોડ ફોટો ગેરહાજર, ઝાંખા, જૂના અથવા ઓળખથી પર હતા. જે ફોટો હતા તે 20-30 વર્ષ જૂના હતા. એસઆઈઆર પછી અત્યાર સુધી તૈયાર થયેલા 59 કરોડ મતદારોના ફોટો માત્ર તાજા જ નથી પણ રંગીન પણ છે. ચૂંટણી પંચના 9 લાખ 20 હજારથી વધુ બૂથ લેવલ ઓફિસરો (બીએલઓ) એ મોબાઈલથી મતદારોના ફોટો તેમના ઓળખપત્ર સાથે જોડીને મતદાર યાદીને સ્વચ્છ બનાવી છે. આ માટે બીએલઓ એ કોઈ ફી લીધી નથી. સૌથી મહત્વપૂર્ણ બદલાવ એ છે કે હવે કોઈ પણ મતદાર એકથી વધુ મતવિસ્તાર કે જગ્યાએ પોતાનું નામ નોંધાવી શકશે નહીં. આ અભિયાન હેઠળ મતદારોને પોતાનું વર્તમાન નિવાસસ્થાન પસંદ કરવાની સંપૂર્ણ છૂટ આપવામાં આવી હતી અને અન્ય તમામ જૂની જગ્યાઓ પરથી તેમના નામ દૂર કરવામાં આવ્યા છે.

## CM યોગીએ રામ મંદિરમાં ચોરીના આરોપોની તપાસ માટે SIT બનાવી : મંદિરના કર્મચારીના ઘરે ₹10 લાખ મળ્યા, છાણના ઢગલામાં છુપાવ્યા હતા

**અયોધ્યા, તા.13**

અયોધ્યા રામ મંદિરમાં ચઢાવાના 7 કરોડ રૂપિયાની ચોરીના દાવાનો મામલો ગરમાતો જઈ રહ્યો છે. મંદિર ટ્રસ્ટે શનિવારે સીએમ યોગી પાસે ચોરીના દાવાની તપાસ SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) દ્વારા કરાવવાની માગ કરી. તેના થોડા કલાકો પછી 3 સભ્યોની SIT બનાવી દીધી છે. તેમાં લખનઉના કમિશનર વિજય વિશ્વાસ પંત (IAS), કિરણ એસ. (IPS, આઈજી રેન્જ) અને નીલ રતન (વિશેષ સચિવ, નાણાં) નો સમાવેશ કરવામાં આવ્યો છે. SIT 7 દિવસમાં પ્રારંભિક રિપોર્ટ અને 15 દિવસમાં અંતિમ રિપોર્ટ આપશે. આ તરફ, મંદિરના કર્મચારી લવકુશ મિશ્રા (27)ના ઘરેથી 10 લાખ રૂપિયા મળી આવ્યા છે. તેણે રૂપિયા છાણમાં છુપાવ્યા હતા. આ ઉપરાંત, કેટલાક પૈસા બોક્સમાં પણ રાખ્યા હતા. જોકે, આ રૂપિયા કોના છે, તે હજુ



સુધી જાણી શકાયું નથી. લવકુશના પિતાએ પણ રૂપિયા મળ્યાની પુષ્ટિ કરી છે. સૂત્રો અનુસાર, લવકુશ મંદિરમાં ચઢાવાની રકમ ગણવાનું કામ કરતો હતો. લવકુશની નોકરી તેના સસરાએ લગાડી હતી. લવકુશનો સાળો અનુકલ્પ મિશ્રા પહેલાથી મંદિરમાં નોકરી કરી રહ્યો હતો. સૂત્રો અનુસાર, અનુકલ્પ અને લવકુશ બંને હાલ પોલીસ કસ્ટડીમાં છે. લવકુશ અયોધ્યાના રુદૌલી વિસ્તારના મીનાપુર ઠાકુરન ફગૌલી ગામનો રહેવાસી છે. તેના પિતા બચ્ચુલાલે કહ્યું- મારો દીકરો 4-5 મહિનાથી રામ મંદિરમાં નોકરી કરતો હતો. આ દરમિયાન ત્યાં ચોરીની ઘટના બની.

## દિલ્હીમાં વરસાદને કારણે ફ્લાઈટ્સ મોડી પડી : MPમાં વાવાઝોડા-વરસાદથી 4નાં મોત; UPના હાથરસમાં રસ્તાઓ ડૂબી ગયા, લખનઉમાં દિવસે અંધારું છવાયું

**નવી દિલ્હી, તા.13**

દિલ્હીમાં શનિવારે સવારે વરસાદને કારણે ઘણી ફ્લાઈટ્સ મોડી પડી. ઈન્ડિગો એરલાઈન્સે X પર પોસ્ટ કરીને જણાવ્યું કે- ખરાબ હવામાનને કારણે ફ્લાઈટ્સના સમય પર અસર પડી છે. અમે હવામાન પર સતત નજર રાખી રહ્યા છીએ. મધ્ય પ્રદેશના શ્યોપુર જિલ્લામાં શુક્રવારે વાવાઝોડા-વરસાદને કારણે થયેલા અકસ્માતોમાં 4 લોકોના મોત થયા. તેમાંથી 3 એક જ પરિવારના હતા. યુપીના હાથરસમાં કોતવાલી સદરમાં પાણી ભરાઈ ગયું. રસ્તાઓ ડૂબી ગયા. શનિવારે સવારે લખનઉમાં ભારે વાવાઝોડું આવ્યું,



દિવસ દરમિયાન અંધારું છવાઈ ગયું. આજે 54 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાઈ શકે છે. ગુજરાત સિવાયના બાકીના તમામ રાજ્યોમાં પ્રી-મોન્સૂનની અસર છે. રાજસ્થાનમાં શુક્રવારે અલવર, કોટપુતલી-બહરોડ, શ્રીગંગાનગરમાં વરસાદ સાથે કરા પડ્યા. મોન્સૂનની ઝારખંડ અને ઓડિશાના કેટલાક ભાગોમાં એન્ટ્રી થઈ ગઈ છે. આગામી 3 દિવસમાં મોન્સૂન છત્તીસગઢ અને ઉત્તર પ્રદેશ પહોંચવાની સંભાવના છે. 4 જૂને કેરળમાં દસ્તક આપ્યા બાદ મોન્સૂન 9 દિવસમાં 19 રાજ્યો સુધી પહોંચી ચૂક્યું છે. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, તેલંગાણા અને મધ્ય પ્રદેશના ઘણા શહેરોમાં શુક્રવારે પારો 40C થી વધુ રહ્યો. રાજસ્થાનના શ્રીગંગાનગરમાં સૌથી વધુ 44.2C તાપમાન નોંધાયું. જ્યારે મહારાષ્ટ્રના વર્ધા અને અકોલામાં 43.5C અને તેલંગાણાના આદિલાબાદમાં 43.2C તાપમાન નોંધાયું.

## અમૃતસરમાં કોકરોચ જનતા પાર્ટીનું પ્રદર્શન : અભિજીત દીપકેએ કહ્યું- અમને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી; કેન્દ્રીય મંત્રી બોલ્યા- જે તેમની સાથે છે તે દેશ વિરુદ્ધ છે

**અમૃતસર, તા.13**

અમૃતસરમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) એ આજે (13 જૂને) બે કલાક વિરોધ પ્રદર્શન કર્યું. પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે બપોરે ગોલ્ડન ટેમ્પલ પહોંચ્યા. ત્યારબાદ તેઓ કાર દ્વારા ગોલ્ડન ગેટ આવ્યા, જ્યાં પ્રદર્શન માટે ભીડ એકઠી થઈ હતી. અભિજીતે કહ્યું કે અહીં પુણે અને દિલ્હી કરતાં પણ મોટું પ્રદર્શન થશે. તેમણે કહ્યું- હું બિલકુલ સમયસર અહીં આવ્યો હતો, પરંતુ હું ટ્રાફિકમાં ફસાઈ ગયો. અહીં અમારા માટે કોઈ સુરક્ષા નથી. ન તો પોલીસે અમને કોઈ ખાસ એસ્કોર્ટ આપ્યો. સાથે જ




ચૂંટણીને લઈને તેમણે કહ્યું કે અમને ઈલેક્શન સાથે કોઈ લેવાદેવા નથી. ગોલ્ડન ગેટ પર મંચ પરથી યુવાનોએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપો કોકરોચ જનતા પાર્ટી ઝિંદાબાદના નારા લગાવ્યા. પ્રદર્શનની પરવાનગી દીપકે પોતે ઓનલાઈન માધ્યમથી DCP લો એન્ડ ઓર્ડર આલમ વિજય પાસેથી સાંજે 4 થી 7 વાગ્યા સુધી લીધી હતી. જોકે, લગભગ સાડા 5 વાગ્યે જ વિરોધ પ્રદર્શન સમાપ્ત થઈ ગયું અને અભિજીત રવાના થઈ ગયા. તે પહેલા CJP ને લઈને કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટરે કહ્યું હતું કે જે કોઈ આ પાર્ટીને સમર્થન આપશે અથવા તેનું ભંડોળ પૂરું પાડશે, તેને દેશ વિરોધી માનવામાં આવશે.

આંદોલન માટે પંજાબ જરૂરી: પ્રદર્શન માટે અમૃતસર આવવા અંગે અભિજીતે કહ્યું- દેશમાં જ્યારે પણ કોઈ આંદોલન થાય છે, તેમાં પંજાબનો સૌથી મોટો ફાળો રહે છે. તેથી, અમે પંજાબમાં અમૃતસરને પ્રદર્શન માટે પસંદ કર્યું. જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે, ત્યાં સુધી અમે બેઠા જ રહીશું.

અમને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી: પંજાબમાં ચૂંટણી અંગે અભિજીતે કહ્યું- પંજાબના બાળકો પણ પરીક્ષા આપે છે. તેઓ NEET, CBSE, વગેરે પરીક્ષાઓમાં ભાગ લે છે. તેમના માટે અહીં આંદોલન કરવું જરૂરી છે. ચૂંટણી સાથે અમને કોઈ લેવાદેવા નથી. શિક્ષણના નામે જે અહીં વોટ માંગી રહ્યા છે, તેઓ પોતાનું કામ કરી રહ્યા છે. અમારે પોતાનું કામ કરવાનું છે.



# બોર્ડનું રિઝલ્ટ, LC સહિતના ડોક્યુમેન્ટની ચોરી ગયા

## 200થી વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા, અમદાવાની SS ડિવાઇન સ્કૂલના પૂર્વ સંચાલકનું કારસ્તાન, સોલા પોલીસમાં અરજી





**અમદાવાદ, તા.13**

અમદવાદના સ્વામી સહજાનંદ ટ્રસ્ટ દ્વારા સંચાલિત SS ડિવાઈન સ્કૂલમાં ચોરીની ઘટના સામે આવી છે. સ્કુલનું અગાઉ સંચાલન કરતા નિર્માણ સ્કૂલના કર્મચારીઓએ જ SS ડિવાઈન સ્કૂલમાં વિદ્યાર્થીઓના એલસી અને માર્કશીટ સહિતના મહત્વના ડોક્યુમેન્ટની ચોરી કરી છે જે અંગેના સીસીટીવી ફૂટેજ પણ છે. સહજાનંદ ટ્રસ્ટે સોલા પોલીસે સ્ટેશનમાં ફરિયાદ કરી છે. જે અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. સાયન્સ સીટી રોડ પર એસ. એસ. ડિવાઈન સ્કૂલ આવેલી છે, જેનું સંચાલન સ્કૂલના મૂળ ટ્રસ્ટ સ્વામી સહજાનંદ દ્વારા નિર્માણ સ્કૂલના આશિષ દેસાઈને આપવામાં આવ્યું હતું. આશિષ દેસાઈએ સ્કુલનું સંચાલન કરતા સ્કૂલને ડમી સ્કૂલ તરીકે ચલાવવામાં આવતી હતી, જેના કારણે સ્કૂલની છબી ખરાબ થઈ હતી. આશિષ દેસાઈના સંચાલનને કારણે સ્કૂલને નોટિસ પણ મળી હતી. જેથી સહજાનંદ ટ્રસ્ટ આશિષ દેસાઈને સંચાલનમાંથી હટાવવાનું નક્કી કર્યું હતું. આશિષ દેસાઈ પાસેથી એસ. એસ. ડિવાઈન સ્કૂલનો વહીવટ જતો રહેતા આશિષ દેસાઈએ તેમના કર્મચારીઓ દ્વારા રાતોરાત એસ.એસ. ડિવાઈન સ્કૂલમાંથી ધો. 10ના વિદ્યાર્થીઓના LC, માર્કશીટ સહિતના ચોરી કરવા આવ્યા હતા. કર્મચારીઓએ જે દસ્તાવેજો ચોરી કર્યા તે અંગેની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. જે અંગે સોલા પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી છે. સોલા પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે. એસ.એસ. ડિવાઈન સ્કૂલના વિદ્યાર્થીઓના એલસી, માર્કશીટ તો ચોરી કર્યા છે, સાથે જનરલ રજિસ્ટર,કોમ્પ્યુટરની પણ ચોરી કરી છે. વિદ્યાર્થીઓની માર્કશીટ અને એલસી ચોરી થવાના કારણે 200થી વિદ્યાર્થીઓ પ્રવેશ લેવા માટે મુશ્કેલીમાં મુકાયા છે. સાથે સ્કુલનું મુખ્ય રજિસ્ટર ચોરી કરવામાં આવ્યું છે જેનાથી સ્કુલનું સંચાલન કરવામાં મુશ્કેલી આવે છે. આશિષ દેસાઈ વસ્ત્રાપુરમાં નિર્માણ સ્કૂલ ચલાવે છે. આશિષ દેસાઈની નિર્માણ સ્કૂલમાં પણ ડમી સ્કૂલ ચલાવવામાં આવતી હોવાની ફરિયાદ મળી હતી જેના કારણે CBSE દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. સાથે જનરલ રજિસ્ટર,કોમ્પ્યુટરની પણ ચોરી કરી છે. વિદ્યાર્થીઓની માર્કશીટ અને એલસી ચોરી થવાના કારણે 200થી વિદ્યાર્થીઓ પ્રવેશ લેવા માટે મુશ્કેલીમાં મુકાયા છે. સાથે સ્કુલનું મુખ્ય રજિસ્ટર ચોરી કરવામાં આવ્યું છે જેનાથી સ્કુલનું સંચાલન કરવામાં મુશ્કેલી આવે છે. આશિષ દેસાઈ વસ્ત્રાપુરમાં નિર્માણ સ્કૂલ ચલાવે છે. આશિષ દેસાઈની નિર્માણ સ્કૂલમાં પણ ડમી સ્કૂલ ચલાવવામાં આવતી હોવાની ફરિયાદ મળી હતી જેના કારણે CBSE દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. આશિષ દેસાઈએ એસ એસ ડિવાઈન સ્કૂલને પણ ડમી સ્કૂલ તરીકે ચલાવી હતી જેથી આશિષ દેસાઈ ડમી સ્કૂલ ચલાવતા હોવાની જ ચર્ચા છે.આશિષ દેસાઈ અગાઉ વાસણામાં પણ એક સ્કૂલમાં સંચાલનમાં વિવાદમાં આવ્યા હતા.

# વિવાદમાં આવેલી IDP સ્કૂલના બે કર્મચારીને ફરજમાંથી મુક્ત કરાયા

## નિવૃત શિક્ષક સાથે ગેરવર્તણૂક કરી હતી, DEO તપાસમાં બેદરકારી સામે આવતા બંનેને 'ગેટ આઉટ' કરાઈ

**અમદાવાદ, તા.13**

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી IDP સ્કૂલના બે કર્મચારીઓએ ગેરવર્તણૂક કરવાના વાયરલ વીડિયો બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની સૂચના બાદ શાળાએ કાર્યવાહી કરી છે. અનુભવનું પ્રમાણપત્ર લેવા આવેલા 69 વર્ષીય નિવૃત્ત શિક્ષક સાથે સ્કૂલના કર્મચારીઓએ ગેરવર્તણૂક કરી તેમને ગેટ આઉટ કહી કેમ્પસની બહાર કાઢી મૂક્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમની તપાસ બાદ શાળા દ્વારા બંને કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.






**નિવૃત શિક્ષકને ગેટ આઉટ કહી કેમ્પસની બહાર જવા કહ્યું ને વિવાદ**

ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી IDP સ્કૂલમાં નિવૃત્ત શિક્ષક સાથે થયેલી ગેરવર્તણૂકનો વીડિયો વાયરલ થયો હતો. અગાઉ શાળામાં સેવા આપી ચૂકેલા 69 વર્ષીય શિક્ષક અનુભવનું પ્રમાણપત્ર મેળવવા માટે સ્કૂલમાં પહોંચ્યા હતા. શિક્ષક દ્વારા શિક્ષણ કાર્ય સંબંધિત અનુભવનું પ્રમાણપત્ર માંગવામાં આવ્યું હતું. પરંતુ શાળા તરફથી તેમને એક્ટિવિટી ટીચર તરીકેનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ અંગે શિક્ષકે યોગ્ય અનુભવનું પ્રમાણપત્ર આપવાની માંગણી કરતાં મામલો ઉગ્ર બન્યો હતો. જે બાદ શાળાની બે મહિલા કર્મચારીઓ શિક્ષક સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું. નિવૃત શિક્ષકને ગેટ આઉટ કહી કેમ્પસની બહાર જવા માટે કહેવામાં આવ્યું હતું. અંતે શિક્ષકને પ્રમાણપત્ર આપ્યા વિના જ પરત મોકલી દેવામાં આવ્યા હતા.

**જિલ્લા શિક્ષણાધિકારી સ્કૂલે દોડી ગયા હતાં**

આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જિલ્લા શિક્ષણાધિકારી પણ દોડતા થઈ ગયા હતા. તેમજ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા પરંતુ તેમને પણ શાળામાં પ્રવેશ કરવા દેવામાં આવ્યા નહતા. જેથી DEO શાળામાં હાજર તમામ સ્ટાફની ઉધડો લઈ લીધો હતો. તેમજ શાળાને નોટિસ ફટકારી તપાસ કમિટીને સમગ્ર ઘટનાની તપાસ કરી રિપોર્ટ સોંપવા સૂચના આપવામાં આવી હતી.

**બંને કર્મચારીઓની ભૂલ હોવાનું સામે આવ્યું ને 'ગેટ આઉટ કરાયા'**

જેથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમે બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ તપાસ રિપોર્ટ સોંપ્યો છે. જેમાં પ્રાથમિક દ્રષ્ટિએ બંને કર્મચારીઓની ભૂલ હોવાનું સામે આવ્યું હતું. જેથી બીજી કોઈ શાળાના કર્મચારીઓ નિવૃત શિક્ષક કે અન્ય કોઈ સાથે આ પ્રકારે ગેરવર્તણૂક ન કરે તે માટે કડક કાર્યવાહી કરવામાં આવી છે. વીડિયો વાયરલ થયા બાદ વિવાદમાં આવતા બંને મહિલા કર્મચારીઓને ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. તેમજ શાળાને સમગ્ર બાબતે ખુલાસો કરવા સૂચના પણ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આપવામાં આવી છે.

## ઐયાશ પતિએ સાળીના બિભસ્ત ફોટોગ્રાફ્સ ક્લીક કરીને સોશિયલ મીડિયામાં વાયરલ પણ કર્યા હતા

**અમદાવાદ, તા.13**

લગ્નજીવનની આડમાં પતિની અય્યાશીઓ અને છેતરપિંડીનો ભોગ બનેલી મહિલાએ પતિ સામે ફરિયાદ નોંધાવી છે. અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતી મહિલાએ પોતાના પતિ પિયુષ વિરુદ્ધ ઘરેલુ હિંસા, દહેજની માંગણી, મારઝૂડ અને અન્ય મહિલાઓ સાથેના સંબંધો સહિતના ગંભીર આક્ષેપો સાથે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ મહિલાના લગ્ન વર્ષ 2007માં સમાજના રીતરીવાજ મુજબ વડોદરામાં રહેતા પિયુષ સાથે થયા હતા. લગ્નના ગણતરીના દિવસોમાં જ મહિલાને પતિના મોબાઈલ ફોનમાંથી અન્ય મહિલાનો પ્રેગ્નન્સી રિપોર્ટ મળી આવ્યો હતો. આ અંગે પૂછપરછ કરતાં પિયુષ ઉશ્કેરાઈ ગયો હતો અને પત્ની સાથે મારઝૂડ શરૂ કરી દીધી હતી. પિયુષ અને મહિલા અમદાવાદ રહેવા માટે આવી ગયા હતાં. જોકે, અહીં પણ પિયુષની હરકતોમાં કોઈ ફેરફાર આવ્યો નહોતો. મહિલાની પિતરાઈ બહેન તેમના ઘરે રોકાવા માટે આવી ત્યારે પિયુષે તેની સાથે અયોગ્ય વર્તન કર્યું હતું. તેના બિભત્સ ફોટોગ્રાફ્સ પાડી શરીર સંબંધ બાંધવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. ઈનકાર થતાં ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયામાં અપલોડ કરી દેવામાં આવ્યા હતાં. આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાતા પિયુષની ધરપકડ પણ થઈ હતી.

## વ્યાજખોરને 7 વર્ષ કેદની સજા : રૂ. 9.60 લાખ રૂપિયા વ્યાજે આપી 48 લાખ રૂપિયાની વસૂલાત કરી, પ્રોમીસરી નોટ અને 10 ચેક લખાવી લીધા હતા

**અમદાવાદ, તા.13**

વર્ષ 2001માં વ્યાજખોરી, ગેરકાયદેસર ધાક-ધમકી અને ખંડણીના એક કેસમાં એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ હાર્દિક કે. વછરાજાનીએ આરોપીને 7 વર્ષ કેદની સજા ફટકારી છે. કેસને વિગતે જોતા વર્ષ 2000 માં આરોપીએ ફરિયાદી બંકીમ બ્રહ્મભટ્ટને 4 ટકાના માસિક વ્યાજે 10 લાખનું ધિરાણ કર્યું હતું. જેમાંથી 40 હજાર વ્યાજ પેટે એડવાન્સ કાપીને 9.60 લાખ રોકડા આપ્યા હતા. ત્યારબાદ ફરિયાદી પાસેથી એક એક લાખ રૂપિયાની 10 પ્રોમીસરી નોટો અને 10 ચેકો લખાવી લીધા હતા. આરોપીએ અઠવાડિક વ્યાજની ગેરકાયદેસર ગણતરી કરી અન્ય આરોપીઓ સાથે મળીને ફરિયાદીના ઘરે તથા ઓફિસે ધાક-ધમકી આપી વ્યાજ અને હપ્તા પેટે કુલ 48 લાખ બળજબરીથી વસૂલ કરી લીધા હતા. આ અંગે DCB પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ વર્ષ 2001માં કોર્ટમાં આ કેસના મુખ્ય આરોપી દેવેન્દ્રનાથ ચતુર્વેદી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

# ચોમાસા પર અલનીનોની અસર રહેશે, વરસાદ ઓછો પડશે : આજે 13 જિલ્લામાં આગાહી

**અમદાવાદ, તા.13**

ગુજરાતમાં ઉનાળાની આકરી ગરમીનું જોર સતત પ્રકોપ વર્તાવી રહ્યું છે. હાલમાં ગરમીનો પારો 42 ડિગ્રીને પાર નોંધાઈ રહ્યો છે. રાજ્યમાં સૌથી ગરમ સાથે અમદાવાદમાં મહત્તમ તાપમાન 42.7C નોંધાયું હતું, જે સામાન્ય તાપમાન કરતાં 3C વધુ છે. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન દ્વારકામાં 33.6C નોંધાયું હતું. છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર ગુજરાત ક્ષેત્ર, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહ્યું. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 7 દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નથી.

મધ્ય પ્રદેશના શ્યોપુર જિલ્લામાં શુક્રવારે વાવાઝોડા-વરસાદને કારણે થયેલા અકસ્માતોમાં 4 લોકોના મોત થયા. તેમાંથી 3 એક જ પરિવારના હતા. તો યુપીના હાથરસમાં કોતવાલી સદરમાં પાણી ભરાઈ ગયું. રસ્તાઓ ડૂબી ગયા. શનિવારે સવારે લખનઉમાં ભારે વાવાઝોડું આવ્યું, દિવસ દરમિયાન અંધારું છવાઈ ગયું. ગુજરાત સિવાયના બાકીના તમામ રાજ્યોમાં પ્રી-મોન્સૂનની અસર છે. રાજસ્થાનમાં શુક્રવારે અલવર, કોટપુતલી-બહરોડ, શ્રીગંગાનગરમાં વરસાદ સાથે કરા પડ્યા. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, આ વર્ષે અલનીનોની અસર ચોમાસા ઉપર રહેશે, જેના કારણે વરસાદ ઓછો વરસશે.દક્ષિણ



ગુજરાતના આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં ઉત્તર હરિયાણા અને તેની આસપાસના વિસ્તારોમાં 3.1 કિમીથી 4.5 કિમીની ઊંચાઈ વચ્ચે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે, જેની સાથે એક ટ્રફ જોડાયેલો છે. આ જ સાયક્લોનિક સર્ક્યુલેશનથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ થઈને ગેંગેટિક પશ્ચિમ બંગાળ સુધી સમુદ્ર સપાટીથી એક સીઝનલ ટ્રફ લંબાયેલો છે. આ હવામાન એક્ટિવિટીની અસરને લીધે આગામી દિવસોમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં હવામાન બદલાશે. ખાસ કરીને 13થી 19 જૂન દરમિયાન ગુજરાત પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. પ્રથમ દિવસે (13 જૂન) ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં તેમજ દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, વલસાડ અને નવસારી જેવા જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રની વાત કરીએ તો, પ્રથમ દિવસે અમરેલી અને ભાવનગર સહિતના જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના અલગ-અલગ વિસ્તારોમાં ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા દિવસે પણ હળવો વરસાદ થઈ શકે છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં આગળના દિવસોમાં પણ વરસાદની અપેક્ષા છે.

# અમદાવાદને આગામી સમયમાં નવો આઉટર રિંગ રોડ મળશે : લોજિસ્ટિક ઝોન વધવાની શક્યતા, હાલના SP રિંગ રોડને 2200 કરોડના ખર્ચે મોટો કરવાનું કામ 2027માં પૂર્ણ થશે

**અમદાવાદ, તા.13**

જો તમે ગુજરાતના કોઇપણ ખૂણેથી અમદાવાદ આવતા હો અને તમને ટ્રાફિક જામમાં ફસાવાની ચિંતા હોય તો હવે તમારે એ ચિંતા કરવાની જરૂર નથી. અમદાવાદમાં રોજબરોજ બનતા અકસ્માતો ઘટાડવા તેમજ લોકોને ટ્રાફિકમાંથી મુક્તિ અપાવવા માટે નવો રિંગ રોડ બનાવાશે. જ્યારે હાલમાં 2200 કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદમાં રિંગ રોડના ત્રીજા અને આખરી તબક્કાનું કામ શરુ કરાયું છે. જે ડિસેમ્બર, 2027 સુધીમાં પૂરૂં થવાની શક્યતાઓ છે. આમાં વિવિધ પ્રકારની સુવિધાઓ હશે. નાગરિકોને ટ્રાફિકના ભારણમાંથી મુક્તિ મળે તે પ્રકારનું આયોજન છે. રોજ અહીંથી પસાર થઇ રહેલા એક લાખ વાહનોની સુરક્ષાનું પણ ધ્યાન રખાયું છે.

નવો રિંગ રોડ બનાવાથી અનેક ગામડાંઓનો વિકાસ થશે. 300 ફૂટનો આઉટર રિંગ રોડ બનાવવા માટે ઔડાએ તેની નવી 10 વર્ષીય વિકાસ યોજના (DP)માં પ્રસ્તાવ મૂક્યો છે. આ રોડ 9 ગામોમાંથી ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના અંતરે પસાર થાય છે. ઔડા વિસ્તારનો નવો ડીપી બનાવવાની કાર્યવાહી પણ હાથ ધરાઇ છે. હાલમાં ઔડામાં સમાવિષ્ટ ગામોના વિસ્તારને આધાર તરીકે લઇને તેને ધ્યાનમાં રાખીને જ આગળ વધવાનું નક્કી કરાયું છે. ઔડાના સત્તાવાર સૂત્રો જણાવે છે કે, નવો રિંગ રોડ બનાવવા માટે જમીન સંપાદન કરવાની જરૂર નહીં પડે. કેમકે નવા આઉટર રિંગ રોડનો પ્લાન બની ગયા બાદ આ વિસ્તારોમાં ટીપી મૂકી દેવાશે. જેથી ઔડાને ટીપીની કપાતમાં તમામ જગ્યાએથી 40% જમીન આપોઆપ મળી રહેશે. જેથી જમીનના સંપાદનનો અબજો રૂપિયાનો ખર્ચ પણ નહીં કરવો પડે. આ અંગે સરકારના શહેરી વિકાસ ખાતાના ટોચના અધિકારીઓ મગનું નામ મરી પાડવા માગતા નથી. તેઓ એવું કહીને પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યાં છે કે ઔડા નવા રિંગ રોડનો પ્લાન બનાવીને મંજૂરી માટે અમને મોકલે ત્યાર બાદ અમે આ અંગે આગળની કાર્યવાહી કરીશું. અત્યારે સરકારનો કોઇ જ રોલ નથી. હાલમાં અમારી પાસે નવા રિંગ રોડની કોઇ વિગતો નથી.

નવો રિંગ રોડ થવાની સાથે લોજિસ્ટિક વધવાની શક્યતાઓ છે કારણ કે દિલ્હી-મુંબઇ ફ્રેટ કોરિડોરનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. ગોધાવી ગામ પાસે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની લાઇન જુદી પડશે. આથી હાલમાં ડીપીમાં ગોધાવી આસપાસના નિધરાડ સહિતના ગામોમાં લોજિસ્ટિક ઝોન મૂકાયેલા છે. શક્યતા છે કે લોજિસ્ટિકની વધુ જરૂર રહે ત્યારે લોજિસ્ટિક પાર્ક પણ બની શકે છે. જેના કારણે આવનારા સમયમાં ભારે માલવાહક વાહનોને પણ જોઇએ તે પ્રમાણે



માટે યોગ્ય રોડ રસ્તાઓ ઉપલબ્ધ થઇ શકે છે. અમદાવાદનો સતત વિકાસ થઇ રહ્યો હોવાથી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળે સરદાર પટેલ રિંગ રોડનો પ્રોજેક્ટ અમલમાં મૂક્યો હતો. જેમાં કુલ 3 તબક્કા રખાયા હતા. પ્રથમ તબક્કાનું કામ 2005માં પૂરું થયું હતું. જેમાં 76 કિલોમીટરની લંબાઈમાં 2 લેન અને મુખ્ય સ્ટ્રક્ચર માટે 4 લેનનો સમાવેશ કરાયો હતો. વાહનચાલકો ખૂબ જ સરળતાથી આવ-જા કરી શકે તેવી વ્યવસ્થા કરાઇ હતી. ભવિષ્યની સ્થિતિને ધ્યાનમાં રાખીને રિંગ રોડનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવાયું હતું.

2005માં રિંગ રોડના બીજા તબક્કાનું કામ શરુ કરાયું હતું અને 2007માં પૂરું કરાયું હતું. જેમાં 2 લેનને 4 લેનમાં રૂપાંતરિત કરાયા હતા. બિલ્ડ, ઓપરેટ અને ટ્રાન્સફર મોડેલ હેઠળ 20 વર્ષના સમયગાળા માટે આ કામ કરાયું હતું. હાલનો સરદાર પટેલ રિંગ રોડ 6 નેશનલ હાઈવે અને 11 સ્ટેટ હાઈવે સાથે જોડાયેલો છે. જે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને અમદાવાદ સાથે જોડે છે. સરદાર પટેલ રિંગ રોડ 60 મીટર પહોળો અને 76 કિમી લાંબો છે. ઉપરાંત તેમાં 8.50 મીટર પહોળાઇ ધરાવતા 2 મુખ્ય રસ્તા છે. જેમાં ચાર માર્ગીય ટ્રાફિક વહન થાય છે. 7 મીટર પહોળાઇ ધરાવતા 2 સર્વિસ રોડ સાથે મધ્યમાં સ્ટ્રીટ લાઇટ છે. સરદાર પટેલ રિંગ રોડ પર અત્યારે 10 ફ્લાયઓવર, 2 રિવર ઓવર બ્રિજ, 2 રેલવે ઓવર બ્રિજ અને 2 અંડરપાસ છે. જ્યારે અન્ય 11 જંક્શન પર નવા ફ્લાય ઓવર અને અંડરપાસનું બાંધકામ ચાલી રહ્યું છે. જે પૂરું થયા બાદ વાહનચાલકો વિના અવરોધે નીકળી શકશે. આ રિંગ રોડની આસપાસના વિસ્તારોને ગ્રીન કોરિડોરમાં ફેરવવા માટે વૃક્ષારોપણ કરાયું છે. હાલમાં ભારે વરસાદની સ્થિતિમાં એસ.પી. રિંગ રોડ પર કેટલાક સ્થળોએ પાણી ભરાઇ જાય છે. જેનો જલ્દીથી નિકાલ થતો નથી અને વાહનચાલકો પાણીમાં ફસાઇ જાય છે. આ સમસ્યાને દૂર કરવા માટે તંત્રએ કમર કસી છે. વરસાદી પાણીના નિકાલ માટે પણ સોલિડ વ્યવસ્થા કરાઇ છે. જેમાં કન્ટુર સર્વેના આધારે ડિઝાઇન તૈયાર કરાઇ છે. AMC, GMC અને GUDA સાથે સંકલન કરાશે અને પાણીના નિકાલ માટે જરૂરી નાના પમ્પિંગ સ્ટેશન પણ ઊભા કરાશે.

એસ.પી.રિંગ રોડ પર હાલના ગ્રેડ સેપરેટરો તથા નિર્માણાધીન ભાગોને બાદ કરતાં આશરે 51 કિ.મી. અસરકારક લંબાઈનું કાર્ય કરાશે. 60 મીટરથી 94 મીટર સુધીનો રાઈટ ઓફ વેનો ઉપયોગ કરી વિકસિત કરાશે. જેમાં મુખ્ય માર્ગ તરીકે 6 લેનનું ફ્લેક્સિબલ પેવમેન્ટ સાથેનું કેરેજ વે રહેશે. આ માર્ગ સંપૂર્ણપણે એક્સેસ કન્ટ્રોલ આધારિત રહેશે. જેમાં મુખ્ય માર્ગ (6 લેન) પર ટુ વ્હીલર અને થ્રી વ્હીલર્સ નહીં ચલાવી શકાય.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# PoKમાં અત્યાર સુધીમાં 46 પ્રદર્શનકારીઓનાં મોત : 1100 ધરપકડ

## શરણાર્થી બેઠકો નાબૂદ કરવા આંદોલન, પાકિસ્તાની સેનાનો વિરોધ

**મુઝફ્ફરાબાદ, તા.13**

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK)માં છેલ્લા 4 દિવસથી ચાલી રહેલા આંદોલનમાં અત્યાર સુધીમાં 46 પ્રદર્શનકારીઓના મોત થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાર દિવસમાં 1100થી વધુ લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે.

PoKમાં વિધાનસભાની 12 અનામત બેઠકોને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ બેઠકો એ શરણાર્થીઓ માટે અનામત છે જેઓ જમ્મુ-કાશ્મીરથી પાકિસ્તાનના અન્ય ભાગોમાં જઈને વસ્યા હતા. જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) આ બેઠકોને સમાપ્ત કરવાની માંગ સાથે આંદોલન કરી રહી છે.

આ કારણે મુઝફ્ફરાબાદ, મીરપુરમાં બજારો, શાળાઓ, કોલેજો અને ઓફિસો બંધ છે. ઈન્ટરનેટ સેવા પણ બંધ છે. આનાથી ખીણ બાહ્ય દુનિયાથી કપાઈ ગઈ છે. આનાથી પ્રદર્શનકારીઓનો ઉત્સાહ ઓછો થયો નથી. તેનાથી વિપરીત, તેમનામાં નારાજગી વધુ વધી ગઈ છે. JAAC ના સભ્યો ધરણાની તૈયારીઓ તેજ કરી રહ્યા છે. પાક આર્મી-સરકારે પૂંછ, મીરપુર અને મુઝફ્ફરાબાદમાં વધારાના અર્ધસૈનિક દળો તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. આમાં રેન્જર્સ અને ફ્રન્ટિયર કોન્સ્ટેબ્યુલરીના જવાનોનો સમાવેશ થાય છે. બીજી તરફ, પ્રશાસને JAAC નેતાઓ શૌકત નવાઝ મીર, ખ્વાજા મેહરાન અને અન્ય પર રાજદ્રોહનો કેસ દાખલ કર્યો છે. સરકાર અર્ધસૈનિક દળોનો ડર બતાવીને આંદોલનને કચડી નાખવાનો પ્રયાસ કરી રહી છે. સરકારે 5 જૂને JAAC પર આતંકવાદ વિરોધી કાયદા હેઠળ પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારથી આ વિસ્તારમાં તણાવ સતત વધી રહ્યો છે.



રાવલાકોટમાં JAAC નેતા ઉમર નઝીર કાશ્મીરીએ સરકાર-આર્મી વિરુદ્ધ ભાષણ આપ્યું. તેઓ સપ્તાહના અંતથી છુપાયેલા હતા. તેમણે ખીણમાંથી સુરક્ષા દળો હટાવવાની માંગ કરી. જ્યારે, PoK માં નેટબંધી હોવા છતાં ભાષણ લાઈવ થયું. લાઈવ ટેલિકાસ્ટ માટે સ્ટારલિંકનો ઉપયોગ થયો હોવાની શંકા છે. PoK માં સામાન્ય લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે. દવાઓ અને ખાદ્ય સામગ્રીની પણ અછત થઈ રહી છે. બજારો બંધ થવાથી જનજીવન ઠપ છે. PoK સંકટ પર લંડન અને ન્યૂયોર્ક સુધીમાં પાકિસ્તાન વિરુદ્ધ વિરોધ નોંધાયો.

PoK માં થયેલા કત્લેઆમ વિરુદ્ધ ભારતના કાશ્મીરમાં પાક વિરોધી ગુસ્સો રસ્તાઓ પર જોવા મળ્યો. શુક્રવારે શ્રીનગર સહિત અનેક જગ્યાએ પ્રદર્શનો થયા. પ્રદર્શનકારીઓએ પાકિસ્તાની સેના અને સરકાર વિરુદ્ધ નારા લગાવ્યા. લાલ ચોક પર પાકિસ્તાન મુર્દાબાદ, લોહીયાળ હિંસા બંધ કરો અને નિર્દોષોની હત્યા બંધ કરો જેવા નારા લાગ્યા. માનવાધિકાર કાર્યકર્તા જાવેદ બેગે આરોપ લગાવ્યો કે PoK ને મુસ્લિમોનું કતલખાનું બનાવી દેવામાં આવ્યું છે. નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાએ ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે PoK માં દમન થઈ રહ્યું છે અને ઘણા લોકો માર્યા ગયા છે. ફારૂકે યુએન માનવાધિકાર સમિતિ પાસેથી તપાસની માંગ કરી.

તેમણે કહ્યું, યુએન, ફેક્ટ ફાઈન્ડિંગ મિશન મોકલે. શ્રીનગરના સોનવાર વિસ્તારમાં યુએન ઓફિસની બહાર પ્રદર્શન થયું. પ્રદર્શનકારીઓએ PoK માં થયેલી મોતોની સ્વતંત્ર તપાસ માટે સંયુક્ત રાષ્ટ્રને આવેદનપત્ર સોંપ્યું. ગિલગિટ-બાલ્ટિસ્તાન પછી 27 જુલાઈએ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK) માં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. PoK ની વિધાનસભામાં કુલ 53 બેઠકો છે. આમાંથી 45 બેઠકો પર સીધી ચૂંટણી થાય છે, જ્યારે 8 બેઠકો મહિલાઓ, તકનીકી નિષ્ણાતો અને ધાર્મિક વિદ્વાનો માટે અનામત છે.

# જમીન પર ભમરડાંની જેમ ગોળ-ગોળ ફરતું રહ્યું હેલિકોપ્ટર : 2 ટુકડા થયાં, જમીન અને હેલિકોપ્ટરની વચ્ચે અથડાતો રહ્યો પાયલટ

**ક્વિ, તા.13**

ચીનમાં હેલિકોપ્ટર ક્રેશનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં એક હેલિકોપ્ટર ખેતરમાં ક્રેશ થઈને બે ટુકડામાં તૂટી ગયું, તેમ છતાં તેના રોટર બ્લેડ તેજ ગતિએ ઘણી વાર સુધી ફરતા રહ્યા.



કોકપિટની અંદર ફસાયેલા પાયલટ અને તેનો સાથી આમતેમ ઝટકા ખાતા રહ્યા. એક પાયલટ તો હેલિકોપ્ટરના દરવાજામાંથી અડધો બહાર લટકેલો હતો. તે ઘણી વાર જમીન અને હેલિકોપ્ટરના કિનારા સાથે અથડાયો.

પાસેના રસ્તા પર હાજર લોકો આ બધું જોઈને એકઠા થઈ ગયા, પરંતુ હેલિકોપ્ટરના રોટર બ્લેડ સતત ફરી રહ્યા હતા, તેથી કોઈ પણ તેમની મદદ માટે આગળ વધી શક્યું નહીં.

બંને પાયલટોનો જીવ સીટ બેલ્ટને કારણે બચી ગયો. ધ સનના રિપોર્ટ અનુસાર આ ઘટના ચીનના વુજિન શહેરમાં ગુરુવારે બપોરે 2 વાગ્યે બની હતી. અકસ્માતની જાણ થતાં જ ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી. બંને ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. તેમાંથી એક વ્યક્તિને સારવાર બાદ રજા આપી દેવામાં આવી છે, જ્યારે બીજો હજુ ડોકટરોની દેખરેખ હેઠળ છે. રાહતની વાત એ છે કે કોઈની પણ હાલત જીવલેણ હોવાનું જણાવાયું નથી. હેલિકોપ્ટર દુર્ઘટનાના કારણો શોધવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

આ ઘટના ચીનમાં તાજેતરના કેટલાક વર્ષોમાં સામે આવેલી અનેક વિમાન દુર્ઘટનાઓની શ્રેણીમાં વધુ એક કિસ્સો છે. ગયા વર્ષે એક જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તાંગ ફેઈજીનું લાઈવસ્ટ્રીમ દરમિયાન મૃત્યુ થયું હતું. તેમનું અલ્ટ્રાલાઈટ વિમાન અચાનક આકાશમાંથી નીચે પડી ગયું હતું.

દુર્ઘટનામાં તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. રિપોર્ટ્સ અનુસાર, તે સમયે તેમણે ન તો હેલ્મેટ પહેર્યું હતું અને ન તો પેરાશૂટ. તાંગ ફેઈજી આ પહેલા પણ ટેકનિકલ ખામીને કારણે બે વિમાન દુર્ઘટનાઓમાંથી બચી ગયા હતા, જેમાં એક દુર્ઘટના ઈંધણ માપવાના ઉપકરણમાં ખામીને કારણે થઈ હતી.

# અમેરિકાના ટેક્સાસમાં ગોળીબાર, 1નું મોત : 9થી વધુ ઘાયલ; પોલીસે રોબોટની મદદથી હુમલાખોરને ઠાર કર્યો

**ટેક્સાસ, તા.13**

અમેરિકાના ટેક્સાસ રાજ્યના મિડલેન્ડ શહેરમાં શુક્રવારે સવારે થયેલા ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે અન્ય નવ લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ હુમલાખોરની ઓળખ 45 વર્ષીય વિક્ટર માતા વિયારિયલ તરીકે થઈ છે, જે ઓડેસાનો રહેવાસી હતો. સ્થાનિક સમય અનુસાર સવારે લગભગ 8 વાગ્યે એક ઔદ્યોગિક વિસ્તારમાંથી ગોળીબારની માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. આ પછી શંકાસ્પદ અને પોલીસ વચ્ચે લગભગ બે કલાક સુધી સામ-સામે અથડામણ ચાલુ રહી. બાદમાં અધિકારીઓએ જણાવ્યું કે શંકાસ્પદનું મોત થયું છે. પોલીસના જણાવ્યા અનુસાર વિયારિયલ પહેલેથી જ વોન્ટેડ હતો. તેના પર બે દિવસ પહેલાં એક વાહનનો પીછો કરવાની ઘટના દરમિયાન મિડલેન્ડ પોલીસ અધિકારી પર ઘણી ગોળીઓ ચલાવવાનો આરોપ હતો અને તેની વિરુદ્ધ હત્યાના પ્રયાસનો કેસ નોંધાયો હતો. ઘાયલોને મિડલેન્ડ મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં સુરક્ષા કારણોસર ઈમરજન્સી વિભાગને લોકડાઉન કરવામાં આવ્યો. હોસ્પિટલે જણાવ્યું કે ચાર ઘાયલોની સર્જરી કરવામાં આવી, જ્યારે અન્ય પાંચની હાલત



સ્થિર છે. બાદમાં પાંચ લોકોને હોસ્પિટલમાંથી રજા પણ આપી દેવામાં આવી. ઘટના બાદ એફબીઆઈની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી અને તપાસમાં સ્થાનિક પોલીસને મદદ કરી. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર ગોળીબાર દરમિયાન ઓછામાં ઓછા 40 રાઉન્ડ ફાયરિંગના અવાજો સંભળાયા. પોલીસે બખ્તરબંધ વાહન અને રોબોટ પણ તૈનાત કર્યા. ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે ઘટના પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે આ એક નિરર્થક હિંસક ઘટના છે. તેમણે પીડિતો અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને પોલીસની ત્વરિત કાર્યવાહીની પ્રશંસા કરી.

# પીએમ મોદીનો 7મી વખત ફ્રાન્સ પ્રવાસ : G7 સમિટમાં ભાગ લેશે, ટ્રમ્પ સાથે મુલાકાત થઈ શકે છે; પેરિસ પણ જશે

**પેરિસ તા.13**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 13 થી 18 જૂન સુધી ફ્રાન્સ અને સ્લોવાકિયાના પ્રવાસે રહેશે. વડાપ્રધાન બન્યા પછી મોદી 7મી વખત ફ્રાન્સ જઈ રહ્યા છે. 13-14 જૂને નીસ શહેરમાં રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. સાથે જ 'ઈન્ડિયા ઈનોવેટ્સ' કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. 16 જૂને મોદી ફ્રાન્સ પાછા ફરશે. મોદી 17 જૂને G7 સમિટમાં ભાગ લેશે. સમિટમાં વૈશ્વિક અર્થતંત્ર, આંતરરાષ્ટ્રીય સહયોગ, નવી ભાગીદારીઓ અને AI ના મુદ્દા પર ચર્ચા થશે. પીએમ મોદીની ઘણા વર્લ્ડ લીડર્સ સહિત અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે મુલાકાત થઈ શકે છે. ત્યારબાદ મોદી પેરિસ જશે.

બે દિવસ 14 થી 16 જૂન પીએમ સ્લોવાકિયામાં રહેશે. અહીં વડાપ્રધાન રોબર્ટ ફિકો અને રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિની સાથે મુલાકાત કરશે. 1993માં સ્લોવાકિયાના આઝાદ દેશ બન્યા પછી કોઈ ભારતીય પીએમનો



અહીંનો આ પહેલો પ્રવાસ છે. 'ભારત ઈનોવેટ્સ' શિક્ષણ મંત્રાલયની નવી ગ્લોબલ ઈનિશિયેટિવ છે, જેની જાહેરાત વડાપ્રધાન મોદીએ ફેબ્રુઆરી 2026માં ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષના ઉદ્ઘાટન દરમિયાન કરી હતી.

તેનો ઉદ્દેશ્ય ભારતીય સ્ટાર્ટઅપ્સ, IITs, IISc, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓને વૈશ્વિક રોકાણકારો, કંપનીઓ, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સાથે જોડવાનો છે.

આ કાર્યક્રમ 14 થી 16 જૂન સુધી નીસ શહેરમાં પેલેસ ડેસ એક્સપોઝિશન્સ (Palais des Expositions) માં યોજાશે. આ મેગા સમિટનું ઉદ્ઘાટન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન કરશે. G7 એટલે 'ગ્રુપ ઓફ સેવન', દુનિયાના એ 7 દેશોનો સમૂહ છે, જેને દુનિયાના 'આધુનિક અર્થતંત્ર' વાળા દેશો કહેવામાં આવે છે. આ દેશો છે- અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન, જાપાન, ઈટાલી, કેનેડા અને જર્મની.

પહેલા તેનું નામ G-8 હતું. 2014માં રશિયાએ પાડોશી દેશ ક્રિમિયા પર કબજો કરી લીધો તો બાકીના સભ્ય દેશોએ રશિયાને ગ્રુપમાંથી બહાર કરી દીધું. તેનું નામ G7 થઈ ગયું. G7 સમિટ માટે સામાન્ય રીતે ભારતીય વડાપ્રધાનોને બોલાવવામાં આવતા રહ્યા છે. 2004 થી 2014 સુધી વડાપ્રધાન રહેલા મનમોહન સિંહે પાંચ વખત G-8 સમિટમાં ભાગ લીધો હતો.

પીએમ મોદીને પહેલીવાર 2019માં ફ્રાન્સના બિયારિટ્ઝમાં યોજાયેલી સમિટમાં બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ 2020માં અમેરિકાને યજમાની કરવાની હતી, પરંતુ અમેરિકાએ ત્યારે સમિટ રદ કરી દીધી.

આ એક વર્ષને બાદ કરતાં, 2019 થી 2024 સુધી દર વર્ષે પીએમ મોદી G7 સમિટમાં સામેલ થયા. 2021માં તેઓ વર્ચ્યુઅલ માધ્યમથી તેમાં સામેલ થયા.

2022માં જર્મની, 2023માં જાપાન અને 2024માં ઈટાલીમાં યોજાયેલી G7 સમિટમાં સામેલ થયા. 2025માં કેનેડામાં યોજાયેલી સમિટમાં સામેલ થયા.

# પાકિસ્તાનનો દાવો - આગામી 24 કલાકમાં અમેરિકા-ઈરાન વચ્ચે સમજૂતી શક્ય

**વોશિંગ્ટન, તા.13**

પાકિસ્તાનના PM શાહબાઝ શરીફે દાવો કર્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે આગામી 24 કલાકમાં શાંતિ કરાર થઈ શકે છે. તેમણે કહ્યું કે આ પછી બંને દેશો આ કરાર પર ઓનલાઈન હસ્તાક્ષર કરશે અને આવતા અઠવાડિયે ટેકનિકલ સ્તરની વાતચીત થશે.



બીજી તરફ, ઈરાનના મુખ્ય ન્યાયાધીશ ગુલામ-હુસૈન મોહસેની-એજેઈએ કહ્યું છે કે ઈરાનને અમેરિકા પર બિલકુલ ભરોસો નથી. તેમણે કહ્યું કે પાછલા અનુભવોને કારણે આ વિશ્વાસ ખતમ થઈ ગયો છે.

તેમણે દાવો કર્યો કે વર્તમાન સંઘર્ષમાં ઈરાને પોતાના દુશ્મનોને મોટું નુકસાન પહોંચાડ્યું છે અને હુમલાખોરોની તાકાતને નબળી પાડવામાં સફળતા મેળવી છે.

28 ફેબ્રુઆરીએ તત્કાલીન ઈરાની સુપ્રીમ લીડર અલી ખામેનીના મૃત્યુ પછી એક વચગાળાની નેતૃત્વ પરિષદ બનાવવામાં આવી હતી, ગુલામ-હુસૈન મોહસેની-એજેઈ આ પરિષદમાં સામેલ છે. ઈરાન બોલ્યું- સમજૂતીની શરતો અંગે અટકળો ન લગાવો: વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ કહ્યું કે બંને દેશો ડીલની ખૂબ જ નજીક પહોંચી ગયા છે. તેમણે મીડિયાને સમજૂતીની શરતો અંગે અટકળો લગાવવાથી બચવા અપીલ કરી હતી. ઈરાને જીનીવામાં ડીલ સાઈન થવાના અહેવાલોને ફગાવ્યા: તેહરાને જણાવ્યું કે 14 જૂને જીનીવામાં સમજૂતી પર હસ્તાક્ષર થવાના અહેવાલો ખોટા છે, હજુ પ્રક્રિયા પૂર્ણ થઈ નથી.

ભારતે બીજી વખત અમેરિકી રાજદ્વારીને તેડાવ્યા: ભારતે બીજી વખત અમેરિકી રાજદ્વારીને તેડાવીને ભારતીય નાવિકો ધરાવતા જહાજો પર થયેલા હુમલા સામે સખત વિરોધ નોંધાવ્યો હતો.

ટ્રમ્પનો આરોપ- ઈરાને ભારતીય જહાજો પર ડ્રોન હુમલો કર્યો: અમેરિકી રાષ્ટ્રપતિએ દાવો કર્યો કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા ભારતીય જહાજોને નિશાન બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેને નિષ્ફળ બનાવી દેવાયો છે.

# તેરી દુનિયા બદલ ગઈ : સામાન્ય નાગરિક હતપ્રભ છે

## ફિનલેન્ડ, કોસ્ટારિકા અને બીજા કેટલાક નાના દેશો આજે એટલી ઊંચાઈ પર પહોંચી ગયા છે કે બ્રિટન અને અમેરિકાએ એની નકલ કરવી પડે છે

અખાતી યુદ્ધ ઈરાક સામેના મોડેલ પર ચાલે છે. તમારી પાસે વિઘાતક શસ્ત્રો છે કે તમે બનાવવાના છો એ યોગ્ય નથી - આવી જમાદારી એ અમેરિકી લશ્કરી વડા મથક પેન્ટાગોનની જુની જમાદારી છે. હાલ ચાલતા અખાતી યુદ્ધ વિશે વિદ્વાનોએ ઈરાક વખતે જ આગાહી કરી હતી. હજુ આ જ મોડેલ પર અમેરિકા ઉત્તર કોરિયા સામે પણ જંગ છેડશે. કિમ જોંગ ઉન આંતર કલહમાં નબળા પડે એની યુએસ રાહ જુએ છે. આજનું યુક્રેન યુદ્ધ અને નજીકના ભવિષ્યનું તાઈવાન યુદ્ધ ભૌગોલિક સામ્રાજ્યવાદના મોડેલ છે. બીજી તરફ કૃત્રિમ બુદ્ધિમત્તાએ બ્લેકહોલના તોફાનો જેવી ધમાલ મચાવી છે ને એનો વાઘછલાંગ વિકાસ ઘણું ગળી જશે. એનાથી આવી રહેલા પરિવર્તનોમાં લાખો લોકોના ચૂલા ઠરવા લાગ્યા છે. એઆઈને સમજતા આમજનને હજુ એક દસકો જોઈશે.

ચાર-પાંચ વરસમાં આખી દુનિયા બદલાઈ જવાની છે. અત્યારે બદલાઈ જ ગઈ છે પણ એ ન સમજી શકતા લોકો જિંદગી ગુમાવી રહ્યા છે. બધા પરિવર્તનો તબક્કાવાર નથી હોતા. કેટલાક આંચકા સાથે પણ આવે છે. કોરોના એક વાયરસ હતો પણ એની પ્રચંડ વ્યાપ્તિથી લાગેલો આંચકો અનેક ફેરફારની નવી નોબત બની. ઘણી વાર સાવ સીધી સાદી વાત સમજતા આપણને દાયકાઓ લાગે છે. કોરોના સામે લડવાના નિયમો સાવ સાદા જ હતા પણ એ સમજવામાં કે ગળે ઉતારવામાં માણસજાત ભયંકર ગોથા ખાતી હતી. ન સમજવાના સહુ પાસે પોતપોતાના કારણો હતા. પણ એનો કોઈ અર્થ નથી. ન સમજનારાઓએ સજા ભોગવવી પડે છે.

જગત આખું શિસ્તની નવી સંહિતા પર આવી પહોંચ્યું છે. દુનિયાભરનાં દેશોમાં અત્યારે નવી સન્ક્રાન્તિ ચાલે છે. આ કંઈ બહુ લાંબો સમય ચાલવાની નથી. આવનારા દસ જ વર્ષમાં દુનિયા બે ભાગમાં વહેંચાઈ જશે. એક ભાગમાં માત્ર પુરાતન મૂલ્યોને પકડીને બેઠેલી પછાત પ્રજાઓથી દુઃખી થતા દેશો હશે અને બીજા ભાગમાં માત્ર ડેટા, ટેકનોલોજી અને સંશોધનો પર આધારિત પ્રકૃતિપ્રિય પ્રજા હશે. સતત ઉપરા ઉપરી પરિવર્તનોથી સામાન્ય નાગરિક ડઘાઈ ગયેલો છે.

આ બે ભાગમાંથી કયા દેશે કઈ દિશામાં જવું તે તેના સત્તાધારીઓને બદલે તેમની પ્રજા જ નક્કી કરશે. ભારત પણ થોડા સમયમાં એવા ત્રિભેટે આવીને ઊભો રહેશે કે તેણે પણ નક્કી કરવાનું રહેશે કે બે ભાગમાં વહેંચાઈ જનારી દુનિયામાં એ કેટલી હદ સુધી પુરાતન રહેવા ચાહે છે અને કઈ રીતે એ ભવિષ્ય તરફ વાઘ છલાંગ લગાવી શકે છે કે નહીં ? ફિનલેન્ડ, કોસ્ટારિકા અને બીજા કેટલાક નાના દેશો આજે એટલી ઊંચાઈ પર પહોંચી ગયા છે કે બ્રિટન અને અમેરિકાએ એની નકલ કરવી પડે છે.



જે રીતે જર્મનીએ મિકેનિકલ એન્જિનિયરિંગમાં વિશ્વભર પર પોતાનો વિજય ધ્વજ લહેરાવ્યો અને સોફ્ટવેરમાં જે રીતે સિલિકોન વેલીએ અમેરિકનોને વિશ્વની મહાન ઈન્ફોટેક સત્તા તરીકે સ્થાપી આપ્યા તે રીતે હવેના યુગમાં કુદરતી સંસાધનોની બાબતોમાં જે દેશ સર્વોચ્ચ સ્થાને હશે તેનું જ પ્રભુત્વ વિશ્વભરમાં સ્થપાશે. ડેટા બહુ મોટો શબ્દ છે અને ડેટા એનાલિસિસ એના કરતા પણ મોટો શબ્દ છે. આપણે ત્યાં છેલ્લા કેટલાક સમયથી જ્ઞાતિ, જાતિ અને ધર્મના એનાલિસિસ ચાલે છે. જ્યારે દુનિયામાં વિકાસના એન્જિન તરીકે જરૂરી એવી નોલેજ બેંક અને ઈન્ફોબેંકનાં એનાલિસિસ ચાલે છે.

સફરમાં આપણે થોડા પાછળ રહી જ ગયા છીએ, પરંતુ હમણાથી ચાલુ થયેલાં રાષ્ટ્રીય વિવાદોએ આપણે બહુ વધારે પાછળ રહી જઈએ એવી સંભાવનાઓ તરફ સંકેત કરેલો છે. સર્વોચ્ચ અદાલતે એમ કહ્યું કે કોઈ પણ કાયદો બંધારણીય છે એ કહેવાનું કામ અમારું નથી. આ અદાલતનો બુનિયાદી અને મૌલિક વિચાર ભારતીય લોકશાહીના પાયામાં આજકાલ જે લુણો લાગ્યો છે તેનું કરેકશન કરવા માટે અને પાયાને નવેસરથી મજબૂત કરવા માટે છે. સર્વોચ્ચ અદાલતની ટકોર એ તરફ છે કે સંસદમાં બહુમતીથી જે કંઈ ખરડાઓ પસાર થાય અને રાષ્ટ્રપતિ સહી પણ કરી દે તો પણ એને બંધારણીય કહેવાનું દુઃસાહસ સર્વોચ્ચ અદાલત કરવા ચાહતી નથી.

પરંતુ કોઈ પણ નવા કાયદાની બુનિયાદને અદાલત તપાસી શકે છે. એટલું જ નહીં પણ એમાં અયોગ્યતા લાગે તો એ કાયદાને, યોગ્ય પ્રક્રિયામાંથી પસાર થયો હોવા છતાં, ઉખાડીને ફેંકી શકે છે. સર્વોચ્ચ અદાલતે આવું કહેવું પડયું એ સ્થિતિ જ દર્શાવે છે કે આ દેશમાં કોઈ પણ સારા હેતુ ધરાવતા કાયદાઓ પણ ઈમ્પોઝ કરી શકાય નહીં કારણ કે સ્વસ્થ લોકશાહીમાં ઈમ્પોઝ કરેલા કાયદાઓ હોતા નથી, લોક ચેતનાને આસાનીથી ગળે ઉતરે એવા નિઃશંક, પારદર્શક અને એકસંપીય રાષ્ટ્રહિત ધરાવતા કાયદાઓ જ માન્ય ઠરી શકે છે.

ભારત એક વિરાટ દેશ તો છે જ પરંતુ ભારતનાં અંતઃકરણમાં એના આત્માસ્વરૂપે જે તત્ત્વ બિરાજે છે તેમાં સર્વના સન્માનની એક અદ્વિતીય પરિભાષા છુપાયેલી છે. કોઈ પણ કાયદાઓ ભારતના આત્માની એ પરિભાષાને છંછેડે નહીં તે જ્યારે કોઈ જ જોવાવાળુ ન હોય ત્યારે સર્વોચ્ચ અદાલત પરોક્ષ રીતે સ્વીકારે છે કે, અમે એ જોઈશું. આ ભારતીય ન્યાય પ્રણાલિકાનો એક શુભ સુયોગ છે. દેશમાં અત્યારે જેમ સૂર્ય અંતરિક્ષમાં, પૃથ્વીના સંદર્ભમાં, પોતાનાં પરિભ્રમણનો માર્ગ બદલે છે એ રીતે ભારતીય પ્રજાનાં માનસમાં પણ દેશનાં ભવિષ્ય અંગેની સન્ક્રાન્તિનો કાળ શરૂ થયેલો છે.

જે રીતે ભૂગોળ કે ખગોળ એક નિશ્ચિત અયનવૃત્ત પર ગતિ બતાવે છે તે રીતે પ્રજામાનસ વર્તન કરતું નથી, પરંતુ પ્રજા વર્તમાન સર્વઘટનાક્રમોનાં પ્રત્યાઘાત અને પ્રતિવર્તન સ્વરૂપે જે વિચારધારા આત્મસાત્ કરે છે, તેના પરથી સમગ્ર દેશનો ભાવિ પથ નિશ્ચિત થાય છે. અગાઉનું પકોડા પ્રકરણ અને હમણાંનું કોકરોચ ચેપ્ટર પ્રજામાનસનું પ્રતિબિંબ છે. શાસકોની સફળતા અને નિષ્ફળતા ક્યારેક મહત્ત્વની હોય છે અને તેઓ એને વધારે પડતું મહત્ત્વ આપે છે. પરંતુ ઈતિહાસ એ વાતની સાક્ષી આપે છે કે નિષ્ફળ જનારા અનેક શાસકોએ પોતાનાં દેશને સાચા રસ્તે પાટે ચડાવેલો છે અને પોતાની સફળતાનો દુરાગ્રહ રાખનારા અનેક શાસકોએ પોતાના જ દેશને ઘોર પતનના માર્ગે ધકેલેલા છે. જ્યાં રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાની વાત આવે છે ત્યાં વિવિધ રાજકીય પક્ષોની આંતરિક હાર-જીત ગૌણ થઈ જવી જોઈએ.

એન્જિનિયરિંગમાં વિશ્વભર પર પોતાનો વિજય ધ્વજ લહેરાવ્યો અને સોફ્ટવેરમાં જે રીતે સિલિકોન વેલીએ અમેરિકનોને વિશ્વની મહાન ઈન્ફોટેક સત્તા તરીકે સ્થાપી આપ્યા તે રીતે હવેના યુગમાં કુદરતી સંસાધનોની બાબતોમાં જે દેશ સર્વોચ્ચ સ્થાને હશે તેનું જ પ્રભુત્વ વિશ્વભરમાં સ્થપાશે. ડેટા બહુ મોટો શબ્દ છે અને ડેટા એનાલિસિસ એના કરતા પણ મોટો શબ્દ છે. આપણે ત્યાં છેલ્લા કેટલાક સમયથી જ્ઞાતિ, જાતિ અને ધર્મના એનાલિસિસ ચાલે છે. જ્યારે દુનિયામાં વિકાસના એન્જિન તરીકે જરૂરી એવી નોલેજ બેંક અને ઈન્ફોબેંકનાં એનાલિસિસ ચાલે છે.

સફરમાં આપણે થોડા પાછળ રહી જ ગયા છીએ, પરંતુ હમણાથી ચાલુ થયેલાં રાષ્ટ્રીય વિવાદોએ આપણે બહુ વધારે પાછળ રહી જઈએ એવી સંભાવનાઓ તરફ સંકેત કરેલો છે. સર્વોચ્ચ અદાલતે એમ કહ્યું કે કોઈ પણ કાયદો બંધારણીય છે એ કહેવાનું કામ અમારું નથી. આ અદાલતનો બુનિયાદી અને મૌલિક વિચાર ભારતીય લોકશાહીના પાયામાં આજકાલ જે લુણો લાગ્યો છે તેનું કરેકશન કરવા માટે અને પાયાને નવેસરથી મજબૂત કરવા માટે છે. સર્વોચ્ચ અદાલતની ટકોર એ તરફ છે કે સંસદમાં બહુમતીથી જે કંઈ ખરડાઓ પસાર થાય અને રાષ્ટ્રપતિ સહી પણ કરી દે તો પણ એને બંધારણીય કહેવાનું દુઃસાહસ સર્વોચ્ચ અદાલત કરવા ચાહતી નથી.

## તંત્રી લેખ

# રશિયા અને અફઘાનિસ્તાન વચ્ચે શસ્ત્રોનો કરાર થતાં પાકિસ્તાન સ્તબ્ધ

તાલિબાન અને રશિયા વચ્ચેના વધેલા સંબંધો હવે લશકરી કરાર સુધી પહોંચતા પાકિસ્તાનની ઉંઘ હરામ થઈ જાય તે સ્વભાવિક છે. પાકિસ્તાન વૈશ્વિક તખ્તા પર બાપડું બિચારૂં બની રહ્યું છે. પકિસ્તાન ત્રાસવાદનું ઉછેર કેન્દ્ર છે તે ભારત જાહેરમાં કહી રહ્યું છે પરંતુ અમેરિકા તેની આળપંપાળ કરી રહ્યું છે. છેલ્લે અખાતી યુધ્ધમાં મધ્યસ્થી બનવાના પ્રયાસમાં બેઠકો પાકિસ્તાનમાં યોજવામાં આવી હતી. ભારતમાં રહેલા પાકિસ્તાની સમર્થકોની લોબીના લોકો ત્યારે પાકિસ્તાનની પ્રશંસા કરતા હતા. પરંતુ પાકિસ્તાનમાં રાખેલી બેઠકો અનિર્ણિત રહેતા પાકિસ્તાન ભોંઠું પડયું હતું.

ભારત પર હુમલો કરવાના અને ઓપરેશન સિંદુરનો બદલો લેવાના સપનાં જોતા પાકિસ્તાનમાં મોઘવારીના પગલે આંતરવિગ્રહ જેવી સ્થિતિ ઉભી થઈ છે. કાશ્મીર સરહદેથી કરાતી ત્રાસવાદી પ્રવૃત્તિમાં વ્યસ્ત પાકિસ્તાન ફાવી શકતું નથી કેમકે ભારતે સરહદે ત્રાસવાદીઓને પકડવાના બદલે તેમને ફૂંકી મારવાની પોલીસી અમલી બનાવી ચૂક્યું છે. છેલ્લા વર્ષમાં અને ઓપરેશન સિંદુર પછી પાકિસ્તાન કાશ્મીર હમારા હૈ વાળું ગાણુ ભૂલી ગયું હોય એમ લાગે છે. બાંગ્લાદેશમાં શરૂ થયેલી અરાજક્તાના ખભે બંદૂક મુકીને પાકિસ્તાન બાંગ્લાદેશની સરહદેથી યુધ્ધનો મોરચો ખોલવાની તૈયારી કરતું હતું. પ.બંગાળની બાંગ્લાદેશ તરફની ખુલ્લી સરહદોનો વ્યૂહાત્મક ઉપયોગ પાકિસ્તાન કરવા માંગતું હતું. પરંતુ પ.બંગાળમાં ભગવો ફરકતો જોઈને પાકિસ્તાને બાંગ્લાદેશની સરહદથી હુમલાનો શેખચલ્લી વિચાર પડતો મુકવો પડયો હતો. ભારત પર બાંગ્લાદેશની સરહદેથી હુમલો કરવાના સપનાં જોતા પાકિસ્તાનના લશ્કરી વડા મુનીરને પહેલો આઘાત ત્યારે લાગ્યો હતો કે જ્યારે પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની સરકાર હારી ગઈ હતી અને તેના સ્થાને ભાજપ સરકારે હવાલો સંભાળતા બાંગ્લાદેશની સરહદેથી હુમલો કરવાના પ્લાન રોળાયાં હતા. મુનીરને બીજો આઘાત અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે જ્યારે રશિયા સાથે હાથ મિલાવ્યા ત્યારે આવ્યો છે. રશિયા સાથે તાલિબાનોના લશ્કરી કરાર થાય તે દર્શાવે છેકે રશિયા તાલિબાનોને શસ્ત્રો પણ આપશે અને તે ચલાવવાની તાલીમ પણ આપશે. પાકિસ્તાનની કમનસીબી એ છે કે બલૂચિસ્તાન સતત લડાઈના મૂડમાં રહે છે. મુનીર કહી ચૂક્યા છેકે બલૂચિસ્તાનના બળવાખોરોને તાલીબાનો ટેકો આપી રહ્યા છે. હવે જ્યારે તાલિબાનોને રશિયા લશ્કરી સહાય કરશે ત્યારે રાજકીય સમિકરણો અનુસાર રશિયા બલૂચિસ્તાનના બળવાખોરોને પણ આડકતરી મદદ કરી રહ્યું હોવાનું કહેવાશે. ભારત પોતાના દેશની સલામતી ને અગ્રીમતા આપી રહ્યું છે ત્યારે સોશ્યલ નેટવર્ક સહીતના તમામ પ્લેટફોર્મ પાકિસ્તાનની કમનસીબી પ્રદર્શીત કરી રહ્યા છે. કહે છે કે નેશનલ સિક્યોરિટી એડવાઈઝર અજીત દોભાલની રશિયા મુલાકાત બાદ રશિયા અફઘાનિસ્તાન પર પ્રેમ વરસાવવા લાગ્યું છે. અમેરિકાએ જ્યારે અફઘાનિસ્તાન છોડયું ત્યારે તેના બગડેલા શસ્ત્રો અને બગડેલા લશ્કરી વાહનો વગેરે સરંજામ અફઘાનિસ્તાનમાં છોડીને ગયા હતા. અફઘાનનું તાલિબાની સૈન્ય હવે રશિયા સાથે કરાયેલા કરાર મુજબ અમેરિકા હવે અફઘાનિસ્તાનમાં પડી રહેલો સરંજામ રીપેર કરવા રશિયાની મદદ લેશે. વૈશ્વિક રાજકારણમાં રશિયા-અફઘાનિસ્તાન વચ્ચેના લશ્કરી કરારથી અનેક દેશોના સૈન્યે પોતાની વ્યૂહ રચના બદલવી પડશે. રશિયા અને અફઘાનિસ્તાન વચ્ચે થયેલા લશ્કરી કરારનો સૌથી વધુ લાભ અફઘાનિસ્તાન ઉઠાવશે. અફઘાનિસ્તાન પાસે ઝનૂન છે પરંતુ યુધ્ધમાં વપરાતા શસ્ત્રોની ટેકનોલોજી નથી. તે ટેકનોલોજી હવે રશિયા પુરી પાડશે. ભારતને ઘેરવા માંગતા પાકિસ્તાનના શાસકો પાસે હવે બહુ વિકલ્પો નથી બચતા. ભારતના શાસકો વારંવાર કહી ચૂક્યા છેકે ઓપરેશન સિંદૂર હજુ ચાલુ છે. પાકિસ્તાન અફઘાનિસ્તાનને કાચું પોચું સમજી બેઠું હતું. પરંતુ અફઘાનિસ્તાન આજે પણ પાકિસ્તાન સરહદે છૂટા છવાયા હુમલા કરે છે. એવીજ રીતે પાકિસ્તાન પણ ભારત સામે હોકાટા-પડકારા સિવાય આગળ વધતું નથી.

ન્યૂ હેલ્થ પ્રિઝર્વેશન ટેક્નોલોજીના નામે આ સંશોધન કરાઈ રહ્યું છે. અહેવાલો પ્રમાણે રશિયાએ બે વર્ષ પહેલાં એટલે કે 2134માં આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. 2030 સુધીમાં અંદાજે 1.75 લાખ લોકોની જિંદગી બચાવવાનું કે તેમને નવજીવન આપવાનું કામ આ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવશે: ગત વર્ષે બેઈજિંગ ખાતે મિલિટરી પરેડમાં પુતિન, જિનપિંગ અને કિમ જોંગ ઉને આ ટેક્નોલોજી અંગે વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. જિનપિંગ અને કિમ જોંગ ઉને પુતિનના પ્રયોગોને સમર્થન પણ આપ્યું હતું. માણસોને સ્વસ્થ રીતે 150 વર્ષ જીવાડવાનો પ્રયાસ કરાઈ રહ્યો હોવાનું અનુમાન. પુતિનની અંગત આગેવાની અને રોકાણમાં જ પ્રયોગો થઈ રહ્યા છે

# ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ દ્વારા રશિયાનો માણસોને અમર કરવાનો અખતરો!

## માનવ અંગોને સમયાંતરે અને સતત બદલતા રહીને તેની યુવાની ટકાવી રાખવા અને ઉંમર વધારવાના પ્રયોગો, પુતિનનું ૨ લાખ કરોડનું રોકાણ




સંશોધકોએ જણાવ્યું કે, આ બાયોટેક્નોલોજી ચાર સ્તરે કામ કરશે. જેનથેરાપી દ્વારા ડીએનએ બદલીને એજિંગ રોકી શકાશે. બાયોપ્રિન્ટિંગ દ્વારા નાના અંગે નવેસરથી બનાવાશે. જેનોટ્રાન્સપ્લાન્ટ દ્વારા મિનિ પિગમાં માનવ અંગોનું સર્જન અને સ્ટોરેજ કરી શકાશે.

યુવાની વિશે કાયમ એવું કહેવાય છે કે, જવાની તો જવાની છે. માણસની યુવાની કાયમ રહેતી નથી. તેને વૃદ્ધાવસ્થા આવે જ છે. સંશોધકો દ્વારા હવે આ વૃદ્ધાવસ્થાને દૂર કરવા અને યુવાની ટકાવી રાખવા માટે સંશોધન કરવામાં આવી રહ્યા છે. માણસને લાંબી ઉંમર આપવા, સ્વસ્થ રાખવા અને અમર બનાવવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ અંગે અનેક દેશોમાં ઘણા વર્ષોથી સંશોધન થઈ રહ્યા છે. તાજેતરમાં રશિયા દ્વારા જે સંશોધન કરાઈ રહ્યું છે તેણે દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. જાણકારોના મતે રશિયાએ ઘડપણને દૂર કરીને યુવાની ટકાવી રાખવાનું અને યુવાની પાછી મેળવવાનું કામ શરૂ કરી દીધું છે. આ પ્રયાસમાં રશિયન સંશોધકો સફળ પણ થયા છે. ઉલ્લેખનીય છે કે, રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન પોતે અંગત રીતે આ પ્રોજેક્ટમાં રસ લઈ રહ્યા છે અને તેણે અબજો ડોલરનું તેમાં રોકાણ કર્યું છે. ન્યૂ હેલ્થ પ્રિઝર્વેશન ટેક્નોલોજીના નામે આ સંશોધન કરાઈ રહ્યું છે. તેમાં અંદાજે ૨૬ અબજ ડોલર એટલે કે સરેરાશ ૨ લાખ કરોડ રૂપિયાથી વધારે ખર્ચ કરવામાં આવશે. અહેવાલો પ્રમાણે રશિયાએ બે વર્ષ પહેલાં એટલે કે ૨૦૨૪માં આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. ૨૦૩૦ સુધીમાં અંદાજે ૧.૭૫ લાખ લોકોની જિંદગી બચાવવાનું કે તેમને નવજીવન આપવાનું કામ આ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પુતિને આ વિશે એક મોઘમ ઉલ્લેખ કર્યો હતો. જાણકારો માને છે કે, પુતિન, જિનપિંગ અને કિમ જોંગ ઉન વચ્ચે થયેલી વાતચીતમાં આ બાબતની જ ચર્ચા કરવામાં આવી હતી. તે સમયે જિનપિંગ અને કિમ જોંગ ઉન દ્વારા આ સંશોધન અને ટેક્નોલોજી અંગે આશ્ચર્ય પણ વ્યક્ત કરવામાં આવ્યું હતું. વાત એવી છે કે, ગત વર્ષે સપ્ટેબરમાં બેઈજિંગ ખાતે બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિના ૮૦ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન ચીને વિશાળ સૈન્ય પરેડનું આયોજન કરીને શક્તિ પ્રદર્શન કર્યું હતું. તેમાં મુખ્ય મહેમાન તરીકે પુતિનને બોલાવાયા હતા. તે ઉપરાંત ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન પણ તેમાં જોડાયા હતા.

જાણકારોના મતે તિયાનમેન સ્ક્વેર ખાતે જ્યારે પરેડનું નિરિક્ષણ કરવા દરમિયાન ત્રણેય વાતો કરતા હતા ત્યારે તેમની વચ્ચે આ ટેક્નોલોજી અંગે વાત થઈ હતી. તે સમયે એક માઈક્રોફોનમાં આ વાત રેકોર્ડ થવા લાગી હતી. પુતિને ત્યારે જિનપિંગને જણાવ્યું હતું કે, જો માનવ અંગોનો સતત ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે તો આપણે ધારીએ તેટલા લાંબા સમય સુધી માણસને જીવતો રાખી શકીએ છીએ અને સ્વસ્થ રાખી શકીએ છીએ. વારંવાર આવું કરવામાં આવે તો માણસ અમર પણ થઈ શકે છે. જિનપિંગે ત્યારે જવાબમાં જણાવ્યું હતું કે, હાલમાં માણસને ૧૫૦ વર્ષ સુધી જીવાડવા માટેના પ્રયોગો થઈ જ રહ્યા છે. અમે તેનું સમર્થન કરીએ છીએ. જો કે, રશિયન પ્રમુખે માણસને અમર કરવાની વાત કરી હતી.

પુતિને આ પ્રોજેક્ટ પોતાની દીકરી મારિયા વારોત્સેવાની આગેવાનીમાં શરૂ કર્યો છે. તે એન્ડોક્રાયોનોલોજિસ્ટ છે અને નેશનલ જેનેટિકલ કાર્યક્રમોની આગેવાની પણ કરે છે. તે ઉપરાંત કુર્ચાતોવ ઈન્સ્ટિટયૂટના પ્રમુખ અને ભૌતિક વિજ્ઞાની મિખાઈલ કોવાલ્યુકનો પણ આ ટીમમાં સમાવેશ કરાયો છે. તેઓ પુતિનના ખૂબ જ જુના અને વિશ્વાસપાત્ર સાથી માનવામાં આવે છે. તેમણે પણ થોડા સમય પહેલાં જણાવ્યું હતું કે, વિજ્ઞાન દ્વારા થોડા જ સમયમાં મનુષ્યોને અનિશ્ચિત કાળ સુધી ખરાબ અંગો બદલવા અને તેને સાજા કરવા માટે સક્ષમ બની જશે. તેમણે એમ પણ દાવો કર્યો હતો કે, મનુષ્યને અમર બનાવવો હાલમાં મુશ્કેલ જણાઈ રહ્યો છે પણ તે અશક્ય નથી. માણસના શરીરના આંતરિક ખરાબ અંગોને સતત બદલીને તેને લાંબા સમય સુધી જીવીત અને સ્વસ્થ રાખી શકાય છે.

મૂળ વાત એવી છે કે, રશિયામાં લોકોની સરેરાશ ઉંમર ઘટી રહી છે. ૨૦૨૪માં રશિયનોની સરેરાશ જિંદગી ૭૩.૪૪ વર્ષ હતી. તેમાં મહિલાઓની જીવનની સરેરાશ ૭૮.૮૮ જ્યારે પુરુષોની માત્ર ૬૮.૨૬ વર્ષ હતી. અમેરિકાની સાથે તેની સરખામણી કરવામાં આવે તો મહિલાઓની સરેરાશ જિંદગી ૮૦ વર્ષથી વધારે જ્યારે પુરુષોની ૭૪ વર્ષથી વધુ છે. રશિયામાં પુરુષોનું સરેરાશ જીવન ઘણું ઓછું છે. પશ્ચિમી દેશોની સરખામણીમાં તો ઘણું ઓછું છે. તેના કારણે જ રશિયાના અધિકારીઓ અને પુતિન ચિંતામાં છે. ઘટતી જનસંખ્યા અને સરેરાશ જીવનને વધારવા માટે અને પુરુષોની જિંદગી વધારવા માટે તેમણે આ પ્રયોગો શરૂ કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ઉંમર વધારવા માટે આ અખતરો બીજે પણ થયો છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં હાર્વર્ડ મેડિકલ સ્કૂલના પ્રોફેસર ડેવિડ સિક્લેરે પણ એન્ટી એજિંગ અંગે સંશોધન કર્યું હતું. તેમણએ વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટમાં જણાવ્યું હતું કે, અમે પહેલી વખત પરિક્ષણ કરવાના છીએ કે વૃદ્ધાવસ્થાને અટકાવીને યુવાનીમાં ફેરવી શકાય છે કે નહીં. તેમનું સંશોધન એપિજેનેટિક પ્રોગ્રામિંગ થેરાપી ઉપર આધારિત હતું. તેઓ ખરાબ કોશિકાઓને યુવાવસ્થામાં જ પૂનઃસ્થાપિત કરીને વધતી ઉંમર અટકાવી દે છે. તેના દ્વારા ઉંમરને રિવર્સ કરી શકાય છે.

રશિયાના અધિકારીઓ દ્વારા જ આ ટેક્નોલોજી અને સંશોધનને પ્રમાણિત કરવામાં આવેલું છે. રશિયાના ઉચ્ચ અધિકારીઓએ તેને ન્યૂ ટેક્નોલોજીઝ ફોર હેલ્થ પ્રિઝર્વેશન નેશનલ પ્રોજેક્ટ નામ આપ્યું છે. આ એક સરકારી કાર્યક્રમ છે. ગત મહિને રશિયાની સરકારે આ મુદ્દે અધિકારિક જાહેરત પણ કરી હતી. જેન થેરાપી દ્વારા વધી ઉંમરને રોકવામાં આવશે અને માણસની ઉંમર રિવર્સ કરવાનો પ્રયાસ થશે. રશિયાના ડેપ્યુટિ સાયન્સ મિનિસ્ટર ડેનિસે પણ આ ટેક્નોલોજીના વખાણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વૃદ્ધાવસ્થા સામેની લડાઈમાં આ એક મોટું હથિયાર સાબિત થશે. તેનાથી સમગ્ર માનવજાતને ફાયદો થશે. સંશોધકોએ જણાવ્યું કે, આ બાયોટેક્નોલોજી ચાર સ્તરે કામ કરશે. રશિયન વૈજ્ઞાનિકોએ જેન થેરાપી વિકસિત કરી છે. જે સેલ્યુલર એજિંગને ધીમી પાડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ થેરાપી ડીએનએના સ્તરે જ વૃદ્ધાવસ્થાને આગળ વધતા રોકવા માટે અસરકારક કામગીરી કરશે. તે ઉપરાંત સંશોધકોએ બાયોપ્રિંટિંગ ટેક્નોલોજી વિકસાવી છે. તેમણે ઉંદરોની થાઈરોડ ગ્રંથી અને અન્ય કેટલાક ચેતાઓને બાયોપ્રિંટિંગ દ્વારા વિકસિત કર્યા છે. તેઓ ૨૦૩૦ સુધીમાં બાયોપ્રિંટ થકી અંગો બનાવીને તેને પ્રત્યારોપિત કરવામાં સફળતા મેળવી લેશે તેવો દાવો કરાઈ રહ્યો છે. તેના દ્વારા માણસમાં ગમે ત્યારે ગમે તે અંગ બદલી શકાશે. તે સિવાય જેનોટ્રાન્સપ્લાન્ટ પદ્ધતિ વિકસાવાઈ છે. મિની પીગમાં માણસોની સારવાર માટેના અંગો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જ્યારે પણ જરૂર પડે ત્યારે આ અંગોને કાઢીને માણસોમાં ટ્રાન્સપ્લાન્ટ કરી શકાશે. તેમાં મિનિ પિગમાં જેનેટિક એડિટિંગ કરવામાં આવ્યું છે. તેના દ્વારા તેનું શરીર માણસોના શરીર સાથે મેચિંગ કરી શકે અને તે અંગોને સાચવી શકે તેવી પદ્ધતિ વિકસાવાઈ છે. તેમાં કિડની, હાર્ટ, લિવર જેવા અંગોનો સમાવેશ થાય છે. ચોથો અને મહત્ત્વનો તબક્કો છે ક્રાયોથેરાપી. તેમાં ખૂબ જ નીચે તાપમાને સારવાર કરવામાં આવે છે. ખાસ કરીને કોઈ પણ ઈજા થાય ત્યારબાદ તે ટિશ્યૂને રાહત આપવા અને સારવાર માટે કે પછી કેન્સર સેલ અથવા તો એબનોર્મલ ટિશ્યૂને પ્રીઝ કરવા માટે જે તાપમાન જોઈએ તે તાપમાન રાખવામાં આવે છે. તેના દ્વારા રોગના ટિશ્યૂનો નાશ કરાશે અને ખોડ ખાપણને દૂર કરી શકાશે.

આંતરરાષ્ટ્રીય સ્તરે આ સંશોધનના ઘણા મોટા પ્રત્યાઘાત પડયા છે. ઘણા લોકો અને જાણકારો માની રહ્યા છે કે, રશિયામાં આ પ્રયોગો થવા પાછળ મોટું કારણ પુતિન પોતે જ છે. તેઓ આ પ્રોજેક્ટમાં અંગત રસ લઈ રહ્યા છે કારણ કે તેઓ પોતાનું જીવન સ્વસ્થ બનાવવા અને ઉંમર વધારવા માટે પ્રયાસ કરી રહ્યા છે. તેના કારણે જ તેઓ એન્ટી એજિંગ રિવર્સલ રિસર્ચ કરાવી રહ્યા છે. તેઓ લાંબા સમય સુધી શાસન કરવા માગે છે તેથી આ સંશોધનનો ભાગ બન્યા છે. બીજી તરફ એવો પણ અહેવાલ છે કે, પુતિનના અંગત અને વિશ્વાસુ સાથીઓની ઉંમર પણ વધી ગઈ છે અને તેનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે પણ તેઓ પ્રયાસ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પુતિન પહેલાં આવા નેતા નથી જેમને અસાધારણ વૈજ્ઞાનિક સંશોધનમાં રસ પડયો છે. ૧૯૨૦માં એલેક્ઝાન્ડર ઓગ્દાનોવે પણ રિજુવેનેટિંગ બ્લડ ટ્રાન્સફ્યુઝન કરાવ્યું હતું. તેઓ પોતે જ ૫૫ વર્ષની ઉંમરે પોતાના ઉપર પ્રયોગ કરાવવા દરમિયાન મૃત્યુ પામ્યા હતા.

# નથી જોઈતી દોલત નથી જોઈતું નામ

## બસ એક બોટલ રક્ત બચાવે જાન



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ૧૪મી જૂન૨૦૨૬ને રવિવાર એટલે વિશ્વ રક્તદાન દિવસ આપણે જોઈએ તો

લોહી ન વેચાય,ન ફેક્ટરીમાં બને. એ ફક્ત એક માનવીના હૃદયમાં થી નીકળીને બીજા માનવીના શરીરમાં જીવન બનીને દોડે. દર વર્ષે અકસ્માત, પ્રસૂતિ દરમિયાન થતુંરક્તસ્ત્રાવ,થેલેસેમિયા,કેન્સર હિમોફિલિયા અને મોટા ઓપરેશનના કારણે કરોડો લોકોને રક્તની જરૂર પડે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અંદાજ મુજબ દુનિયામાં દર બે સેકન્ડે કોઈને કોઈને રક્તની જરૂર પડે છે. આ જરૂરિયાત પૂરી કરનારા નિ:સ્વાર્થ સ્વૈચ્છિક રક્તદાતાઓ નો આભાર માનવા અને સમાજ માં સુરક્ષિત રક્તની અવિરત ઉપલબ્ધતા જળવાઈ રહે તે હેતુથી દર વર્ષે ૧૪મી જૂને 'વિશ્વ રક્તદાન દિવસ' ઉજવાય છે.

*ઈતિહાસ અને ૧૪મી જૂનનું મહત્વ વિશ્વ રક્તદાન દિવસની ઉજવણીની શરૂઆત ૨૦૦૪માં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO), ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડક્રોસ અને રેડ ક્રિસેન્ટ સોસાયટીઝ, ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ બ્લડ ડોનર ઓર્ગેનાઈઝેશન અને ઈન્ટર નેશનલ સોસાયટી ઓફ બ્લડ ટ્રાન્સફ્યુઝન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી. ૨૦૦૫માં ૫૮મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં તેને સત્તાવાર વાર્ષિક કાર્યક્રમ તરીકે જાહેર કરવામાં આવ્યો. તમે જણાવ્યું તેમ,૨૦૦૭ના વર્ષથી તેનું વ્યાપક સ્તરે આયોજન શરૂ થયું.

૧૪મી જૂનની પસંદગી પાછળ મહાન વૈજ્ઞાનિક કાર્લ લેન્ડસ્ટે ઈનર છે.૧૪મી જૂન ૧૮૬૮ના રોજ ઓસ્ટ્રિયામાં જન્મેલા લેન્ડસ્ટેઈનરે ૧૯૦૧માં ABO રક્તસમૂહ પ્રણાલી શોધી કાઢી. તેમણે સાબિત કર્યું કે બધા માણસોનું લોહી એકસરખું નથી હોતું. આ શોધ પહેલાં રક્ત ચઢાવવું એ જીવનું જોખમ હતું, કારણ કે ખોટું ગ્રુપ ચઢાવવાથી દર્દીનું મોત થતું. તેમની આ ક્રાંતિકારી શોધ બદલ ઈ. સ. ૧૯૩૦ના વર્ષનું ચિકિત્સાનું નોબેલ પારિતોષિક તેમને એનાયત થયું. તેમની યાદમાં અને વિશ્વને રક્તદાનનું મહત્વ સમજાવવા વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ દિન મનાવવાની પહેલ કરી.*વિશ્વ રક્તદાન દિવસ ૨૦૨૬: થીમ અને સંદેશ દર વર્ષે ડબલ્યુએચઓ એક ખાસ થીમ આપે છે.

વિશ્વ રક્તદાતા દિવસ ૨૦૨૬ની થીમ છે: 'માનવતાનું એક ટીપું' રક્ત આપો જીવન બચાવો આ સંદેશ ભાર મૂકે છે કે દરેક દાન એકતા, કરુણા અને સહિયારી જવાબદારીનું એક શક્તિશાળી કાર્ય છે. એક યુનિટ રક્તદાનથી ત્રણ જિંદગી બચી શકે છે. કારણ કે દાન કરેલા રક્તમાંથી લાલ રક્તકણ, પ્લાઝમા અને પ્લેટલેટ્સ અલગ કરીને જુદા જુદા ત્રણ દર્દીઓને જરૂરિયાત મુજબ આપવામાં આવે છે. થેલેસેમિયાના બાળકને લાલ રક્તકણ, બળેલા દર્દીને પ્લાઝમા અને ડેન્ગ્યુના દર્દીને પ્લેટલેટ્સની જરૂર હોય છે.

*૨૦૨૬ના અભિયાનના મુખ્ય ઉદ્દેશો વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યુએચઓ)ના નેતૃત્વ હેઠળ ૨૦૨૬નું અભિયાન અનેક મુખ્ય ઉદ્દેશો પર ધ્યાન કેન્દ્રિત કરે છે:

*સ્વૈચ્છિક દાનમાં વૃદ્ધિ વિશ્વભરમાં નિયમિત, સ્વૈચ્છિક અને ચૂકવણી ન કરાયેલ રક્ત દાનમાં સતત વૃદ્ધિ ચલાવવી. ડબલ્યુએચઓનું લક્ષ્ય છે કે દરેક દેશની જરૂરિયાતનું ૧૦૦% રક્ત સ્વૈચ્છિક દાતાઓ પાસેથી જ મળે. પૈસા લઈને રક્ત આપનાર વ્યક્તિ ઘણીવાર બીમારી છુપાવે છે, જેથી HIV,હેપેટાઇટિસ જેવા રોગો ફેલાવાનું જોખમ વધે.

*જાગૃતિનો પ્રસાર રક્ત અને પ્લાઝમા દાનની જીવનરક્ષક અસર વિશે જાગૃતિ વધારવી. યુવાનોને ખાસ કરીને 18 વર્ષ પૂર્ણ થાય ત્યારે પહેલું રક્તદાન કરવા પ્રેરિત કરવા.

*નીતિ અને રોકાણ રાષ્ટ્રીય રક્ત કાર્યક્રમોમાં રોકાણ કરવા અને મજબૂત કરવા માટે સરકારો અને આરોગ્ય અધિકારીઓને પ્રોત્સાહિત કરવા.દરેક જિલ્લા માં આધુનિક બ્લડ બેંક, સ્ટોરેજ અને ટેસ્ટિંગની સુવિધા હોવી જરૂરી છે.

*સુરક્ષિત રક્તની ઉપલબ્ધતા રક્તાધાન માટે સુરક્ષિત રક્તની ઉપલબ્ધતા ચાલુ રાખવી એ આ દિવસ ઉજવવાનો સૌથી મહત્વ નો હેતુ છે.ઉનાળા વેકેશન અને તહેવારો દરમિયાન રક્તની ભારે અછત સર્જાય છે.નિયમિત દાતા ઓનું નેટવર્ક આ અછતને પહોંચી વળવા મદદ કરે છે.

*રક્તદાન કોણ કરી શકે? શરતો શું છે? ૧૮ થી ૬૫ વર્ષની વયના, ૪૫ કિલોથી વધુ વજન ધરાવતા હિમોગ્લોબિન ૧૨.૫થી વધુ હોય તેવા સ્વસ્થ સ્ત્રી કે પુરુષ રક્તદાન કરી શકે છે. પુરુષો દર ત્રણ મહિને અને સ્ત્રીઓ દર ચાર મહિને સુરક્ષિત રીતે રક્ત દાન કરી શકે છે. શરદી,તાવ, એન્ટિબાયોટિક ચાલુ હોય, મોટું ઓપરેશન થયું હોય,કે ટેટૂ કરાવ્યાને છ મહિના ન થયા હોય તો દાન ટાળવું જોઈએ.આરોગ્ય વ્યવસાયિક સાથે વાત કરવી હિતાવહ છે.

*ભ્રમ રક્તદાનથી નબળાઈઆવે *હકીકત શરીર ૨૪ કલાકમાં પ્રવાહી અને ૪ થી ૬ અઠવાડિયા માં લાલકણ પાછા બનાવી લે છે

*ભ્રમ એકવાર કરવાથી ટેવ પડી જાય. *હકીકત રક્ત દાનની કોઈ શારીરિક ટેવ પડતી નથી. તે મનની સંતોષની ટેવ છે.

*ભ્રમ વજન વધે છે. *હકીકત રક્તદાનની વજન સાથે કોઈ સીધી લેવાદેવા નથી.

*ભ્રમ દુખાવો ખૂબ થાય. *હકીકત ફક્ત સોય ખૂંચે તેટલો જ દુખાવો થાય, જે ક્ષણિક હોય છે.

રક્તદાન કરવાથી હાર્ટ એટેકનું જોખમ ઘટે છે,શરીરમાં લોહ ત્વનું પ્રમાણ જળવાય છે અને નવા રક્તકણો બનવાથી સ્ફૂર્તિ આવે છે. નિયમિત તપાસ પણ મફતમાં થઈ જાય છે.

*ભારત અને ગુજરાતનો સંદર્ભ ભારતને વર્ષે લગભગ ૧.૫ કરોડ યુનિટ રક્તની જરૂર છે. આપણી પાસે ૭૫% થી૮૦%જ ઉપલબ્ધ થાય છે. ગુજરાત રક્તદાનમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને કોલેજોના યુવાનોના સહયોગથી હજારો કેમ્પ યોજાય છે. છતાં થેલેસેમિયા મેજરના ૧૨૦૦૦થી વધુ બાળકોને દર ૧૫-૨૦ દિવસે રક્તની જરૂર પડે છે. તેમની જિંદગીનો આધાર આપણા નિયમિત દાન પર છે.

*આપણી ભૂમિકા શું? દાતા બનો જો તમે સ્વસ્થ હો તો આજે જ નજીકની બ્લડ બેંકમાં નામ નોંધાવો.

*પ્રેરક બનો તમારા પરિવાર, મિત્રો, ઓફિસમાં લોકોને રક્તદાન માટે પ્રોત્સાહિત કરો.

*આયોજક બનો તમારી સોસાયટી, કોલેજ,કંપનીમાં વર્ષમાં એક વાર રક્તદાન કેમ્પ યોજો.

*જાગૃત નાગરિક બનો વોટ્સ એપ પર આવતી ખોટી માહિતી ને બદલે સાચી માહિતી શેર કરો.

કાર્લ લેન્ડસ્ટેઈનરે રસ્તો બતાવ્યો હવેએ રસ્તે ચાલવાનું કામ આપણું છે. 'માનવતાનું એક ટીપું' રક્ત આપો જીવન બચાવો એ માત્ર સૂત્ર નથી,એ સંકલ્પ છે. એ સંકલ્પ કે કોઈ મા તેના બાળક માટે, કોઈ બાળક તેના પિતા માટે, કોઈ પત્ની તેના પતિ માટે રક્તની બોટલ માટે વલખાં ન મારે. વિશ્વ રક્તદાન દિવસ આપણને યાદ અપાવે છે કે દાનનો સૌથી શ્રેષ્ઠ પ્રકાર 'જીવનદાન' છે. આવો, આ ૧૪મી જૂને સંકલ્પ લઈએ 'રક્તદાનથી જીવન બચાવો'. કારણ કે તમારા ૧૫ મિનિટ કોઈને આખી જિંદગી આપી શકે છે. રક્તનો સંબંધ લોહીના સંબંધથી પણ મોટો છે.

# સંતાનો ને ફન અને ફરજનો પાઠ શીખવતું અણમોલ પાત્ર એટલે પપ્પા!!;

ભારતીય સમાજ સરખામણી કરવાની એક વિચિત્ર ખાસિયત ધરાવે છે, અને અત્યારે આ સમોવડીની માનસિકતા ધરાવતાં સમાજમાં માતા અને પિતા બંનેમાંથી કોણ મહાન? એ પણ ચર્ચાનો વિષય હોય, એમ સૌ પોતપોતાની રીતનાં મનઘડત વિચારો વાળી પોસ્ટ ફોરવર્ડ કરતાં હોય છે. પણ શું કામ કોઈ એકને મહાન આલેખવા જોઈએ? સંતાન માટે એના માતાપિતા બંને જ મહાન છે, અને એની તુલના કોઈ સાથે થઈ શકે નહીં! અને એટલે જ ભારતીય સંસ્કૃતિમાં માતૃ દેવો ભવ: અને પિતૃ દેવો ભવ: કહીં બંનેને ઈશ્વરનો દરજ્જો અપાયો છે. જુન મહિનાના ત્રીજા રવિવારને ફાધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે, તો એ રીતે ફાધર્સ ડે 21 મી એ આવશે. ફાધર્સ એટલે આમ જુઓ તો પરિવારનો મુખિયા!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

વિદેશી સંસ્કૃતિની આ એક અનોખી ભેટ છે,આ દિવસની શરૂઆત અમેરિકામાં સોનોરા સ્માર્ટ ડોડ દ્વારા કરવામાં આવી હતી. તેમના પિતા સિવિલ વોરના પીઢ સૈનિક હતા, જેમણે પત્નીના મૃત્યુ પછી એકલા હાથે સોનોરા અને તેમના પાંચ ભાઈ-બહેનોનો ઉછેર કર્યો હતો. ભારતીય સંસ્કૃતિમાં આવા દિવસો મનાવવાની પરંપરા હતી નહીં, કારણ કે સંયુક્ત કુટુંબોમાં એકબીજા ભાઈચારા અને પ્રેમથી રહેતાં હતાં, ત્યારે તેમનાં જન્મદિવસ, લગ્ન દિવસ, પુણ્યતિથિ, વગેરેને મહત્વ આપી એ દિવસે એ વ્યક્તિ પ્રત્યેનો આદર કરવાની આપણે ત્યાં રીત હતી,અને છે. આ ઉપરાંત વડીલોને રોજ પ્રણામ કરવાની પણ આપણે ત્યાં પ્રથા છે, પ્રણામ કરવા એટલે શું? તે આપણી કરતાં મહાન છે, એવું એક સીધુંસાદું સત્ય સ્વીકારીને તેને નમન કરવું. સંયુક્ત કુટુંબો તૂટતા ગયાં, અને પરિણામે ઘરમાં ઉછરનારા સંતાનો આ સંસ્કારથી વંચિત થતાં ગયાં, અને એને કારણે સંબંધોમાં પણ જોઈએ તેવી લાગણી રહી નહીં, અને એ લાગણીને પ્રદર્શિત કરવાં વર્ષમાં આ રીતે જુદાં જુદાં ડે ઉજવવામાં આવે છે. એક રીતે સારું છે, બાકી સ્ટ્રેસ અને સમયની ઈન્દ્રજાળમા માનવી અટવાતો જાય છે, કે તેને સંબંધનાં સ્વીકારવાનો હવે સમય નથી. ફાધર્સ એટલે કે પિતા, પપ્પા, ડેડી, જેવાં સંબોધનોથી આપણે જેને નવાજીએ છીએ તે ચરિત્ર! લગભગ દરેક બાળક માટે તે જ તેનો આદર્શ હોય છે. જોકે આજકાલ હવે સેલિબ્રિટીઓ આદર્શ બનતાં જાય છે, કે જેનું ચરિત્ર આપણે ફક્ત ઉપરછલ્લું જ જાણીએ છીએ. પિતા, પપ્પા, કે ડેડીને આદર્શ બનાવવાનાં ઘણાં ફાયદા છે, કારણ કે તેનાં જીવનની કિતાબનાં બધાં પાનાં આપણી સમક્ષ ખુલ્લાં હોય છે, અને ત્યાં જરા પણ દંભ કે અભિનય હોતો નથી. કોઈ પિતાને પોતાનાં બાળકને વ્હાલ કરવા માટે અભિનય કરવો પડતો નથી, એ અંદરથી ઉદ્ભવતી લાગણી છે, અને એટલે તો એ અંતિમ ક્ષણ સુધી તેનું હિત ઈચ્છી, એ માટે શિખામણ દેતાં હોય છે. પપ્પા પિતા કે ડેડી એ રિયલ હીરો છે, અને એનાં યોગ્ય સંચાલનને કારણે જ પરિવારનાં દરેક સભ્યની જરૂરિયાત પૂરી થાય છે. આજે તો હવે યુગ બદલાઇ ગયો છે, અને પુરુષની સાથે સાથે સ્ત્રી પણ કમાવા લાગી છે, અને એ રીતે ઘરમાં રૂપિયા પૈસા ક્યાં વાપરવા એ માટે બંને જણા નિર્ણય કરતા હોય છે. પરંતુ પચાસ કે સાઈઠ વર્ષ પહેલાંનો યુગ જુદો હતો, અને એમાં લગભગ દરેક ઘરમાં એક જ વ્યક્તિ કમાવા માટે જતાં હતાં, અને તે પિતા. જે કંઈ કમાણી થાય, તેમાંથી સૌથી ઓછો હિસ્સો પોતાને માટે રાખે, અને અન્ય માટે વાપરે, અને છતાં એક પણ ફરિયાદ ન કરે, એ છે પિતા. આપણી સંસ્કૃતિમાં તો માતા પિતાને દેવનું સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ માતા પોતાની લાગણી વ્યક્ત કરી શકતી હોવાથી, તેનો બાળક સાથે વધુ ગાઢ નાતો સ્વીકારાયો છે. જ્યારે પિતા પુરુષ હોવાથી પ્રમાણમાં પોતાની લાગણી ઓછી વ્યક્તિ કરી શકે છે, અને એ માટે એ પાત્રને થોડો અન્યાય પણ થયો હોય એવું ક્યાંક લાગે. પરંતુ ઘરની મુખ્ય સ્ત્રી એટલે કે માતા એ પોતાના બાળકને એના પિતાનું માન સન્માન કરવું, તેમજ તેની લાગણીઓ પ્રત્યે સજાગ કરવા, અને એની મહત્તા દર્શાવવી જોઈએ. બાળકનાં જન્મથી તેની જરૂરિયાતોનું વગર માંગે ધ્યાન રાખીને ઉંમરના દરેક તબક્કે તેને જોઈતા સાધનો પૂરા પાડનાર ઉત્તમ ચરિત્ર એટલે પિતા! પછી તે શિક્ષણનું ક્ષેત્ર હોય, શોખનું ક્ષેત્ર હોય, બાળકની તમામ મનોકામના પૂરી કરવી એ જ જીવનનું લક્ષ્ય હોય. પરંતુ આજકાલ માતાપિતા બન્ને પોતાના બાળકના સુખ સગવડ પર એટલો બધો ભાર મૂકે છે, કે જેને કારણે બાળક ઘણું બધું શીખવાનું ચૂકી જતો હોય છે. તો શિસ્ત અને સંયમ શીખવે એ પિતા.

આજે પણ હ્રદયની એકદમ નજીક, એવું ચરિત્ર મારાં પપ્પા !,એનો સદાય ગર્વ છે. મારાથી સો ગણાં વધુ વિનમ્ર અને સદ્ આચરણ ધરાવનાર.હું ગુજરાતીમાં જેટલું આલંકારિક લખું છું, એનાથી પણ સુંદર ઈંગ્લીશમાં લખનારા હતાં, કારણકે અંગ્રેજોના સમયમાં તેમનો જન્મ હતો. આઝાદીની ચળવળ આંખે જોઈ હતી,અને એ માટેના આંદોલનની સભા સરઘસનો હિસ્સો પણ બન્યા હતાં. સગાં સંબંધી અમારા હુન્નર જોઈ એમ કહે, મોરનાં ઈંડા ચીતરવાના ન હોય!. સૌ કોઈ માટે એટલી જ કરુણા,અને કાયમ હાથ દેવા માટે જ લંબાયેલો એ વાતે ખરેખર પ્રાઉડ અનુભવ્યું. અમારી માટે પપ્પા જેવું બનવું એ જ કાયમ જીવન લક્ષ્ય , અને છતાંય એ તત્વ હજુ ક્ષિતિજે. સદા આસપાસ ભમતું ઈશ્વર તત્વ, આજે પણ ખાલીપાને ભરનારુ તત્વ. સમયે એમની નજાણે કંઈ કેટલીય પરીક્ષા લીધી પણ હંમેશા પ્રથમ ગુણાંક એ ઉતીર્ણ થનારાં.

પપ્પા મારા હ્રદય આકાશમાં ચમકતો અમર સિતારો, અને દૂર દૂર સુધી દિવ્ય પ્રકાશથી રાહ ચીંધનારા. શું કહું સકલ અસ્તિત્વનો આધાર, અને એ આધાર પર જન્મો કુરબાન કરવાની સદા તીવ્ર ઝંખના, પણ એ કંઈ પણ સેવા લીધાં વગર સ્વાભિમાનથી ચાલ્યા ગયા.બસ આવી જ હોય છે એ સમયના પિતા કે પપ્પા ની કહાની, એટલે તો કહેવાય છે કે માતા પિતા બન્યા વગર એમની ઉત્કૃષ્ટ ભાવના સમજાતી નથી. પપ્પા તમને અને ઈશ્વર બંને માંથી પસંદ કરવાના હોય તો હું તમને જ કરું, તમે જ અમારા દેહને ટટ્ટાર રાખો છો, અરે એમ કહો કે જીવન સ્તંભ છો! ડર કે ભય નામના શબ્દ ને પણ કોસો દૂર રાખનાર અને છતાં આવી પડેલી પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેતા શીખવે,અને સત્યનાં આચરણથી નીડરતા આવે છે, માટે એવું જ આચરણ કરવું જે ડરપોક બનાવે નહીં! વીતેલા વર્ષો યાદ કરું તો અછતમાં છત કરનારા અને કેટકેટલા લાડ બાપરે!! આજે તો એ બધું યાદ આવે છે, અને પેલું ફ્રોક લેવાની જીદ કરી હતી, પણ હવે મેં જીદ કરવાનું છોડી દીધું, કારણ તમે નથી... પપ્પા વિશે કેટલું લખું! સૌ સાથે મૌલિક રહેવું, સૌનો આદર કરવો, જ્ઞાતિ ભેદ મનમાં પણ ન લાવવો,અને એટલું ધન નહોતું છતાં કોઈની મદદ ન થાય તો એ ધન નકામું છે, આંસુ એ ગમે ત્યારે વેડફાય નહિ,એ નબળાઈ નથી, આપણી તાકાત છે, અને ઈશ્વર પાસે પણ માંગવાનો ઈરાદો લઈને ક્યારેય જવું નહીં, મને મારી હેસિયત કરતાં પણ ઘણું આપ્યું, બસ મીઠું રોટલી આપતો રહેજે! એ પરમ સંતોષની શીખ. દરેકે દરેક સંતાન એ પોતાનાં માતાપિતાને મહત્વ આપવું જોઈએ, અને પોતાનાં ઉછેર માટે તેમણે કરેલાં ત્યાગ બલિદાનની મહત્તા સમજી, તેને કાયમ વંદન કરવાં જોઈએ. છતાં સમયનો અભાવ હોય, સાથે રહેતાં હોઈએ નહીં, કે પછી અન્ય કોઈ કારણ હોય, તો આ રીતે તેમનાં જીવનને સ્પેશિયલ બનાવવાનો મોકો વારંવાર મળશે નહીં, એ યાદ રાખી આજે એમનું જીવન વ્યર્થ નથી ગયું, તેઓ પણ કોઈની માટે ખાસ છે! આદર્શ છે! તેવું જતાવી આજે તેમને એક અનોખી ભેટ આપવી. મારે તો આ રીતે, એમને આજે યાદ કરી, અને આત્મસાત કરેલા તેમનાં ગુણો, તથા સંસ્કારોનું વહન કરી, તેમને શ્રદ્ધાંજલિ આપવાની છે!

# અમદાવાદમાં લોક રક્ષક કેડરની લેખિત પરીક્ષા અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેર બહાર પડાયું

**ગાંધીનગર, તા.13**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ. ક્રમાંક.નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/ LRD પરીક્ષા/ ૬૩ /૨૦૨૬. તા. ૧૦/૦૬/૨૦૨૬ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા લોકરક્ષક કેડર માટેની લેખિત પરીક્ષા તા.૧૪/૦૬/૨૦૨૬ ના રોજ સવાર કલાક ૦૯/૩૦ થી કલાક ૧૨/૩૦ વાગ્યા સુધી. અમદાવાદ શહેરના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે. આથી હું જી. એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર: જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફક/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી, અધિક પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

# અમદાવાદ જિલ્લામાં 'સંકલ્પ' હબ દ્વારા બાલિકા પંચાયતની દીકરીઓ માટે વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો



**ગાંધીનગર, તા.13**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાની ટીમ દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. જે અંતર્ગત દસ્ક્રોઈ તાલુકાના કુજાડ ગામ ખાતે દસ્ક્રોઈ સીટી અને ગ્રામ્ય ઘટકમાં આવતા ગામોની બાલિકા પંચાયતની સરપંચ તથા ઉપસરપંચ દીકરીઓ માટે એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ દરમિયાન બાલિકા પંચાયતની સરપંચ અને ઉપસરપંચ દીકરીઓને લોકશાહીની મૂળભૂત પ્રક્રિયા, નેતૃત્વ કૌશલ્ય, તેમના હક્કો અને જવાબદારીઓ વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે જ ગામના સર્વાંગી વિકાસમાં દીકરીઓ પોતાની શું ભૂમિકા ભજવી શકે તે અંગે તેમને માહિતગાર કરાયા હતા. તાલીમ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવી હતી, જેથી દીકરીઓમાં આત્મવિશ્વાસ વધે અને તેમની નિર્ણયક્ષમતા મજબૂત બને. આ કાર્યક્રમ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય બાલિકાઓમાં શિક્ષણ, આરોગ્ય અને સ્વાવલંબન અંગે જાગૃતિ વધારવાનો છે. આ તાલીમ મેળવ્યા બાદ દીકરીઓ પોતાના ગામના વિકાસ કાર્યોમાં વધુ સક્રિય અને સક્ષમ ભૂમિકા ભજવી શકશે તેવો દ્રઢ વિશ્વાસ ટીમ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# અરણેજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ધારાસભ્ય કિરીટસિંહ ડાભીની ઉપસ્થિતિમાં ગૌ સંવર્ધન અને પાણી બચાવવાના સંદેશ સાથે પ્રાકૃતિક ખેતી કાર્યશાળા યોજાઈ

## અરણેજમાં ખેડૂતોને રાસાયણિક ખાતરો છોડી 'ખેત બચાવો અભિયાન'માં જોડાવા કરાઈ અપીલ

**ગાંધીનગર, તા.13**

વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત અરણેજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા એક વિશેષ પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ ધોળકાના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીએ પોતાના આગવા અંદાજમાં સ્થાનિક લોકભાષાનો ઉપયોગ કરીને ખેડૂતો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે ગૌ સંવર્ધન, પાણી બચાવો, વૃક્ષો વાવો-વૃક્ષો બચાવો અને પ્રાકૃતિક કૃષિ અપનાવવા જેવા પાયાના મુદ્દાઓ પર ખાસ ભાર મૂકીને ઉપસ્થિત તમામ ખેડૂતોને આ દિશામાં દઢ સંકલ્પ કરવા જણાવ્યું હતું.

અંતમાં ધારાસભ્યશ્રીએ વર્તમાન સરકાર દ્વારા ખેડૂતોની આર્થિક ઉન્નતિ માટે કરવામાં આવી રહેલી વિવિધ ખેડૂતલક્ષી કામગીરી અને નીતિઓની વિગતવાર વિગતો રજૂ કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો અને ખેડૂતોએ સંયુક્તપણે પ્રાકૃતિક કૃષિના વિવિધ પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈને જરૂરી વિગતો મેળવી હતી. આ સાથે જ પ્રાયોગિક ધોરણે કરાયેલા મધમાખી પાલન અને પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની





પ્રત્યક્ષ મુલાકાત લઈને વૈજ્ઞાનિક પદ્ધતિઓનું જીવંત નિરીક્ષણ કર્યું હતું.

આ અવસરે અમદાવાદ 'આત્મા'ના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી કે. કે. પટેલ દ્વારા હાજર સર્વે ખેડૂતોને જમીનની ફળદ્રુપતા જાળવવા રાસાયણિક ખાતરોનો વપરાશ બિલકુલ ઘટાડી દેવા અને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવીને 'ખેત બચાવો અભિયાન'માં સક્રિયપણે સાથ આપવા માટે અપીલ કરવામાં આવી હતી.

ખેડૂતોના માર્ગદર્શન માટે યોજાયેલા આ સત્રમાં જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી એચ. આઈ. પટેલ દ્વારા સરકારના ખેતીવાડી ખાતાની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને તેના સબસિડીના લાભો વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. સાથોસાથ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા દ્વારા કેન્દ્રની વિવિધ કૃષિલક્ષી પ્રવૃત્તિઓ અને અમદાવાદ જિલ્લાના મુખ્ય પાકોની અદ્યતન જાતો વિશે સચોટ વૈજ્ઞાનિક સમજણ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી સુરજીતસિંહ ગોહીલ, ધોળકા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી દશરથભાઈ મકવાણા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા શ્રી વિરેન્દ્ર પરમાર, બાગાયત વિભાગ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના કર્મચારીઓ તેમજ ખૂબ જ મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી સુરજીતસિંહ ગોહીલ, ધોળકા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી દશરથભાઈ મકવાણા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા શ્રી વિરેન્દ્ર પરમાર, બાગાયત વિભાગ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના કર્મચારીઓ તેમજ ખૂબ જ મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## સ્ટેશન પુનર્વિકાસ, 'ફાટક મુક્ત ગુજરાત' તથા મુસાફર સુવિધાઓના વિસ્તરણ અંગે વ્યાપક ચર્ચા

# અમદાવાદના સર્વાંગી વિકાસ અને રેલવે માળખાકીય સુદૃઢીકરણને લઈને જનપ્રતિનિધિઓ અને રેલવે અધિકારીઓ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક

**અમદાવાદ રેલ્વે, તા.13**

અમદાવાદના સર્વાંગી વિકાસ, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુદ્ઢીકરણ તથા નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી 12 જૂન, 2026ના રોજ અમદાવાદના માનનીય મેયર શ્રી હિતેશ બારોટ, અમદાવાદ પશ્ચિમના માનનીય સાંસદ શ્રી દિનેશ મકવાણા, અમદાવાદ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશ પટેલ તથા દરિયાપુરના માનનીય ધારાસભ્ય શ્રી કૌશિક જૈને મંડળ રેલ પ્રબંધક કચેરી ખાતે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં રેલવે અને અમદાવાદ મહાનગરપાલિકા વચ્ચે વધુ સારા સમન્વય દ્વારા વિવિધ વિકાસલક્ષી અને જનહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

બેઠક દરમિયાન રેલવે અવસંરચનાના સર્વાંગી મજબૂતીકરણ, સ્ટેશન પુનર્વિકાસ યોજનાઓ, લેવલ ક્રોસિંગ નાબૂદી તેમજ 'ફાટક મુક્ત ભારત'ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે રેલવે ઓવરબ્રિજ (ROB) અને રોડ અંડરબ્રિજ (RUB)ના નિર્માણ, નવી રેલલાઈનોના વિસ્તરણ સહિતના અનેક મહત્વપૂર્ણ વિષયો પર ગંભીર અને સાર્થક ચર્ચા કરવામાં આવી. વિસ્તારના ઝડપી શહેરી વિકાસ અને વધતી જતી પરિવહન જરૂરિયાતોને અનુરૂપ આધુનિક, સુરક્ષિત અને નિરંતર રેલ સંપર્ક સુનિશ્ચિત કરવા માટે વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ તથા બહુ-એજન્સી સમન્વયને વધુ મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.



બેઠકમાં માનનીય મેયર શ્રી હિતેશ બારોટે આંબલી રોડ સ્ટેશન આસપાસ આવેલી રેલવે જમીનના યોગ્ય વિકાસ અને તેના વધુ સારા ઉપયોગ અંગે પોતાના સૂચનો રજૂ કર્યા તથા શહેરના ઝડપી વિકાસને ધ્યાનમાં રાખીને આ વિસ્તાર માટે દીર્ઘકાલીન આયોજન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

અમદાવાદ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશ પટેલે મણિનગર સ્થિત રેલવે લેવલ ક્રોસિંગ સંખ્યા-308 પર પ્રસ્તાવિત રેલવે ઓવરબ્રિજ અંગે સ્થાનિક નાગરિકોની અપેક્ષાઓ અને સૂચનો રજૂ કર્યા તથા રેલવે અને અમદાવાદ મહાનગરપાલિકાના સંયુક્ત પ્રયાસોથી આ મહત્વપૂર્ણ યોજનાને ઝડપથી પૂર્ણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

દરિયાપુરના માનનીય ધારાસભ્ય શ્રી કૌશિક જૈને અમદાવાદ સ્ટેશન આસપાસ ઉપલબ્ધ રેલવે જમીનનો એવો વિકાસ કરવાની ભલામણ કરી કે જેના કારણે સ્થાનિક નાગરિકો તથા વ્યાપારિક પ્રવૃત્તિઓને મહત્તમ લાભ મળી શકે. તેમણે પ્રાદેશિક જરૂરિયાતોને અનુરૂપ વિકાસ યોજનાઓને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

અમદાવાદ પશ્ચિમના માનનીય સાંસદ શ્રી દિનેશ મકવાણાએ પોતાના સંસદીય ક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ માળખાકીય તથા જનસુવિધા સંબંધિત મુદ્દાઓ બેઠકમાં રજૂ કરતાં રેલવે યોજનાઓના ઝડપી અમલીકરણ અને નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો. તેમણે ઓમનગર ફાટક ખાતે રોડ અંડરબ્રિજના નિર્માણ કાર્યને પૂર્ણ કરવા માટે દરેક પ્રકારની સહાય આપવાની ખાતરી આપી અને તેને વહેલી તકે પૂર્ણ કરવા જણાવ્યું.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે બેઠક દરમિયાન અસારવા સ્ટેશનના ચમનપુરા તરફ બીજા પ્રવેશદ્વારની સ્થાપના, ચામુંડા બ્રિજ સાથે વધુ સારી જોડાણ વ્યવસ્થા વિકસાવવા તેમજ પ્લેટફોર્મના વિસ્તરણની સંભાવનાઓ અંગે પણ ચર્ચા કરી. આ સંદર્ભમાં ભવિષ્યમાં જરૂરી માળખાકીય વિકાસ દ્વારા તેને દેશના સૌથી લાંબા પ્લેટફોર્મ તરીકે વિકસાવવાની સંભાવનાઓ અંગે પણ વિચારણા કરવામાં આવી.

બેઠક દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે માહિતી આપી કે ભારતીય રેલવેનું સૌથી મોટું 100 લાઈન ધરાવતું કોચિંગ ડિપો વટવામાં વિકસાવવામાં આવશે. ઉપરાંત, ગોરા-ઘૂમા રોડ અંડરબ્રિજ (RUB)ને ટૂંક સમયમાં સામાન્ય જનતા માટે સમર્પિત કરવા અંગે પણ સકારાત્મક ચર્ચા થઈ.

આ પ્રસંગે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અનુ ત્યાગીએ પ્રેઝન્ટેશન દ્વારા અમદાવાદ મંડળની નોંધપાત્ર સિદ્ધિઓ તથા વિવિધ મહત્ત્વાકાંક્ષી યોજનાઓ અંગે જનપ્રતિનિધિઓને માહિતગાર કર્યા. તેમણે જણાવ્યું કે નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન અમદાવાદ મંડળ પશ્ચિમ રેલવેનું શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મંડળ તરીકે ઉભરી આવ્યું છે. મંડળ દ્વારા પશ્ચિમ રેલવેના કુલ માલ લદાણમાં આશરે 49 ટકા અને માલ આવકમાં 48.17 ટકાનો ફાળો આપવામાં આવ્યો છે. ભારતીય રેલવેના તમામ મંડળોમાં અમદાવાદ મંડળ માલ લદાણ ક્ષેત્રે આઠમા તથા માલ આવકમાં સાતમા સ્થાને રહ્યું છે. ત્યારબાદ અમદાવાદ સ્ટેશન પુનર્વિકાસ યોજના, મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ તથા પ્રસ્તાવિત એલિવેટેડ રોડ નેટવર્ક સંબંધિત યોજનાઓ અંગે પણ માહિતી આપવામાં આવી. આ અવસરે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે અમદાવાદ સ્ટેશનનું નવું દક્ષિણ (South) સ્ટેશન ભવન આગામી વર્ષના એપ્રિલ માસ સુધી મુસાફરો માટે કાર્યરત થવાની સંભાવના છે, જેના કારણે સ્ટેશન પર મુસાફર સુવિધાઓમાં વધારો થશે અને સ્ટેશન સુધી સરળ પહોંચ સુનિશ્ચિત થશે.

## મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા

# અસારવા-જયપુર એક્સપ્રેસનો ખાતીપુરા સુધી વિસ્તૃત

**અમદાવાદ રેલ્વે, તા.13**

મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા અસારવા-જયપુર એક્સપ્રેસને ખાતીપુરા સ્ટેશન સુધી વિસ્તૃત કરવામાં આવી રહી છે. વિસ્તૃત સેવાની વિગતો નીચે મુજબ છે : ટ્રેન સંખ્યા 12982, અસારવા- ખાતીપુરા એક્સપ્રેસ તા. 19 જૂન, 2026થી અસારવાથી 19:55 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07:30 વાગ્યે જયપુર સ્ટેશન પહોંચશે તથા 07:40 વાગ્યે પ્રસ્થાન કરશે આ ટ્રેન ગાંધીનગર-જયપુર સ્ટેશન પર 07:51 વાગ્યે આગમન તથા 07:54 વાગ્યે પ્રસ્થાન કરીને 08:25 વાગ્યે ખાતીપુરા પહોંચશે. તે જ રીતે, ટ્રેન સંખ્યા 12981, ખાતીપુરા-અસારવા એક્સપ્રેસ તા. 20 જૂન, 2026થી ખાતીપુરાથી 20:05 વાગ્યે પ્રસ્થાન કરીને, ગાંધીનગર-જયપુર સ્ટેશન પર 20:18 વાગ્યે આગમન અને 20:21 વાગ્યે પ્રસ્થાન કરશે. તથા જયપુર સ્ટેશન પર 20:35 વાગ્યે આગમન અને 20:45 વાગ્યે પ્રસ્થાન કરીને બીજા દિવસે 08:40 વાગ્યે અસારવા પહોંચશે. નોંધ : અસારવા-જયપુર વચ્ચે આ ટ્રેનના સંચાલનમાં કોઈ પરિવર્તન નહી થાય. ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ભોપાલ ATSએ શંકાસ્પદ સ્લીપર સેલ ફરાઝને પકડ્યો: પાકિસ્તાની આતંકવાદીએ ટાર્ગેટ કિલિંગ માટે પસંદ કર્યો હતો

**ભોપાલ, તા.13**

ભોપાલમાં એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) એ દેશ વિરોધી ગતિવિધિઓમાં સામેલ હોવાના શંકાના આધારે એક યુવક (સ્લીપર સેલ) ની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ મોહમ્મદ ફરાજ તરીકે થઈ છે. ATSએ શુક્રવારે સવારે ભોપાલના કાઝી કેમ્પ વિસ્તારમાં નન્હે બીની મસ્જિદ પાસેથી તેની ધરપકડ કરી. તેને જિલ્લા કોર્ટમાં રજૂ કર્યો હતો. આ કેસમાં આરોપી વિરુદ્ધ UAPA અને રાજદ્રોહ સંબંધિત કલમો હેઠળ FIR નોંધવામાં આવી છે. જિલ્લા કોર્ટે તેને 16 જૂન સુધી પોલીસ રિમાન્ડ પર મોકલ્યો છે. તપાસ એજન્સી આરોપીની હિલચાલ, સંપર્કો અને નેટવર્ક અંગે વિગતવાર પૂછપરછ કરશે. ફરાજને ટેલિગ્રામ અને વોટ્સએપ ગ્રુપ પર પાકિસ્તાની હેન્ડલર્સ (આતંકવાદી સંગઠન) દ્વારા જોડવામાં આવ્યો હતો. સમય આવ્યે ટાર્ગેટ કિલિંગ માટે તેને પસંદ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની હેન્ડલર્સે તેને જેહાદી વીડિયો પણ મોકલ્યા હતા. ઓનલાઈન મીટિંગ દ્વારા ઈસ્લામિક કટ્ટરપંથના વિસ્તરણના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ વાતનો ખુલાસો આરોપીએ પૂછપરછમાં કર્યો છે. નઈમ નામના દેવબંદના રહેવાસી મિત્ર દ્વારા ફરાઝ પાકિસ્તાની હેન્ડલર્સના સંપર્કમાં આવ્યો અને જેહાદના શપથ લીધા હતા.

# વિશ્વ રક્તદાન દિવસ નિમિત્તે મહેસાણા રેલવે સ્ટેશન પર રક્તદાન શિબિરનું આયોજન

**નડિયાદ, તા.13**

'વિશ્વ રક્તદાન દિવસ'ના અવસરે આજે મહેસાણા રેલવે સ્ટેશન ખાતે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સરાહનીય પહેલ મહેસાણા રેલવે સ્ટાફના 'રેલવે સેવાર્થ ગ્રુપ' દ્વારા કરવામાં આવી હતી, જેમાં રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ તથા પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO),અમદાવાદની અધ્યક્ષા શ્રીમતી શેફાલી ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. 'રેલવે સેવાર્થ ગ્રુપ'ના આ સેવાકાર્યમાં રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ સામાજિક જવાબદારી નિભાવી કુલ 101 યુનિટ રક્ત એકત્રિત કર્યું. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તમામ રક્તદાતાઓને આ જીવનદાયી યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા અને 'રેલવે સેવાર્થ ગ્રુપ'ની સેવાભાવનાની પ્રશંસા કરી. તેમણે ભવિષ્યમાં પણ આવા સામાજિક કાર્યોને આગળ વધારવાની પ્રેરણા આપી અને રક્તદાનને માનવસેવાનું શ્રેષ્ઠ માધ્યમ ગણાવી દરેક સ્વસ્થ વ્યક્તિને નિયમિત રક્તદાન કરવા અપીલ કરી. WRWWOની અધ્યક્ષા શ્રીમતી શેફાલી ગુપ્તાએ કાર્યક્રમના ઉત્તમ આયોજનની પ્રશંસા કરી. તેમણે મહત્વપૂર્ણ સૂચન કરતાં જણાવ્યું કે અમદાવાદ ડિવિઝનમાં રેલવેનું પોતાનું સમર્પિત 'બ્લડ બેંક' હોવું જોઈએ, જેથી આપત્તિકાળની સ્થિતિમાં રેલવે કર્મચારીઓ તથા સામાન્ય નાગરિકોને તાત્કાલિક મદદ મળી શકે.

# સુપ્રિમ કોર્ટમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂક

સુપ્રિમ કોર્ટમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂક થઈ છે. સીજેઆઈ સૂર્યકાંતની આગેવાનીવાળા કોલેજિયમે હમણા જ પાંચ નામોની ભલામણ રાષ્ટ્રપતિને મોકલી હતી. આ ભલામણોમાં ચાર અલગ અલગ હાઈકોર્ટના ન્યાયાધીશોનો સમાવેશ થાય છે. એક સિનિયર વકીલનું નામ પણ આ યાદીમાં છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મૂએ પણ આ નિમણૂકોને મંજૂરી આપી દીધી છે અને આ સંબંધે પરીપત્ર પણ બહાર પાડયો છે. નિમણૂક પામેલા જજોમાં બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ચંદ્રશેખર, પંજાબ - હરિયાણા હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શીલ નાગુ, મધ્યપ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સંજીવ સચદેવા, જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અરૂણ પલ્લીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સિનિયર વકીલ વી સુભ્રમણી મોહનાના નામ પર પણ મંજૂરીનો સિક્કો લાગી ગયો છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જીત મેળવીને સરકાર બનાવી એ માટે બહારથી બધા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય રક્ષા મંત્રી અમિત શાહની રણનીતિના વખાણ કરી રહ્યા છે. જોકે બંગાળમાં લાંબા સમયથી એન્ટી ઈનકમબન્સી હતી અને હિન્દુ મતદારો ટીએમસીના કાર્યકરો તેમજ નેતાઓથી ખૂબ નારાજ હતા એનો લાભ પણ ભાજપને મળ્યો. જોકે હવે બહાર આવેલી વીગતો પરથી એવું જાણવા મળ્યું છે કે આ જીતના બેકગ્રાઉન્ડમાં આરએસએસના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનિલ આંબેકરની ભૂમિકા પણ મહત્ત્વની રહી છે. સુનિલ આંબેકરે બંગાળમાં સંઘના કાર્યકરોને બંગાળની ઐતિહાસીક પૃષ્ઠભૂમિ વિશે સભાન કર્યા હતા. સંઘના લગભગ દરેક સંઘચાલક અને આરએસએસ પ્રમુખે બંગાળમાં કામ કર્યું છે અને ભારતની આઝાદી પહેલાથી સંઘનું યોગદાન બંગાળમાં રહ્યું હતું. સંઘના સ્થાનિક નેતાઓએ ગ્રાઉન્ડ લેવલ પર પ્રચારનું કામ કરીને ભાજપ માટે ગ્રાઉન્ડ તૈયાર કર્યું હતું.

બિહારના રાજકારણમાં ફરીથી એકવાર રાજકારણ ગરમાયું છે. બિહાર વિધાન પરિષદની ખાલી થનાર વિધાનસભા ક્વોટાની ૯ બેઠકો પર દ્વિવાર્ષિક ચૂંટણી અને ૧ બેઠક પર પેટા ચૂંટણીની તૈયારી ચાલે છે. આ ચૂંટણીની જાહેરાત થતા જ ઉમેદવારો પોતપોતાના ઉમેદવારી પત્રક ભરશે અને એક બીજાને પાડી દેવાનો ખેલ શરૂ થશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૮મી જૂન છે. પરત ખેંચવાની તારીખ ૧૧મી જૂન છે. ૧૮મી જૂને મતદાન થશે અને એજ દીવસે સાંજે પરીણામો જાહેર થશે. ચૂંટણીમાં ધારાસભ્યોના મત નિર્ણાયક રહેશે. ચૂંટણીની તૈયારી વચ્ચે આરજેડી સુપ્રિમો લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહીણી આચર્યએ પોતે ચૂંટણી લડી રહ્યા હોવાના સમાચાર ફગાવી દીધા છે. એમણે સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે 'કેટલાક લોકો હું વિધાન પરિષદની ચૂંટણીની ઉમેદવાર હોવાની અફવા ફેલાવી રહ્યા છે. આવા જૂઠાણાની અસર મારી ઈમેજ પર થશે નહીં.'



૨૦૨૪ - ૨૦૨૫ના કેગ રીપોર્ટએ આસામ સરકારની નાણાકીય અવ્યવસ્થા સાથે જોડાયેલી ગંભીર વાત જાહેર કરી છે. રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ૧૩ કિસ્સાઓમાં કોઈપણ પ્રકારના બજેટ વગર કે પૂર્વનિયોજન વગર ૫૦૯.૫૯ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. બંધારણના આર્ટીકલ ૨૦૪નો આ સરેઆમ ભંગ છે. સરકારે સાર્વજનિક રૂપિયાને ખર્ચતા પહેલા વિધાનસભાની મંજૂરી લેવી આવશ્યક હોય છે. ૫૦૯.૫૯ કરોડ રૂપિયા 'પબ્લિક ડેબ એન્ડ સવર્સિંગ ઓફ ડેબ' હેઠળ ખર્ચ કરવામાં આવ્યા છે. મૂળ બજેટમાં આ ખર્ચ માટે જોગવાઈ કરવામાં આવી નહોતી. કેગના કહેવા પ્રમાણે આ ફક્ત કાગળ પર કરવામાં આવેલી ગરબડ નથી. બંધારણની કલમનું પણ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. પ્રેમાણપત્રો વગર નક્કી કરવું મુશ્કેલ છે કે ગ્રાન્ટની રકમનો જે બાબત માટે ઉપયોગ થવો જોઈતો હતો એ બાબત માટે ઉપયોગ થયો છે કે નહીં.

સ્વપ્નર દાસગુપ્તા એક જમાનામાં અભ્યાસુ પત્રકાર તરીકે જાણીતા હતા. એમનો ઝોક હંમેશા જમણેરી રહ્યો હતો. તેઓ ઘણા વર્ષ પહેલા બંગાળ ભાજપમાં જોડાયા હતા. હવે પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર બની છે ત્યારે સ્વપ્ન દાસગુપ્તાની ધીરજ ફળી છે. પશ્ચિમ બંગાળ સરકારે પહેલા મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું છે. આ મંત્રીમંડળમાં ૩૫ નવા મંત્રીઓએ સોંગદ લીધા હતા. મંત્રીમંડળના વિસ્તાર પછી શુભેંદુ સરકારના મંત્રીઓની સંખ્યા ૪૧ થઈ ગઈ છે. જે નવા મંત્રીઓએ સોંગદ લીધા છે એમાં સ્વપ્ન દાસગુપ્તાનો સમાવેશ પણ થાય છે. સ્વપ્ન દાસગુપ્તાને અગાઉ પદ્મભૂષણ પુરસ્કાર પણ આપવામાં આવ્યો હતો. ૧૯૫૫ની ૩જી ઓક્ટોબરે જન્મેલા બંગાળી વૈદ્ય પરિવારના સ્વપ્નદાસગુપ્તાએ ઘણા પુસ્તકો પણ લખ્યા છે. ૨૦૧૬માં એમની નિમણૂક રાજ્યસભામાં પણ કરવામાં આવી હતી.

ભારત સામે આતંકવાદનો એક નવો અને જોખમી ચહેરો સામે આવી રહ્યો છે. આતંકવાદીઓની નવી સ્ટ્રેટેજી પ્રમાણે આતંકી સંગઠનો દેશમાં સીધો હુમલો કરશે નહીં કે એમા એમની ભાગીદારી પણ નહીં હોય. સુરક્ષા નિષ્ણાતોના કહેવા પ્રમાણે છેલ્લા થોડા દિવસો દરમિયાન આતંકી મોડયુલ બહાર આવી રહ્યા છે એમાં લશ્કર-એ-તૈયબા, અલકાયદા, ઈસ્લામીક સ્ટેટ (આઈએસ) કે જૈસ-એ-મોહમદ જેવા આતંકવાદી સંગઠનો સાથે એમના સંબંધો જોવા મળ્યા નથી. આ નવા મોડયુલ ક્યાં તો આવા સંગઠનોથી પ્રેરિત છે અથવા એમની સાથે કોઈને કોઈ રીતે જોડાયા છે. નિષ્ણાંતોના મત પ્રમાણે પાકિસ્તાને નવી સ્ટ્રેટેજી બનાવી છે કે જેને કારણે આવા સંગઠનો ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ)ની નજરમાંથી બચી શકે. જે સંગઠનો આંતકવાદી જાહેર થયા છે એમના પર વિશ્વ આખાની નજર હોવાથી હવે નવા મોડયુલ બનાવવામાં આવ્યા છે.

દક્ષિણ દિલ્હીના સૈદુલ્લાજાબમાં તૂટી પડેલી ૭ માળના બિલ્ડીંગના કાટમાળ હેઠળ ફક્ત માણસો જ નથી દબાયા, પરંતુ કેટલાય સપના પણ દબાઈ ગયા છે. આ બિલ્ડીંગમાં નાના શહેરો અને ગામડાઓથી આવેલા યુવાનો એમના કુટુંબ સાથે સંઘર્ષ કરીને રહેતા હતા. કોઈ પિતાએ પોતાની પુત્રીને ડોક્ટર બનાવવા જમીન વેચી હતી તો કોઈ મા-બાપએ બેટાને અધિકારી બનાવવા માટે દેવું કર્યું હતું. આ ગેરકાયદેસર મકાન તૂટી પડતા એક સાથે જ ઘણાની જિંદગી બરબાદ થઈ ગઈ છે. દિલ્હીમાં ગેરકાયદેસર બાંધકામો વિરુદ્ધ ઘણી ફરિયાદો થતી રહે છે, પરંતુ દિલ્હીની મ્યુનિસિપલ કોર્પોરેશનના ભ્રષ્ટ અધિકારીઓ કોઈ પગલા લેતા નથી. વધતી વસ્તી અને બીજા રાજ્યોમાંથી સપનું આંખમાં લઈને આવેલા લોકો ઝાંઝી તપાસ કર્યા વગર જ જિંદગીભરની કમાણી ગેરકાયદેસર મકાનોમાં રોકે છે અને છેવટે બરબાદ થાય છે.

# FIFA વર્લ્ડકપ- ઇંગ્લેન્ડ ટીમનો સામાન ચોરાયો : ગાડીમાંથી જ ફૂટબોલ-બૂટ ચોરી ગયા ચોરો ; કેન્સાસ પોલીસે 2 શંકાસ્પદ વ્યક્તિઓને અટકાયતમાં લીધા

**નવી દિલ્હી, તા.13**

FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2026માં ઇંગ્લેન્ડ ફૂટબોલ ટીમનો સામાન ચોરાઈ ગયો. આ ઘટના શુક્રવારે બની. ટીમનો સામાન ફ્લોરિડામાં લાગેલા પ્રી-ટુર્નામેન્ટ કેમ્પમાંથી અમેરિકાના કેન્સાસ સિટી સ્થિત સ્વોપ સોકર વિલેજ લઈ જવામાં આવી રહ્યો હતો. રિપોર્ટ્સ મુજબ, કેન્સાસ સિટી પહોંચ્યા પછી ટીમના વાહનમાંથી સામાન ગાયબ મળ્યો. બ્રિટિશ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ચોરાયેલા સામાનમાં ફૂટબોલ અને ખેલાડીઓના બૂટનો સમાવેશ થાય છે. કેન્સાસ પોલીસે આ મામલે બે શંકાસ્પદ વ્યક્તિઓને કસ્ટડીમાં લીધા છે. મામલાની તપાસ ચાલુ છે. સ્વોપ સોકર વિલેજ કેન્સાસ સિટીમાં સ્થિત એક ફૂટબોલ ટ્રેનિંગ સેન્ટર છે. ઇંગ્લેન્ડ ટીમે વર્લ્ડ કપ 2026 દરમિયાન તેને પોતાના બેઝ કેમ્પ અને ટ્રેનિંગ વેન્યુ તરીકે



પસંદ કર્યું છે.

કેન્સાસ સિટી પોલીસે ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે ટીમના વાહનમાંથી સામાન ગુમ થવા અને સંભવિત ચોરીના કેસની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તપાસ હજુ ચાલુ છે. આ મામલે બે શંકાસ્પદ વ્યક્તિઓને પૂછપરછ માટે કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

ગ્રુપ-Lમાં ઇંગ્લેન્ડનો સમાવેશ, 18 જૂને પ્રથમ મેચ

વર્લ્ડ કપ 2026માં ઇંગ્લેન્ડની ટીમ ગ્રુપ-Lમાં છે. આ ગ્રુપમાં ઇંગ્લેન્ડ સાથે ક્રોએશિયા, ઘાના અને પનામાની ટીમ હાજર છે. ભારતીય સમય અનુસાર ઇંગ્લેન્ડની ટીમ 18 જૂને ક્રોએશિયા સામે મેચ રમીને પોતાના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત કરશે.

9 ખેલાડીઓ મેજર ઇન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ડેબ્યૂ કરશે

થોમસ ટચલના કોચિંગ હેઠળ ઇંગ્લેન્ડની ટીમ નવા લુકમાં જોવા મળી રહી છે. આ 26 સભ્યોની ટીમમાં ઘણા નવા ચહેરાઓને સ્થાન મળ્યું છે. ટીમના 9 ખેલાડીઓ એવા છે, જેઓ પહેલીવાર કોઈ મોટી ઇન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ડેબ્યૂ કરી શકે છે. આ નવા ખેલાડીઓમાં ઇલિયટ એન્ડરસન અને મોર્ગન રોજર્સનો પણ સમાવેશ થાય છે.

બે વાર થઈ ટ્રોફીની ચોરી

તમામ સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં ફૂટબોલ ટ્રોફી બે વાર ચોરાઈ હતી. પહેલીવાર ટ્રોફીની ચોરી વર્ષ 1966માં ઇંગ્લેન્ડમાંથી થઈ હતી. 20 માર્ચ, 1966ની વાત છે. વેસ્ટમિન્સ્ટરમાં આવેલા મેથોડિસ્ટ સેન્ટ્રલ હોલમાં દુર્લભ સ્ટેમ્પ્સનું પ્રદર્શન ચાલી રહ્યું હતું. આ પ્રદર્શનના એક વિભાગમાં 'જૂલ્સ રિમેટ ટ્રોફી' પણ રાખવામાં આવી હતી.

પ્રદર્શનમાં 30 લાખ પાઉન્ડથી વધુના દુર્લભ સ્ટેમ્પ્સ રાખવામાં આવ્યા હતા, પરંતુ ચોરે 30,000 પાઉન્ડની જૂલ્સ રિમેટ ટ્રોફી ચોરી કરી લીધી. તપાસ એજન્સીઓએ પોતાની પૂરી તાકાત લગાવી દીધી, પરંતુ ટ્રોફી મળી નહીં. પાછળથી ટ્રોફી એક ફોનબૂથ પાસે મળી આવી.

1983માં બીજીવાર ચોરાઈ

વર્ષ 1970ના ફૂટબોલ વર્લ્ડ કપમાં બ્રાઝિલ ત્રીજી વખત વર્લ્ડ કપ વિજેતા બન્યું.

પહેલેથી નક્કી થયેલા નિયમ મુજબ, ત્રણ વખત વર્લ્ડ કપ જીતનાર બ્રાઝિલને ટ્રોફી હંમેશા માટે આપી દેવામાં આવી. ટ્રોફીને બ્રાઝિલના શહેર રિયો ડી જેનેરિયોમાં આવેલા બ્રાઝિલ ફૂટબોલ ફેડરેશનના મુખ્યાલયમાં રાખવામાં આવી. વર્ષ 1983માં મુખ્યાલયની અંદરથી જૂલ્સ રિમેટ ટ્રોફી ફરી એકવાર ચોરાઈ ગઈ. આ પછી મૂળ ટ્રોફી ક્યારેય મળી નહીં.

# ફૂટબોલ વર્લ્ડ કપમાં 96 વર્ષ જૂનો ઇતિહાસ રિપીટ : અમેરિકાએ પેરાગ્વેને હરાવ્યું ; કેનેડા અને બોસ્નિયા મેચમાં વિવાદ થયો

**નવી દિલ્હી, તા.13**

ફૂટબોલ વર્લ્ડ કપમાં શનિવારે 96 વર્ષ જૂનો ઇતિહાસ પુનરાવર્તિત થયો. જ્યારે યજમાન અમેરિકાએ ગ્રુપ-D મેચમાં પેરાગ્વેને 4-1થી હરાવ્યું. અમેરિકી ટીમે 1930ની આવૃત્તિમાં પેરાગ્વેને 3-0ના એકતરફી અંતરથી હરાવ્યું હતું. તે મેચમાં બર્ટ પટેનાઉડે ટુર્નામેન્ટના ઇતિહાસની પ્રથમ હેટ્રિક ફટકારી હતી. 32 વર્ષ પછી પોતાની ધરતી પર FIFA વર્લ્ડ કપ રમી રહેલા અમેરિકાએ ચાર ગોલ કર્યા અને ટુર્નામેન્ટમાં પોતાના ઇરાદા સ્પષ્ટ કરી દીધા. આ પહેલો પ્રસંગ છે જ્યારે અમેરિકાએ વર્લ્ડ કપની કોઈ મેચમાં ચાર ગોલ કર્યા હોય. આ મેચ પછી અમેરિકી ટીમ ગ્રુપ-Dમાં પ્રથમ સ્થાને છે. જ્યારે પેરાગ્વે ચોથા સ્થાને પહોંચી ગયું છે. દિવસની અન્ય એક મેચમાં 64મા રેન્કની ટીમ બોસ્નિયા-હર્ઝેગોવિનાએ પોતાનાથી વધુ રેન્કિંગ (30) ધરાવતી કેનેડાને એક-એકના ડ્રો પર રોકી દીધું અને એક પોઇન્ટ શેર કરવા મજબૂર કરી દીધું. અમેરિકાએ આક્રમક શરૂઆત કરી અને ક્રિશ્ચિયન પુલિસિકના પ્રયાસ પર મળેલા આત્મઘાતી



ગોલથી 1-0ની લીડ મેળવી. પછી ફોલારિન બાલોગુને 31મી મિનિટ અને પહેલા હાફના ઇન્જરી ટાઇમમાં ગોલ કરીને સ્કોર 3-0 કર્યો. આ કોઈપણ વર્લ્ડ કપ મેચના પહેલા હાફમાં અમેરિકાની સૌથી મોટી લીડ રહી. ન્યૂયોર્કમાં જન્મેલા અને ઇંગ્લેન્ડમાં ઉછરેલા 24 વર્ષના ફોલારિન બાલોગુને પોતાના વર્લ્ડ કપ ડેબ્યૂમાં બે ગોલ કરીને ઇતિહાસ રચ્યો. તે 1930 પછી વર્લ્ડ કપની એક મેચમાં બે ગોલ કરનાર પ્રથમ અમેરિકન ખેલાડી બન્યો. બીજા હાફમાં પેરુગ્વે માટે મૌરિસિયોએ એક ગોલ કરીને કમબેક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ અમેરિકન ટીમે મેચ પર પકડ જાળવી રાખી. ઇન્જરી ટાઇમના અંતિમ ક્ષણોમાં જિયો રેયનાએ ચોથો ગોલ કરીને જીત પર મહોર મારી દીધી. કો-હોસ્ટ કેનેડાએ ગ્રુપ-બીમાં પોતાના અભિયાનની શરૂઆત ડ્રો સાથે કરી છે. તેને 64મી રેન્કની ટીમ બોસ્નિયા-હર્ઝેગોવિનાએ એક પોઇન્ટ શેર કરવા મજબૂર કરી દીધું.

આ મેચ પછી કેનેડા ગ્રુપ-Bમાં પ્રથમ સ્થાને આવી ગયું છે, જ્યારે બોસ્નિયા બીજા સ્થાને છે. ટોરોન્ટોમાં શુક્રવારે રાત્રે 30મી રેન્કની ટીમ કેનેડા 77 મિનિટ સુધી 0-1થી પાછળ રહી હતી. 76મી મિનિટે મેદાન પર આવેલા સાઈલ લારિને 2 મિનિટની અંદર જ ગોલ કરીને કેનેડાને હોમ ગ્રાઉન્ડ પર વર્લ્ડ કપ ઇતિહાસનો પહેલો પોઇન્ટ અપાવ્યો. આ કેનેડાના વર્લ્ડ કપ ઇતિહાસનો માત્ર બીજો ગોલ હતો. ટીમ 1986ના વર્લ્ડ કપમાં ત્રણેય મેચ હારી ગઈ હતી અને 2022માં પણ ગ્રુપ સ્ટેજથી આગળ વધી શકી ન હતી. હવે કેનેડા પોતાની આગામી ગ્રુપ મેચ 18 જૂને કતાર સામે રમશે, જ્યારે બોસ્નિયા-હર્ઝેગોવિના તે જ દિવસે સ્વિટ્ઝર્લેન્ડ સામે ટકરાશે.

# બાંગ્લાદેશી ક્રિકેટરને પોલીસે રસ્તા પર માર માર્યો : ગળું પકડીને ગાડીમાં બેસાડ્યો, પછી લાકડીથી માર્યો; એરપોર્ટથી ઘરે જઈ રહ્યા હતા નઈમ હસન

**નવી દિલ્હી, તા.13**

બાંગ્લાદેશ ટેસ્ટ ટીમના સ્પિનર નઈમ હસને ચટગાંવ પોલીસ પર મારપીટ અને ગાળો આપવાનો આરોપ લગાવ્યો છે. નઈમનો દાવો છે કે પોલીસકર્મીઓએ તેને ગળું પકડીને ગાડીમાં બેસાડ્યો અને પછી લાકડીથી માર માર્યો. 26 વર્ષના ક્રિકેટરે કહ્યું- મેં અધિકારીઓને મારા નેશનલ ક્રિકેટર હોવાની વાત પણ કહી, પરંતુ તેઓ રોકાયા નહીં. નઈમ ઢાકા પ્રીમિયર લીગમાં પ્રાઈમ બેંક ક્રિકેટ ક્લબ માટે પોતાની છેલ્લી મેચ રમ્યો પછી 12 જૂનની રાત્રે ફ્લાઈટથી ચટગાંવ પહોંચ્યો હતો. તે રાત્રે 11:25 વાગ્યે CNG ઓટોથી ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે લંકન બજાર ફ્લાયઓવર નીચે પોલીસે તેનું



વાહન રોકી લીધું અને મારપીટ કરી. ઢાકા ટ્રિબ્યુન અનુસાર ત્રણ અધિકારીઓને હટાવી દેવામાં આવ્યા છે. નઈમ ઝિમ્બાબ્વે સામેની એકમાત્ર ટેસ્ટ માટે બાંગ્લાદેશની ટેસ્ટ ટીમમાં પસંદગી પામ્યા છે. મેં પોલીસને કહ્યું કે જો જરૂર હોય તો તેની બેગ તપાસી લેવામાં આવે, પરંતુ તેમ છતાં પોલીસકર્મીઓએ તેનું ગળું પકડી લીધું અને તેને બળજબરીથી પોતાની ગાડીમાં બેસાડી દીધો. નઈમનો આરોપ છે કે તેને માર માર્યો અને અપશબ્દો કીધા. મેં તેમને જણાવ્યું કે હું નેશનલ ક્રિકેટર છું અને બાંગ્લાદેશ માટે ટેસ્ટ ક્રિકેટ રમું છું, પરંતુ તેમણે મારી વાત પર ધ્યાન ન આપ્યું. બાદમાં જ્યારે તેમને ફોન પર મારા વિશે માહિતી મળી, ત્યારે જ તેમનો વ્યવહાર બદલાયો.

ચટગાંવ મેટ્રોપોલિટન પોલીસના ડેપ્યુટી કમિશનર અમીરુલ ઇસ્લામે કહ્યું કે ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે અને દોષિત જણાશે તેવા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે પોલીસની છબી અને વ્યાવસાયિક આચરણ સંબંધિત બાબતોમાં વિભાગની ઝીરો ટોલરન્સ નીતિ છે. BCBએ નિષ્પક્ષ તપાસ, દોષિતો સામે કાર્યવાહીની માંગ કરી.

# T20 વર્લ્ડકપ-6 ખેલાડીઓ ભારતને ચેમ્પિયન બનાવી શકે : હરમન સૌથી સફળ કેપ્ટન, દીપ્તિ ટૉપ ઓલરાઉન્ડર, શેફાલીનો સ્ટ્રાઇક રેટ 135ને પાર

**નવી દિલ્હી, તા.13**

વુમન્સ T20 વર્લ્ડ કપમાં ભારતની પહેલી મેચ આવતીકાલે પાકિસ્તાન સામે થશે. ગયા વર્ષે જ વન-ડે વર્લ્ડકપ જીતી ચૂકેલી હરમનપ્રીતની આ ટીમ T20 વર્લ્ડકપની પણ સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવી રહી છે.

આ ટીમમાં અનુભવ, ફોર્મ અને યુવા જોશનું ઉત્તમ મિશ્રણ છે. હરમનપ્રીત T20 ઇન્ટરનેશનલમાં સૌથી સફળ કેપ્ટન છે. સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની વિસ્ફોટક ઓપનિંગ જોડી છે. શેફાલી 135 પ્લસ સ્ટ્રાઇક રેટથી બેટિંગ કરે છે.




દીપ્તિ શર્મા દુનિયાની એકમાત્ર T20 ઓલરાઉન્ડર છે, જેના નામે 1000થી વધુ રન અને 150થી વધુ વિકેટ છે. મિડલ ઓર્ડરમાં જેમિમાહ છે, જે T20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાં 2,700થી વધુ રન બનાવી ચૂકી છે. 23 વર્ષની ક્રાંતિ ગૌડ બોલિંગનો જીવ છે. 29 વર્ષની સ્મૃતિ મંધાના ભારતની સૌથી સફળ T20 ઇન્ટરનેશનલ બેટર્સમાંની એક છે. તેના નામે 4,333 રન છે. તે મેન્સ અને વુમન્સ ક્રિકેટ બંનેમાં ભારત માટે સૌથી વધુ T20 ઇન્ટરનેશનલ રન બનાવનાર ખેલાડી છે. વુમન્સ T20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટર્સની યાદીમાં તે બીજા સ્થાને છે, જ્યારે પ્રથમ સ્થાને ન્યૂઝીલેન્ડની સુઝી બેટ્સ (4720) છે. વાઇસ કેપ્ટન મંધાનાએ જૂન 2025માં ઇંગ્લેન્ડ સામે 112 રનની ઇનિંગ રમીને પોતાની પહેલી T20 ઇન્ટરનેશનલ સદી ફટકારી હતી. પાવરપ્લેમાં ઝડપી શરૂઆત આપવાની અને મોટી ઇનિંગ્સ રમવાની તેની ક્ષમતા ભારતીય ટીમની સૌથી મોટી તાકાતોમાંની એક છે. વુમન્સ વન-ડે વર્લ્ડ કપ 2025માં પણ તે 434 રન બનાવીને ભારતની ટૉપ સ્કોરર રહી હતી. કેપ્ટન હરમનપ્રીત કૌર પાસે મોટી મેચનો અનુભવ છે. મિડલ ઓર્ડરમાં તેની આક્રમક બેટિંગ અને નેતૃત્વ ક્ષમતા ભારત માટે ટુર્નામેન્ટમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. 37 વર્ષીય હરમનપ્રીતના નામે વુમન્સ T20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાં 4,000થી વધુ રન છે અને તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર 103 રન છે. કેપ્ટન તરીકે તેણે 3,145 રન બનાવ્યા છે, જે વુમન્સ T20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ છે. આ યાદીમાં બીજા સ્થાને ચમારી અટાપટ્ટુ (3,131 રન) અને ત્રીજા સ્થાને મેગ લેનિંગ (2,619 રન) છે.

# ₹5000 લઈને કેનેડાથી આવેલી નોરા ફતેહીએ બ્રેડ-ઇંડા ખાઈને દિવસો કાઢ્યા



**મુંબઈ, તા.13**

મુંબઈની ચમક-દમક પાછળ ઠગાઈ, મહેણાં અને સંઘર્ષની લાંબી વાર્તા પણ છુપાયેલી છે. નોરા ફતેહીનું જીવન પણ આવું જ રહ્યું, જ્યાં કામ અપાવવાનું વચન આપીને 20 લાખ રૂપિયાની ઠગાઈ કરવામાં આવી અને ઘણી વાર તેને મફતમાં ગીતો કરવા પડ્યા. "મારી મજાક ઉડાવવામાં આવી, 'દિલબર' જેવા ઘણા ગીતો મફતમાં કરવા પડ્યા" - આ સમયગાળો તેની ઓળખ બનતા પહેલાના સંઘર્ષને દર્શાવે છે. કેનેડાથી મુંબઈ આવેલી નોરાએ વેઈટરથી લઈને ઓડિશન સુધીનો દરેક રસ્તો અપનાવ્યો, પરંતુ હાર ન માની. આ જ સંઘર્ષ આગળ જતાં તેની સ્ટારડમની સૌથી મોટી તાકાત બન્યો. નોરાનો જન્મ એક રૂઢિચુસ્ત મુસ્લિમ પરિવારમાં થયો હતો. ઘરમાં ડાન્સને લઈને સખત વિરોધ હતો, પરંતુ તેનામાં બાળપણથી જ ડાન્સનો જુસ્સો હતો. તેણે ક્યારેય પ્રોફેશનલ ડાન્સ ટ્રેનિંગ લીધી ન હતી. તે અલગ-અલગ ડાન્સ સ્ટાઈલ્સ વીડિયો જોઈને અને સતત પ્રેક્ટિસથી શીખતી રહી. નોરા બાળપણમાં ઘરની અંદર બંધ રૂમમાં છુપાઈને ડાન્સ કરતી હતી. તેને ડર હતો કે પરિવારને ખબર પડી જશે, તો ઠપકો મળશે. એકવાર તેની માતાએ તેને ડાન્સ કરતા જોઈ લીધી, જેના પછી તેને ઠપકો અને સખત પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો. અહીં સુધી કે માતાએ માર પણ માર્યો. વિરોધ છતાં નોરાએ ડાન્સ કરવાનું છોડ્યું નહીં અને પોતાના સપના માટે સતત મહેનત કરતી રહી. પરિવારના વિરોધ અને મુશ્કેલ વાતાવરણ વચ્ચે તેણે અભ્યાસ પૂરો કર્યો અને ત્યારબાદ ભારત આવવાનો નિર્ણય કર્યો. તેનું સપનું એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં નામ કમાવવાનું અને પોતાને ડાન્સર અને પર્ફોર્મર તરીકે સ્થાપિત કરવાનું હતું. નોરા ફતેહી 2014માં બોલિવૂડમાં કરિયર શરૂ કરવા માટે માત્ર 5,000 લઈને મુંબઈ પહોંચી હતી. નોરા કહે છે, 'મને એ પણ ખબર નહોતી કે 1000 ડોલર શું હોય છે. હું એક એપાર્ટમેન્ટમાં નવ છોકરીઓ સાથે રહેતી હતી. ત્યાં હું અવારનવાર વિચારતી હતી કે હું કઈ મુસીબતમાં ફસાઈ ગઈ છું?' નોરાએ જણાવ્યું કે, ભારત આવ્યા પછી સૌથી મોટી ચેલેન્જ ભાષા હતી. હિન્દી ન જાણવાને કારણે ઓડિશનમાં તેને વારંવાર રિજેક્ટ કરવામાં આવતી હતી. ઘણી વાર લોકો તેના ઉચ્ચારણ અને એક્સેન્ટ (લહેકા)ની મજાક ઉડાવતા હતા. જોકે, તેણે હાર ન માની અને સતત પોતાને સુધારવાનો પ્રયાસ કરતી રહી.

# 'ઇશીમા'એ જોડિયા દીકરાઓની પહેલી ઝલક દેખાડી




**મુંબઈ, તા.13**

'ઈશીમા' એટલે કે ટીવી એક્ટ્રેસ દિવ્યાંકા ત્રિપાઠી અને તેના પતિ વિવેક દહિયા તાજેતરમાં જોડિયા દીકરાઓના માતા-પિતા બન્યા છે. મે મહિનામાં દીકરાઓના જન્મ પછી, દિવ્યાંકાએ આજે સોશિયલ મીડિયા પર તેમની પ્રથમ ઝલક શેર કરી છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર બાળકોની એક તસવીર પોસ્ટ કરતા લખ્યું, 'મને પસંદ કરવા બદલ આભાર.' દિવ્યાંકા અને વિવેકના લગ્નના 10 વર્ષ પછી તેમના ઘરે પ્રથમ બાળકોનો જન્મ થયો છે. જોકે, આ તસવીરોમાં તેમણે બંને દીકરાઓનો ચહેરો બતાવ્યો નથી.

દિવ્યાંકા અને વિવેકે ઈન્સ્ટાગ્રામ પર એક સંયુક્ત પોસ્ટ શેર કરીને દીકરાઓના આગમનની જાણકારી આપી હતી. તેણે લખ્યું હતું, 'અમે ભગવાન પાસેથી એક ખુશી માંગી હતી, પણ તેમણે અમને ડબલ આપી દીધી. અમારા ઘરે જોડિયા દીકરાઓનો જન્મ થયો છે.' વિવેક દહિયાએ પોસ્ટમાં લખ્યું કે, 'અમારી લાંબી રાહ હવે પૂરી થઈ ગઈ છે. દીકરાઓ આવી ગયા છે અને જિંદગી પહેલા કરતા વધુ સુંદર લાગી રહી છે. મારા કરણ અર્જુન આવી ગયા.' કપલે માતા-પિતાના આ નવા સફર માટે લોકો પાસેથી આશીર્વાદ માંગ્યા હતા. દિવ્યાંકા ત્રિપાઠી અને વિવેકે માર્ચમાં ચાહકોને ખુશખબર આપી હતી. એક્ટ્રેસે બેબી બમ્પની તસવીરો સાથે લખ્યું હતું કે, '10 વર્ષ પછી વાર્તામાં આવ્યો સૌથી સુંદર ટ્વિસ્ટ. કેટલીક યાત્રાઓ જલ્દી પૂરી કરવા માટે નથી હોતી. તે સાથે-સાથે તૈયાર થવા માટે હોય છે. અને જ્યારે તમને લાગે છે કે તમારી વાર્તા પૂરી થઈ ગઈ છે. ત્યારે જ જિંદગી તેમાં સૌથી સુંદર અધ્યાય ઉમેરી દે છે. હજુ પણ વિશ્વાસ નથી થઈ રહ્યો. કારણ વગર હસી રહ્યા છીએ. હૃદયમાં ફક્ત આભાર અને ખુશી છે. અમે માતા-પિતા બનવાના છીએ.' દિવ્યાંકા ત્રિપાઠી અને વિવેક દહિયાની મુલાકાત ટીવી શો 'યે હૈ મોહબ્બતેં'ના સેટ પર થઈ હતી. બંને શોના મુખ્ય કલાકારો હતા. સાથે કામ કરતાં કરતાં બંને એકબીજાને પસંદ કરવા લાગ્યા અને પછી જાન્યુઆરી 2016માં કપલે સગાઈ કરી. સગાઈના 5 મહિના પછી જુલાઈ 2016માં દિવ્યાંકા અને વિવેકના લગ્ન ભોપાલમાં થયા. દિવ્યાંકા ત્રિપાઠીને ટીવી શો 'બનૂં મૈં તેરી દુલ્હન'થી દેશભરમાં ઓળખ મળી હતી. આ પછી તે 'યે હૈ મોહબ્બતેં'માં જોવા મળી. ટીવી શો ઉપરાંત દિવ્યાંકા ઘણા રિયાલિટી શો, ઘણી વેબ સિરીઝ અને ફિલ્મોનો પણ ભાગ રહી છે.

# 'એમની ડિગ્રીનું શું અથાણું નાખું?' : અનિલ કપૂર મોટી યુનિવર્સિટીઓમાં ભણેલા લોકો પર ભડક્યા



**મુંબઈ, તા.13**

અનિલ કપૂરે 'બિગ બોસ OTT 3' હોસ્ટ કર્યા પછી હવે એક નવા રિયાલિટી શો 'ઇન્ડિયા કે ટોપ 1%'ની જાહેરાત કરી છે. મેકર્સે તાજેતરમાં તેનો પ્રોમો રિલીઝ કર્યો છે, જેમાં અનિલ કપૂર અલગ અંદાજમાં જોવા મળી રહ્યા છે. પ્રોમોમાં અનિલ કપૂર એક મીટિંગમાંથી બહાર નીકળે છે અને ટાઈ ઢીલી કરતા કહે છે, "કોઈપણ મીટિંગમાંથી નીકળો તો દિમાગનું શૉટ થઈ જાય છે. કોઈ હાર્વર્ડથી, કોઈ હાવડાથી છે. એમની ડિગ્રીનું શું અથાણું નાખું? સરળ પ્રશ્નો પૂછો તો રટ્ટુ પોપટની જેમ પુસ્તકમાં ઘૂસી જાય છે." આ પછી અનિલ કપૂર એક વ્યક્તિને તેમનો વીડિયો રેકોર્ડ કરતા જુએ છે અને તેના પર નારાજ થાય છે. પછી તે કહે છે કે એવો શો બનાવવામાં આવશે, જ્યાં માત્ર ડિગ્રી નહીં, પરંતુ દિમાગ ચાલશે અને કોઈ પણ યોગ્ય વ્યક્તિ ભારતના ટોપ 1%માં સામેલ થઈ શકે છે. 'ઇન્ડિયાના ટોપ 1%'નું પ્રીમિયર સ્ટાર પ્લસ અને જિયો હોટસ્ટાર પર કરવામાં આવશે. જોકે, શોની રિલીઝ ડેટની હજુ જાહેરાત કરવામાં આવી નથી. પ્રોમોના અંતમાં અનિલ કપૂર પોતાના ગીત 'માય નેમ ઈઝ લખન' પર ડાન્સ કરતા જોવા મળે છે. આ દરમિયાન એક વ્યક્તિ તેમને કહે છે, "સર, આધાર કાર્ડમાં તો અનિલ કપૂર નામ છે."

# દિલ્હી હાઇકોર્ટે 'કાલા હિરણ'ના મેકર્સને નોટિસ ફટકારી

**એક્ટરના હાથમાં બંદૂક અને બ્લુ બ્રેસલેટ, સલમાનને બદનામ કરવાનું કાવતરું ઘડ્યાનો આક્ષેપ**

**મુંબઈ, તા.13**

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનના બહુચર્ચિત કાળિયાર કેસ પરથી કથિત રીતે પ્રેરિત 'કાલા હિરણ' ફિલ્મ બનાવવામાં આવી છે. શુક્રવારે ફિલ્મનું ફર્સ્ટ લુક રિવીલ કરાયું છે. તેવામાં એક્ટરે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી. હવે હાઈકોર્ટે સલમાન ખાનની અરજી પર નોટિસ જારી કરી છે. અરજીમાં 'કાલા હિરણ'ની રિલીઝ અને પ્રમોશન પર રોક લગાવવાની માંગ કરી હતી. હાઈકોર્ટે પ્રોડ્યુસર અમિત જાની, જાની ફાયરફોક્સ ફિલ્મ્સ, ડિરેક્ટર ભારત શ્રીનેત, અક્ષય પાંડે અને પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અન્ય લોકોને નોટિસ જારી કરવાનો નિર્દેશ આપ્યો. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ સલમાન ખાનની તે અરજી પર પણ વિચાર કર્યો, જેમાં ફિલ્મના રિલીઝ પર વચગાળાનો પ્રતિબંધ લગાવવાની માંગ કરવામાં આવી હતી. કોર્ટને જણાવવામાં આવ્યું કે, ફિલ્મનું ટ્રેલર શુક્રવારે જારી કરી દેવામાં આવ્યું છે, જ્યારે અગાઉ સંકેત આપવામાં આવ્યો હતો કે તેને 20 જૂને રિલીઝ કરવામાં આવશે. આ પછી કોર્ટે કેસની આગામી સુનાવણી 19 જૂન માટે નક્કી કરી હતી. સલમાનની અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ફિલ્મ અને તેનાથી સંબંધિત પ્રમોશનલ કન્ટેન્ટ 1998ના કાળા હરણ શિકાર કેસથી પ્રેરિત અથવા તેના પર આધારિત હોવાનું જણાય છે. યાચિકા અનુસાર, ભલે એક્ટરનું નામ સીધા ઉપયોગમાં લેવાયું ન હોય, પરંતુ પોસ્ટર, પ્રમોશનલ કન્ટેન્ટ અને પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકોના સાર્વજનિક નિવેદનોથી દર્શકો તેને (સલમાનને) સરળતાથી ઓળખી શકે છે. યાચિકામાં 29 મે 2026ના રોજ જાહેર કરાયેલા એક પોસ્ટરનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો. દાવો કરવામાં આવ્યો કે, તેમાં દર્શાવેલું પાત્ર સલમાનને મળતું આવે છે અને તેણે એક્ટરના ઓળખ ચિહ્ન મનાતા વાદળી રંગના બ્રેસલેટ જેવું બ્રેસલેટ પહેર્યું છે. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, પોસ્ટરમાં પાત્રને હથિયાર સાથે દર્શાવવામાં આવ્યું છે, જ્યારે સલમાન આર્મ્સ એક્ટ સંબંધિત કેસમાં નિર્દોષ છૂટી ગયો છે. એક્ટરનું કહેવું છે કે, આનાથી ખોટો સંદેશ જઈ શકે છે. સલમાનના વકીલે એમ પણ દલીલ કરી હતી કે, ફિલ્મની વાર્તા એવા કેસો સાથે સંબંધિત લાગે છે, જે હાલમાં ઉચ્ચ અદાલતોમાં વિચારણા હેઠળ છે. અરજી મુજબ, આવા વિષયો પર આધારિત કન્ટેન્ટનું પ્રમોશન પેન્ડિંગ ન્યાયિક કાર્યવાહીને અસર કરી શકે છે અને નિષ્પક્ષ સુનાવણીના અધિકાર પર અસર કરી શકે છે.



# પાકિસ્તાનમાં પેટ્રોલ 4 અને ડીઝલ 2 રૂપિયા સસ્તું થયું : પેટ્રોલ 373.78 અને હાઈ-સ્પીડ ડીઝલ 378.78 રૂપિયા પ્રતિ લિટર થયું, કિંમતો આજથી લાગુ



મુંબઈ, તા.13

પાકિસ્તાન સરકારે પેટ્રોલની કિંમતમાં 4 રૂપિયા અને હાઈ સ્પીડ ડીઝલ (HSD)ના ભાવમાં 2 રૂપિયાનો ઘટાડો કર્યો છે. તેનાથી અહીં એક લિટર પેટ્રોલની કિંમત 373.78 રૂપિયા (પાકિસ્તાની રૂપિયા) અને ડીઝલની કિંમત 378.78 રૂપિયા પ્રતિ લિટર પર આવી ગઈ છે. નવી કિંમતો આજથી એટલે કે 13 જૂનથી લાગુ થઈ ગઈ છે. પાંચ અઠવાડિયામાં કુલ 41 રૂપિયા પ્રતિ લિટર ભાવ ઘટ્યા

પાંચ અઠવાડિયામાં પેટ્રોલની કિંમત કુલ મળીને 41 રૂપિયા પ્રતિ લિટર ઘટી ગઈ છે. આ પહેલા એટલે કે ગયા અઠવાડિયે પણ સરકારે પેટ્રોલની કિંમતોમાં 4 રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો કર્યો હતો, જોકે તે સમયે હાઈ-સ્પીડ ડીઝલ (HSD)ના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો અને તે 380.78 રૂપિયા પર સ્થિર હતો.

ઈંધણની કિંમતો પર ટેક્સનો ભારે બોજ

પાકિસ્તાન સરકાર પેટ્રોલ પર કુલ 125 રૂપિયા પ્રતિ લિટરનો ટેક્સ વસૂલી રહી છે. આ ટેક્સમાં પેટ્રોલિયમ લેવી, કસ્ટમ ડ્યુટી અને ક્લાઈમેટ લેવી જેવી બાબતોનો સમાવેશ થાય છે.

જ્યારે હાઈ-સ્પીડ ડીઝલ (HSD)ની વાત કરીએ તો તેના પર સરકાર પ્રતિ લિટર આશરે 100 રૂપિયાનો ટેક્સ વસૂલી રહી છે. તેમાં કસ્ટમ ડ્યુટી, પેટ્રોલિયમ લેવી અને ક્લાઈમેટ સપોર્ટ લેવીની સાથે-સાથે ઈનલેન્ડ ફ્રેડ ઈક્વલાઈઝેશન માર્જિન (IFEM) પણ સામેલ છે.

દર અઠવાડિયે શુક્રવાર રાત્રે નક્કી થઈ રહ્યા છે ભાવ

પાકિસ્તાન સરકાર છેલ્લા કેટલાક સમયથી દર અઠવાડિયે શુક્રવારે રાત્રે પેટ્રોલિયમ કિંમતોની સમીક્ષા કરી રહી છે. હકીકતમાં, 28 ફેબ્રુઆરીથી અમેરિકા અને ઈરાન વચ્ચે શરૂ થયેલા યુદ્ધ (જે હાલમાં અટક્યું છે) પછીથી જ પાકિસ્તાનમાં ઈંધણ સંકટ છે. સામાન્ય ગ્રાહકો એક દિવસમાં વધુમાં વધુ 200 લિટર ડીઝલ જ ખરીદી શકશે. આ ડીઝલને ફરીથી વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત, હવે ફેક્ટરીઓ અને કોમર્શિયલ યુઝર્સને રિટેલ આઉટલેટ્સ પરથી ઈંધણ મળશે નહીં. કેન્દ્ર સરકારે 11 જૂન 2026ના રોજ આ અંગે આદેશ જારી કર્યો છે. હવે આ મોટા ગ્રાહકોએ ફક્ત બલ્ક સેલ પોઈન્ટ્સ પરથી જ ઈંધણ ખરીદવું પડશે.

સરકારે આ પગલું દેશના કેટલાક ભાગોમાં રિટેલ પંપો પર અચાનક વધેલી અસામાન્ય વેચાણને ધ્યાનમાં રાખીને લીધું છે. આ પ્રતિબંધ શરૂઆતમાં 90 દિવસ માટે લાગુ કરવામાં આવ્યો છે. સરકારનું કહેવું છે કે આ નિર્ણયથી સામાન્ય ગ્રાહકો માટે ઈંધણની અછત નહીં થાય. સવાલ 1: સરકારે પેટ્રોલ-ડીઝલને લઈને કયો નવો આદેશ જારી કર્યો છે?

જવાબ: પેટ્રોલિયમ મંત્રાલયે 'મોટર સ્પિરિટ એન્ડ હાઈ સ્પીડ ડીઝલ (ટેમ્પરરી રેગ્યુલેશન ઓફ સપ્લાય થ્રુ રીટેલ આઉટલેટ્સ) ઓર્ડર, 2026' જારી કર્યો છે. આ અંતર્ગત હવે કોઈ પણ ફેક્ટરી, કોમર્શિયલ સંસ્થા કે મોટી સંસ્થાઓ સામાન્ય વાહનોવાળા પેટ્રોલ પંપ પરથી ડીઝલ-પેટ્રોલ ખરીદી શકશે નહીં. તેમણે પોતાના કન્ઝ્યુમર પંપ અથવા નિર્ધારિત બલ્ક સપ્લાય ચેનલોમાંથી જ ઈંધણ લેવું પડશે.

સવાલ 2: સામાન્ય ગ્રાહકો અને વાહનો માટે ડીઝલ ખરીદવાની શું મર્યાદા નક્કી કરવામાં આવી?

જવાબ: નવા આદેશ મુજબ, રીટેલ પંપો પર ડીઝલનું વેચાણ હવે ફક્ત વાહનોની ફ્યુઅલ ટાંકીમાં અથવા પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ્સ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન (PESO) દ્વારા મંજૂર કરાયેલા કન્ટેનરોમાં જ કરી શકાશે. આ ઉપરાંત, કોઈ પણ ગ્રાહક કે વાહન એક દિવસમાં વધુમાં વધુ 200 લિટર જ ડીઝલ ખરીદી શકશે. આ ડીઝલને ફરીથી વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

સવાલ 3: સરકારને અચાનક આ પ્રતિબંધ લગાવવાની જરૂર શા માટે પડી?

જવાબ: મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશના કેટલાક ભાગોમાં રિટેલ પેટ્રોલ પંપો પર અચાનક પેટ્રોલ અને ડીઝલનું વેચાણ ખૂબ વધી ગયું હતું. તપાસમાં સામે આવ્યું કે રિટેલ અને બલ્ક કિંમતોમાં મોટો તફાવત હોવાને કારણે ફેક્ટરીઓ અને કોમર્શિયલ યુઝર્સે જથ્થાબંધ તેલ મંગાવવાનું બંધ કરી દીધું.

# ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ- બજારનું એકંદર માળખું હજુ પણ સકારાત્મક : તેજી, મંદી અને અસ્થિરતાના ત્રિવેણી સંગમમાં શેરબજાર

શેરબજાર, તા.13

ગત સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારમાં ભારે અસ્થિરતા વચ્ચે મિશ્ર પરંતુ એકંદરે તેજી તરફી વલણ જોવા મળ્યું. સપ્તાહની શરૂઆત વૈશ્વિક અનિશ્ચિતતા, ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ અને વિદેશી રોકાણકારોની સાવચેત સ્થિતિના કારણે દબાણ સાથે થઈ હતી. જોકે સપ્તાહ આગળ વધતા બેંકિંગ, નાણાકીય સેવાઓ અને પસંદગીયુક્ત મોટી મૂડીવાળા શેરોમાં મજબૂત ખરીદી જોવા મળી. ઉપરના સ્તરે નફાવસૂલી અને નીચેના સ્તરે ખરીદી બંને પ્રવૃત્તિઓ સક્રિય રહી. બજારનું એકંદર માળખું હજુ પણ સકારાત્મક છે, પરંતુ અસ્થિરતા અને વૈશ્વિક જોખમો રોકાણકારોને સાવચેત રહેવાનો સંદેશ આપી રહ્યા છે.



ઈરાન અને અમેરિકા વચ્ચે ફરી રણશિંગું ફૂંકાઈ ગયું હોઈ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ડિલ નહીં કરનારા ઈરાનને કિંમત ચૂકવવી પડશે એવા કરેલા હૂંકાર અને સામે ઈરાને પણ વળતાં પ્રહારમાં અમેરિકી સૈન્ય મથકોને ગલ્ફ દેશોમાં નિશાન બનાવતા મામલો બિચકતાં આજે વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારોમાં ઘટાડાનો દોર આગળ વધ્યો હતો. ક્રુડ ઓઈલના ભાવમાં મજબૂતી સાથે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ફરી નબળો પડવા લાગતાં અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના ફફડાટમાં આઈટી શેરોમાં ફરી પેનીક સેલિંગ નીકળતાં ગાબડાં પડયા હતા.

સપ્તાહના અંતે એક સમયે ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાન પર મોટો હુમલો કરવાની ધમકી આપી આખા વિશ્વની ચિંતા વધારી દીધી હતી પરંતુ ગણતરીના કલાકોમાં જ ટ્રમ્પે ગુલાંટ મારતાં ઈરાન સાથે ડીલ થઈ ગયાની વાત કહેતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. હવે આ અહેવાલની જ અસર શેરબજાર અને કોમોડિટી માર્કેટ સહિત વિશ્વભરના બજારોમાં જોવા મળી રહી છે. બીજી બાજુ બ્રેન્ટ ક્રૂડ જે ગઈકાલે ગુરુવારે 95 ડૉલરના લેવલે પહોંચી ગયો હતો તે આજે ફરી એકવાર 90 ડૉલરથી નીચે આવે જતાં 88.93 ડૉલરના લેવલે ટ્રેડ થઈ રહ્યો છે જે ઓઈલ સંકટ સામે ઝઝૂમતી માટે મોટી રાહતના સમાચાર છે. જ્યારે બીજી બાજુ ડૉલર સામે રૂપિયાની વાત કરીએ તો એ પણ મજબૂત થયો છે. ગઈકાલે એક સમયે 96ની સપાટીની નજીક પહોંચેલો રૂપિયો આજે ફરી એકવાર 95ના લેવલની આજુબાજુ આવી ગયો છે. સેન્સેક્સમાં સપ્તાહ દરમિયાન ભારે વધઘટ જોવા મળી. શરૂઆતના સત્રોમાં વૈશ્વિક નબળાઈના કારણે દબાણ રહ્યું હતું,.સપ્તાહ દરમિયાન અનેક વખત ઉપરના સ્તરે નફાવસૂલી જોવા મળી હતી, છતાં ખરીદદારોનું પ્રભુત્વ યથાવત રહ્યું.

સપ્તાહના અંતે સેન્સેક્સ મહત્વપૂર્ણ આધાર વિસ્તાર ઉપર બંધ રહ્યો, જે બજાર માટે સકારાત્મક સંકેત માનવામાં આવે છે. નિફ્ટી વાયદા બજારમાં શરૂઆતમાં દબાણ જોવા મળ્યું, પરંતુ ત્યારબાદ ટૂંકી વેચવાલી આવરણ અને નવી ખરીદીના કારણે મજબૂત સુધારો નોંધાયો. ટેકનિકલ રીતે ઊંચા તળિયાની રચના હજુ પણ યુથાવત જોવા મળી રહી છે. મહત્વપૂર્ણ આધાર વિસ્તાર નજીક ખરીદદારો સક્રિય રહ્યા, જ્યારે ઉપરના સ્તરે વેચવાલીનું દબાણ પણ સતત જોવા મળ્યું. ટૂંકા ગાળામાં વાયદા બજારમાં સકારાત્મક વલણ યથાવત છે, પરંતુ અસ્થિરતા પણ ઊંચી રહેવાની શક્યતા છે.

# આ અઠવાડિયે સોના-ચાંદીમાં ઘટાડો રહ્યો

## ચાંદીની કિંમત ₹14326 ઘટીને ₹2.43 લાખ પ્રતિ કિલો થઈ, સોનું ₹6438 સસ્તું થઈને ₹1.48 લાખ થયું



નવી દિલ્હી, તા.13

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 6,438 રૂપિયા ઘટીને 1.48 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 6 જૂને 1.54 લાખ રૂપિયા પર હતો. જ્યારે, ચાંદી 2.57 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2.43 લાખ રૂપિયા પર આવી ગઈ છે. એટલે કે તેની કિંમત 14,326 રૂપિયા ઘટી ગઈ. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 28 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીના રોજ 3.86 લાખ રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગઈ હતી. ત્યારથી અત્યાર સુધીમાં 135 દિવસમાં ચાંદી 1.43 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે.

ઘટાડાના મુખ્ય કારણો: મેટલ છોડીને 'કેશ' પર ભરોસો

સામાન્ય રીતે યુદ્ધના માહોલમાં સોના-ચાંદીના ભાવ વધે છે, પરંતુ આ વખતે સ્થિતિ થોડી અલગ છે:

કેશની બચત: મિડલ ઈસ્ટ યુદ્ધના કારણે રોકાણકારો જોખમ લેવા માંગતા નથી. તેઓ પોતાના ગોલ્ડ અને સિલ્વર વેચીને 'કેશ' ભેગી કરી રહ્યા છે જેથી અનિશ્ચિતતાના સમયે તેમની પાસે લિક્વિડ મની રહે.મિડલ ઈસ્ટ યુદ્ધના કારણે રોકાણકારો જોખમ લેવા માંગતા નથી. તેઓ પોતાના ગોલ્ડ અને સિલ્વર વેચીને 'કેશ' ભેગી કરી રહ્યા છે જેથી અનિશ્ચિતતાના સમયે તેમની પાસે લિક્વિડ મની રહે.

પ્રોફિટ બુકિંગ: જાન્યુઆરીમાં કિંમતો રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી, તેથી મોટા રોકાણકારોએ ઊંચા ભાવે પોતાની હોલ્ડિંગ વેચવાનું શરૂ કરી દીધું, જેના કારણે બજારમાં સપ્લાય વધી ગઈ અને કિંમતો ઘટી ગઈ.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

# સરકારી કર્મચારીઓ-પેન્શનર્સ માટે ખુશખબર : 8મા પગાર પંચની શરતોને મંજૂરી, ફિટમેન્ટ ફેક્ટર 3 થવાથી બેઝિક સેલરી 45000 રૂપિયા થઈ જશે

મુંબઈ, તા.13

કેન્દ્ર સરકારે 8મા પગાર પંચના નિયમો અને શરતો એટલે કે ટર્મ્સ ઓફ રેફરન્સ (TOR) ને મંજૂરી આપી દીધી છે. આ પછી, હવે લગભગ 55 લાખ સેવારત કર્મચારીઓ અને 69 લાખ પેન્શનરોના પગાર, પેન્શન અને ભથ્થામાં મોટા ફેરફારોની અપેક્ષા છે. જ્યારે, પંચને તેની ભલામણો સુપરત કરવા માટે 18 મહિનાનો સમય આપવામાં આવ્યો છે.



ફિટમેન્ટ ફેક્ટર શું છે અને તે શા માટે જરૂરી છે?

ફિટમેન્ટ ફેક્ટર એ ગુણાંક એટલે કે મલ્ટિપ્લાયર છે જેનો ઉપયોગ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મૂળ પગારને સુધારવા માટે થાય છે. નવું પગાર માળખું નક્કી કરવામાં તેની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ હોય છે.

7મા પગાર પંચમાં 2.57 નો ફિટમેન્ટ ફેક્ટર લાગુ કરવામાં આવ્યો હતો, જે 2016 થી અમલમાં આવ્યો હતો. આ અંતર્ગત જો કોઈ કર્મચારીનો મૂળ પગાર 15,000 હતો, તો તે વધીને 38,550 થઈ ગયો હતો.

કર્મચારી યુનિયનોની માગ અને નિષ્ણાતોનો અંદાજ

8મા પગાર પંચ માટે કેન્દ્રીય કર્મચારી યુનિયનો અને એસોસિએશનોએ મુખ્યત્વે ફિટમેન્ટ ફેક્ટર વધારવા અને લઘુત્તમ મૂળભૂત પગારમાં મોટો વધારો કરવાની માગ કરી છે. કેટલાક યુનિયનોએ ફિટમેન્ટ ફેક્ટરને 3 થી 5 કે તેથી વધુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જોકે, પેન્શન નિષ્ણાતોનું માનવું છે કે આટલી મોટી માગ નાણાકીય વાસ્તવિકતાઓ સાથે સુસંગત ન હોઈ શકે.

પેન્શન નિષ્ણાતોના મતે, પંચ લઘુત્તમ વેતનની ગણતરી કરવાની રીતમાં ફેરફાર કરી શકે છે. આ માટે પરિવારના વપરાશ એકમો (કન્ઝમ્પશન યુનિટ્સ) ને ત્રણથી વધારીને પાંચ કરી શકાય છે અને ફિટમેન્ટ ફેક્ટરને 2.64 કરવા પર વિચાર કરી શકાય છે.

કર્મચારીઓની ઈનહેન્ડ સેલરી કેટલી વધી શકે છે?

પગારમાં થતો અંતિમ વધારો આ વાત પર નિર્ભર કરશે કે પંચ શું ભલામણ કરે છે અને સરકાર કોને મંજૂરી આપે છે. તેને બે અલગ-અલગ ઉદાહરણોથી સમજી શકાય છે

પ્રથમ ઉદાહરણ (60% DA ના આધારે): ધારો કે કોઈ કર્મચારીનો મૂળ પગાર 100 છે. 60% મોંઘવારી ભથ્થું (DA) ઉમેરીને તેની કુલ કમાણી 160 થઈ જાય છે. નવા ફિટમેન્ટ ફેક્ટર પછી જો મૂળ પગાર બમણો થઈને 200 થઈ જાય, તો હાલના 160 ની સરખામણીમાં તેના અસરકારક પગારમાં લગભગ 25% નો વધારો થશે.

બીજું ઉદાહરણ (ફિટમેન્ટ ફેક્ટર 3 થવા પર): જો સરકાર હાલના ફિટમેન્ટ ફેક્ટરને 2.57 થી વધારીને 3.0 કરી દે છે, તો એન્ટ્રી-લેવલના મૂળ પગારમાં 15 થી 20% થી વધુનો વધારો થઈ શકે છે. આ સ્થિતિમાં 15,000 નો મૂળ પગાર સીધો 45,000 થઈ જશે.

નિષ્ણાતોનું કહેવું છે કે જો સરકાર કર્મચારી યુનિયનોની માગ કરતાં ઓછો ફિટમેન્ટ ફેક્ટર પણ રાખે છે, તો પણ સરકારી ખર્ચમાં મોટો વધારો થશે અને કર્મચારીઓને તેમના પગારમાં એક સન્માનજનક ઉછાળો જોવા મળશે.

7મા પગાર પંચમાં કેટલો ફાયદો થયો હતો?

તુલના માટે, 7મા કેન્દ્રીય વેતન આયોગે સૌથી નીચલા સ્તરના કર્મચારીઓનો લઘુત્તમ પગાર વધારીને દર મહિને 18,000 કર્યો હતો.

આ સાથે, નવી ભરતી થયેલા ક્લાસ-I અધિકારીઓનો પગાર 56,100 નક્કી કરવામાં આવ્યો હતો. તેના કારણે 1 જાન્યુઆરી 2016 થી કુલ પગાર અને પેન્શનમાં 14.29% નો કુલ વધારો નોંધાયો હતો.

રાજ્યોનો પ્રવાસ કરી રહી છે 8મા વેતન આયોગની ટીમ

વર્તમાનમાં, 8મું વેતન આયોગ અલગ-અલગ રાજ્યોનો પ્રવાસ કરી રહ્યું છે. આયોગની ટીમ ત્યાં કર્મચારી એસોસિએશનો અને યુનિયનો સાથે મુલાકાત કરી રહી છે.

આ દરમિયાન, કર્મચારીઓની માંગણીઓ અને તેમના પ્રસ્તાવોના મેમોરેન્ડમ નોંધવામાં આવી રહ્યા છે. યુનિયનોએ મુખ્યત્વે પગાર સુધારણા અને નિવૃત્તિ પછી મળતા લાભોમાં સુધારાની માંગણી કરી છે.

ક્યારે લાગુ પડશે 8મું વેતન આયોગ અને ક્યારે આવશે રિપોર્ટ?

કેન્દ્ર સરકારે ઓક્ટોબર 2025માં 8મા પગાર પંચની શરતો એટલે કે ટર્મ્સ ઑફ રેફરન્સ (TOR) ને મંજૂરી આપી હતી અને પેનલને રિપોર્ટ સુપરત કરવા માટે 18 મહિનાનો સમય આપ્યો હતો. જોકે 7મા પગાર પંચના સ્થાને 8મા પગાર પંચને 1 જાન્યુઆરી 2026થી લાગુ માનવામાં આવ્યું છે, પરંતુ પંચને પોતાનું કામ પૂરું કરવામાં લગભગ 18 મહિનાનો સમય લાગવાની અપેક્ષા છે.

પંચે મેમોરેન્ડમ જમા કરાવવાની છેલ્લી તારીખને વધારીને 15 જૂન 2026 કરી દીધી છે. આ પછી તમામ હિતધારકો (સ્ટેકહોલ્ડર્સ) ના સૂચનોની તપાસ કરવામાં આવશે અને અંતિમ ભલામણો તૈયાર થશે.

કર્મચારી સંગઠનોનું કહેવું છે કે જો રિપોર્ટ જૂન-જુલાઈ 2027 સુધીમાં સુપરત કરવામાં આવે છે, તો સરકાર પર એરિયર (બાકી રકમ) ચૂકવવાની જવાબદારી ઘણી વધી જશે. ભલામણો સ્વીકારવામાં અને લાગુ થયા પછી, કેન્દ્ર સરકાર વચગાળાના સમયગાળાનું પૂરું એરિયર કર્મચારીઓને આપશે. હાલમાં કર્મચારી સંગઠનો વધુ મલ્ટિપ્લાયર અને નિવૃત્તિ લાભો માટે દબાણ કરી રહ્યા છે, જ્યારે નિષ્ણાતોનું કહેવું છે કે અંતિમ નિર્ણય દેશની નાણાકીય પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને જ લેવામાં આવશે.

# સિંગલ ચાર્જ પર 1198 કલાકનો સ્ટેન્ડબાય ટાઈમ! : મેટ્રિક્સ ડિસ્પ્લેવાળો 'ટેક્નો પોવા 8' લોન્ચ; 50MP કેમેરા, 8000mAh બેટરીથી સજ્જ સ્માર્ટફોનની કિંમત ₹29,999 શરૂ

મુંબઈ, તા.13

ટેક કંપની ટેક્નોએ 11 જૂને ભારતમાં પોવા સિરીઝનો નવો સ્માર્ટફોન 'પોવા 8' લોન્ચ કર્યો છે. આ ફોન ગયા વર્ષે આવેલા 'પોવા 7'ના અપગ્રેડ વર્ઝન તરીકે રજૂ કરવામાં આવ્યો છે. નવો ફોન બે વેરિઅન્ટમાં આવ્યો છે અને તેની શરૂઆતની કિંમત 29,999 રાખવામાં આવી છે.

સ્માર્ટફોનની સૌથી મોટી ખાસિયત તેની 8000mAhની મોટી બેટરી અને ફોનના બેક પેનલ પર આપવામાં આવેલો 'મેટ્રિક્સ ડિસ્પ્લે' છે, જે અલગ-અલગ એપ્સના નોટિફિકેશન અને એલર્ટ્સને યુનિક રીતે દર્શાવે છે. ફોનમાં ગેમિંગ માટે મીડિયાટેક ડિમેન્સિટી 7100 પ્રોસેસર આપવામાં આવ્યું છે. ટેક્નો પોવા 8: ડિઝાઈન, ડાયમેન્શન અને કલર ઓપ્શન

મટીરીયલ: ફોનનું રીઅર પેનલ મજબૂત મટીરીયલથી બનેલું છે, જેના પર ખાસ ટેક્સચર આપવામાં આવ્યું છે. ફોનને રફ-એન્ડ-ટફ ઉપયોગ માટે મિલિટરી ગ્રેડ MIL-STD-810H સર્ટિફિકેશન મળ્યું છે.

ડાયમેન્શન અને વજન: તેનું ડાયમેન્શન 165.66+78.46+8.8mm છે. મોટી બેટરી હોવા છતાં તેની જાડાઈ ઓછી રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેનું વજન 225 ગ્રામ છે, જે હાથમાં પકડતી વખતે થોડો સોલિડ અને પ્રીમિયમ ફીલ આપે છે.

બેક પેનલ અને ફ્રન્ટ લુક: બેક પેનલ પર કસ્ટમાઈઝ કરી શકાય તેવું મેટ્રિક્સ ડિસ્પ્લે અને ડ્યુઅલ કેમેરા સેટઅપ છે. જ્યારે, ફ્રન્ટમાં ખૂબ જ પાતળા બેઝલ્સ સાથે પંચ-હોલ કટઆઉટમાં સેલ્ફી કેમેરા આપવામાં આવ્યો છે.

પોર્ટ્સ અને બટન્સ: ફોનમાં નીચેની તરફ ટાઈપ-C ચાર્જિંગ પોર્ટ, સ્પીકર ગ્રિલ અને માઈક્રોફોન આપવામાં આવ્યા છે. જમણી બાજુએ પાવર બટન અને વોલ્યુમ રોકર્સ મળે છે.

કલર અને વોટર-ડસ્ટ રેટિંગ: આ ફોન ત્રણ કલર ઓપ્શન- 16 બિટ વ્હાઈટ, પ્લાઝમા ઓરેન્જ અને ટર્મિનલ ગ્રીનમાં આવે છે. પાણીના છાંટા અને ધૂળથી બચાવવા માટે ફોનને IP64 રેટિંગ આપવામાં આવ્યું છે.8000mAhની બેટરીથી 'પોવા 8' સ્માર્ટફોનનો વજન 225 ગ્રામ છે.

ટેક્નો પોવા 8: સ્પેસિફિકેશન્સ અને ફીચર્સ

ડિસ્પ્લે: 'પોવા 8'માં 6.76 ઈંચની ફુલ-HD+ (1080+2,344 પિક્સેલ) IPS સ્ક્રીન આપવામાં આવી છે. સ્મૂધ સ્ક્રોલિંગ માટે તે 144Hz રિફ્રેશ રેટને સપોર્ટ કરે છે. તેમાં 91.29% સ્ક્રીન-ટુ-બોડી રેશિયો, 381ppi પિક્સેલ ડેન્સિટી અને આઉટડોર વિઝિબિલિટી માટે 950 nits ની પીક બ્રાઈટનેસ મળે છે. તેનો ઈન્સ્ટન્ટેનિયસ ટચ સેમ્પલિંગ રેટ 1500Hz છે.

'પોવા 8'માં 6.76 ઈંચની ફુલ HD+ IPS સ્ક્રીન આપવામાં આવી છે.

'પોવા 8'માં 6.76 ઈંચની ફુલ HD+ IPS સ્ક્રીન આપવામાં આવી છે.

કેમેરા: ફોટોગ્રાફી માટે તેના રિયર પેનલ પર ડ્યુઅલ કેમેરા સેટઅપ છે, જેમાં મુખ્ય લેન્સ 50 મેગાપિક્સલનો સોની LYT-600 પ્રાઈમરી સેન્સર છે, જે લાઈટ સેન્સર સાથે આવે છે. સેલ્ફી અને વીડિયો ચેટિંગ માટે ફ્રન્ટમાં 13 મેગાપિક્સલનો કેમેરા આપવામાં આવ્યો છે. કેમેરા એપમાં AI કેમ, પોર્ટ્રેટ મોડ, સુપર નાઈટ મોડ, વ્લોગ મોડ અને સ્લો મોશન જેવા ફીચર્સ ઈન-બિલ્ટ છે.

'પોવા 8' સ્માર્ટફોનમાં ડ્યુઅલ કેમેરા સેટઅપ આપવામાં આવ્યા છે.

પરફોર્મન્સ અને સોફ્ટવેર: સ્માર્ટફોનમાં 6nm આર્કિટેક્ચર પર બનેલો ઓક્ટા-કોર મીડિયાટેક ડિમેન્સિટી 7100 પ્રોસેસર આપવામાં આવ્યો છે, જે માલી-G610 MC2 GPU સાથે આવે છે. ગેમિંગ દરમિયાન ફોનને ઠંડો રાખવા માટે તેમાં 14,689 ચોરસ મિલીમીટરનું મોટું કૂલિંગ સિસ્ટમ આપવામાં આવ્યું છે. આ ફોન એન્ડ્રોઈડ 16 પર આધારિત ટેક્નોના HiOS 16 પર રન કરે છે. વધુ સારા નેટવર્ક માટે તેમાં ડેડિકેટેડ G1 અને SE1 સિગ્નલ ચિપસેટ પણ ઉમેરવામાં આવ્યા છે.

સ્માર્ટફોનમાં 14,689 ચોરસ મિલીમીટરની મોટી કૂલિંગ સિસ્ટમ આપવામાં આવી છે, જે ગેમિંગ દરમિયાન ફોનને ઠંડો રાખશે.

સ્માર્ટફોનમાં 14,689 ચોરસ મિલીમીટરની મોટી કૂલિંગ સિસ્ટમ આપવામાં આવી છે, જે ગેમિંગ દરમિયાન ફોનને ઠંડો રાખશે.

પાવર બેકઅપ: ફોનમાં 8,000mAhની મોટી બેટરી આપવામાં આવી છે, જે 45W ની ફાસ્ટ ચાર્જિંગને સપોર્ટ કરે છે. કંપનીનો દાવો છે કે, સિંગલ ચાર્જ પર આ બેટરી 1,198.1 કલાકનો સ્ટેન્ડબાય ટાઈમ, 39.5 કલાકનો કોલિંગ ટાઈમ અને લગભગ 17.77 કલાકનો વીડિયો પ્લેબેક ટાઈમ આપી શકે છે.

# AI જાતે જ પોતાના નવા મોડેલ બનાવશે! : વૈજ્ઞાનિકોની ચિંતા- ક્યાંક મશીનોના નિર્ણયો પર માનવીય લગામ છૂટી ન જાય

મુંબઈ, તા.13

AI (આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ)ને લઈને અત્યાર સુધી પ્રશ્ન હતો કે તે માણસોનું કામ કેટલી ઝડપથી કરી શકે છે? પરંતુ હવે ચિંતા આનાથી આગળની છે. નિષ્ણાતો પૂછી રહ્યા છે કે, જો AI આગામી પેઢીના મોડેલ પોતે જ બનાવવા લાગે, તો શું માણસો તેને નિયંત્રિત કરી શકશે?

તાજેતરમાં AI કંપની એન્થ્રોપિકે કહ્યું હતું કે, 'ફ્રન્ટિયર AI ડેવલપમેન્ટ ધીમું કરવા અથવા અસ્થાયી રૂપે રોકવાનો વિકલ્પ હોવો જોઈએ.' કંપની અનુસાર, મે 2026 માં પ્રકાશિત કોડનો 80%થી વધુ ભાગ AI એ લખ્યો હતો. એન્થ્રોપિકના સહ-સ્થાપક જેક ક્લાર્કનું અનુમાન છે કે 2028 સુધીમાં એવી સિસ્ટમ શક્ય છે, જે માનવીય મદદ વિના પોતાનું નવું સંસ્કરણ (વર્ઝન) તૈયાર કરી શકે. આને રિકર્સિવ સેલ્ફ ઈમ્પ્રૂવમેન્ટ કહેવાય છે. એટલે કે AI નું એક મોડેલ બીજાને બનાવે, બીજું ત્રીજાને અને ત્રીજું ચોથાને. દરેક મોડેલ પહેલા કરતા વધુ સક્ષમ હોય.



એમઆઈટીના ભૌતિકશાસ્ત્રી અને AI સુરક્ષા નિષ્ણાત મેક્સ ટેગમાર્ક ચેતવણી આપે છે કે, જો વિકાસની ગતિ પર નજર રાખવામાં નહીં આવે, તો AI નિર્ણય લેવામાં મનુષ્યોથી આગળ નીકળી જશે. આવી સ્થિતિમાં, સરકારો, કંપનીઓ અને મહત્વપૂર્ણ સંસ્થાઓમાં માનવીય ભૂમિકા નબળી પડી શકે છે. થોડા વર્ષો પહેલા સુધી AI માત્ર નિર્દેશોનું પાલન કરતું હતું. હવે તે ઉકેલો શોધી રહ્યું છે.


ગૂગલ ડીપમાઈન્ડના AI સિસ્ટમ આલ્ફા ઈવોલ્વે ડેટા સેન્ટરોની કાર્યપ્રણાલી સુધારવા અને AI તાલીમ ઝડપી બનાવવાના રસ્તાઓ સૂચવ્યા. આ જ કારણ છે કે વૈજ્ઞાનિકોનો એક વર્ગ માને છે કે મનુષ્યો સંશોધકને બદલે રિસર્ચ ડિરેક્ટર બની જશે. તેઓ માત્ર દિશા આપશે. જોકે, કેટલાક નિષ્ણાતો માને છે કે આ બદલાવ રાતોરાત નહીં થાય. AI ને હજુ પણ ડેટા સેન્ટર, મોંઘા ચિપ્સ, વીજળી અને નવી તાલીમ સામગ્રીની જરૂર છે. તેની ગતિ હાલ પૂરતી મર્યાદિત રહેશે. હાલ AI ઉત્તરાધિકારી બનાવતું નથી, પરંતુ તાલીમ ઝડપી બનાવી રહ્યું છે, હાલમાં કોઈ પણ AI મોડેલ પોતાનો ઉત્તરાધિકારી સંપૂર્ણપણે જાતે બનાવી શકતું નથી. પરંતુ મોટા મોડેલ નાના મોડેલ જાતે બનાવી શકે છે. ઓપનએઆઈના પૂર્વ સંશોધક આન્દ્રેજ કારપેથીએ GPT-2 જેટલો સક્ષમ ચેટબોટ તાલીમબદ્ધ કર્યો. GPT-2 ને ઓપનએઆઈએ 2019 માં બનાવ્યું હતું. ત્યારે 168 કલાક લાગ્યા હતા. કારપેથીએ એક કમ્પ્યુટરમાં 8 GPU સાથે તે જ પરિણામ 3 કલાકમાં હાંસલ કર્યું. પાછળથી આ કામ AI એજન્ટને આપી દીધું. તેણે તેને 18% વધુ ઘટાડી દીધું. હાલમાં કોઈ પણ AI મોડેલ પોતાનો ઉત્તરાધિકારી સંપૂર્ણપણે જાતે બનાવી શકતું નથી. પરંતુ મોટા મોડેલ નાના મોડેલ જાતે બનાવી શકે છે. ઓપનએઆઈના પૂર્વ સંશોધક આન્દ્રેજ કારપેથીએ GPT-2 જેટલો સક્ષમ ચેટબોટ તાલીમબદ્ધ કર્યો. GPT-2 ને ઓપનએઆઈએ 2019 માં બનાવ્યું હતું. ત્યારે 168 કલાક લાગ્યા હતા. કારપેથીએ એક કમ્પ્યુટરમાં 8 GPU સાથે તે જ પરિણામ 3 કલાકમાં હાંસલ કર્યું. પાછળથી આ કામ AI એજન્ટને આપી દીધું. તેણે તેને 18% વધુ ઘટાડી દીધું.

# પોલીસ-પરિવારની હાજરીમાં પ્રેમીએ પ્રેમિકાને ખોળામાં સુવડાવી ગળું કાપ્યું

## યુવકે પોતાના ગળા પર પણ ઘા ઝીંક્યા, ભાગેલા પ્રેમીપંખીડાંને લઈ જતા'તાં, ગાંધીનગરની હોટેલમાં ખૂની ખેલ

**ગાંધીનગર, તા.13**

ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકની હદમાં આવેલા ધણપ ગામ હાઈ-વે પરની રોયલ ફોર્ટ હોટેલમાં એક કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશથી ભાગીને આવેલા પ્રેમી પંખીડાને પકડીને પરત લઈ જઈ રહેલી પોલીસ અને પરિવારના સભ્યોની હાજરીમાં જ પ્રેમીએ તેની પ્રેમિકાને ખોળામાં સુવડાવી ગળે ચપ્પુ ફેરવી ઘાતકી હત્યા કરી નાખી છે. પ્રેમિકાનું ગળું કાપ્યાં બાદ પ્રેમીએ પોતે પણ ગળાના ભાગે ચપ્પુ મારીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.





પ્રેમી પંખીડા રાજકોટ હોવાનું લોકેશન મળતાં MPથી પરિવાર ગુજરાત આવ્યો

પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મધ્યપ્રદેશના વતની એવા 21 વર્ષીય રજની બજલાલ ધાકડ અને 24 વર્ષીય સંતોષ ઉધમ જાટવ વચ્ચે પ્રેમસંબંધ હતો. આ પ્રેમી પંખીડા પોતાના ઘરેથી ભાગીને ગુજરાતના રાજકોટ તરફ નાસી આવ્યા હતા. આ મામલે યુવતીના પરિવારજનોએ મધ્યપ્રદેશમાં ફરિયાદ નોંધાવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના આધારે મધ્યપ્રદેશ પોલીસે આ બંનેનું લોકેશન રાજકોટ હોવાનું શોધી કાઢ્યું હતું.

હોટેલનો બેડ લોહીલુહાણ, યુવતીનું મોત, યુવક સારવાર હેઠળ.

આથી પ્રેમિકા રજનીના બે સંબંધીઓ અને મધ્યપ્રદેશ પોલીસના બે જમાદારો રાજકોટ પહોંચ્યા હતા અને બંને પ્રેમી પંખીડાને પોતાની કસ્ટડીમાં લીધા હતા. રાજકોટથી આ તમામ લોકો ખાનગી વાહન દ્વારા મધ્યપ્રદેશ જવા માટે રવાના થયા હતા. જોકે લાંબા અંતરનું ડ્રાઈવિંગ હોવાના કારણે વાહન ચલાવનાર અને સાથે રહેલા તમામ લોકો ભારે થાકી ગયા હતા. આથી રાત્રિના સમયે આગળ પ્રવાસ કરવો જોખમી જણાતા, તેઓએ ચિલોડા હાઈવે પર આવેલી રોયલ ફોર્ટ હોટેલમાં રાતવાસો કરવાનું નક્કી કર્યું હતું અને ત્યાં એક રૂમ ભાડે રાખ્યો હતો.

હોટેલના રૂમમાં બે પોલીસ કર્મચારીઓ, યુવતીના બે સગા અને આ પ્રેમી પંખીડા એમ તમામ છ લોકો એક જ રૂમમાં રોકાયા હતા. સુરક્ષા અને તકેદારીના ભાગરૂપે રાત્રે સૂતા પહેલા બંને પ્રેમી-પંખીડાને અલગ-અલગ સુવડાવવામાં આવ્યા હતા.

પેનલ પોસ્ટમોર્ટમ શરૂ.

રાત્રિના સમયે બન્ને એકબીજાની નજીક આવ્યો ને...

લાંબી સફરના થાકને કારણે બંને પોલીસ જવાનો અને પરિવારના સભ્યો ગાઢ નિદ્રામાં સરી પડ્યા હતા. આ જ સમયગાળા દરમિયાન મધ્યરાત્રિએ તકનો લાભ ઉઠાવીને સંતોષ અને રજની એકબીજાની નજીક આવ્યા હતા. સંતોષે અત્યંત ઠંડા કલેજે પ્રેમિકા રજનીને પોતાના ખોળામાં સુવડાવીને તેની પાસે રહેલા તીક્ષ્ણ ચપ્પા વડે તેનું ગળું કાપી નાખ્યું હતું. રજની લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા બાદ સંતોષે એ જ ચપ્પાથી પોતાના ગળા પર પણ ઘા ઝીંકી દીધા હતા.

પોલીસે લાઈટ શરૂ કરતા યુવક તરફડી રહ્યો હતો

દરમિયાન રાત્રિના આશરે બે વાગ્યાની આસપાસ રૂમમાં કંઈક અજુગતો અવાજ આવતા એક પોલીસ કર્મચારી અચાનક જાગી ગયો હતો. તેણે રૂમની લાઈટ ચાલુ કરતા જ સામેનું ભયાનક દ્રશ્ય જોઈને તેના હોશ ઊડી ગયા હતા. રૂમમાં ચારેય તરફ લોહીના ખાબોચિયા ભરાયેલા હતા અને રજની મૃત હાલતમાં પડી હતી, જ્યારે સંતોષ તરફડી રહ્યો હતો.

હોટેલમાં પરિવાર અને પોલીસકર્મીઓ ઊંઘતા રહ્યા ને પ્રેમિએ પ્રેમિકાનું કાસળ કાઢી નાખ્યું

પ્રમિકા વતન જઈને ફરી જવાના ડરે હત્યા કર્યાની આશંકા

આ ઘટનાની તાત્કાલિક જાણ ચિલોડા પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગંભીર રીતે ઘવાયેલા પ્રેમી સંતોષને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં મધ્યપ્રદેશ જઈને પ્રેમિકા ફરી જશે એવી શંકા અને માર પણ પડશે એવું માનીને તેણે આ કાંડ કર્યો હોવાનું અનુમાન છે. આ ઘટનાની તાત્કાલિક જાણ ચિલોડા પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગંભીર રીતે ઘવાયેલા પ્રેમી સંતોષને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મધ્યપ્રદેશ જઈને પ્રેમિકા ફરી જશે એવી શંકા અને માર પણ પડશે એવું માનીને તેણે આ કાંડ કર્યો હોવાનું અનુમાન છે.

# 15 જૂને નવી ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2026નું અનાવરણ

## રોકાણ અને રોજગારી પર ફોકસ, મહાત્મા મંદિર ખાતે CM અને DyCM કરશે નવી ઔદ્યોગિક નીતિ જાહેર



**અમદાવાદ, તા.13**

ગુજરાત સરકાર રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપવા માટે બહુપ્રતિક્ષિત 'ઔદ્યોગિક નીતિ-2026'નું 15 જૂને અનાવરણ કરવા જઈ રહી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનારા વિશેષ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજ્યના નવા ઔદ્યોગિક વિકાસ રોડમેપનું લોકાર્પણ કરશે.

ગુજરાતને મળશે નવી ઔદ્યોગિક દિશા

નવી ઔદ્યોગિક નીતિ દ્વારા રાજ્યમાં વધુ રોકાણ આકર્ષવા, નવીનતા આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા, રોજગારીની નવી તકો ઊભી કરવા અને ગુજરાતને દેશના અગ્રણી ઔદ્યોગિક અને રોકાણ ગંતવ્ય તરીકે વધુ મજબૂત બનાવવાનો સરકારનો પ્રયાસ છે.

વિશ્વ કક્ષાની માળખાગત સુવિધાઓ, મજબૂત કનેક્ટિવિટી

સરકારની નવી નીતિમાં Ease of Doing Businessને વધુ સરળ બનાવવાની સાથે અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન, MSME ક્ષેત્રને વધુ મજબૂત બનાવવું, ટેક્નોલોજી આધારિત ઉદ્યોગોના વિકાસને વેગ આપવો તેમજ ઉચ્ચ વિકાસ સંભાવના ધરાવતા ઉભરતા ક્ષેત્રોમાં રોકાણ માટે અનુકૂળ માહોલ ઊભો કરવાના મુદ્દાઓને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે તેવી સંભાવના છે. સરકારની નવી નીતિમાં Ease of Doing Businessને વધુ સરળ બનાવવાની સાથે અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન, MSME ક્ષેત્રને વધુ મજબૂત બનાવવું, ટેક્નોલોજી આધારિત ઉદ્યોગોના વિકાસને વેગ આપવો તેમજ ઉચ્ચ વિકાસ સંભાવના ધરાવતા ઉભરતા ક્ષેત્રોમાં રોકાણ માટે અનુકૂળ માહોલ ઊભો કરવાના મુદ્દાઓને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે તેવી સંભાવના છે.

ગુજરાત વર્ષોથી સ્થાનિક અને વૈશ્વિક રોકાણકારો માટે પસંદગીનું સ્થળ રહ્યું છે. વિશ્વ કક્ષાની માળખાગત સુવિધાઓ, મજબૂત કનેક્ટિવિટી, સક્રિય શાસન અને કુશળ માનવબળના કારણે રાજ્યએ ઔદ્યોગિક ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી છે. નવી ઔદ્યોગિક નીતિ આ તમામ શક્તિઓને વધુ મજબૂત બનાવી રાજ્યના આર્થિક વિકાસ, રોકાણ આકર્ષણ અને વૈશ્વિક ઔદ્યોગિક સ્પર્ધાત્મકતાને નવી ઊંચાઈએ પહોંચાડશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. નવી ઔદ્યોગિક નીતિ દ્વારા રાજ્યમાં વધુ રોકાણ આકર્ષવા, નવીનતા આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા, રોજગારીની નવી તકો ઊભી કરવા અને ગુજરાતને દેશના અગ્રણી ઔદ્યોગિક અને રોકાણ ગંતવ્ય તરીકે વધુ મજબૂત બનાવવાનો સરકારનો પ્રયાસ છે. સરકારની નવી નીતિમાં Ease of Doing Businessને વધુ સરળ બનાવવાની સાથે અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન, MSME ક્ષેત્રને વધુ મજબૂત બનાવવું, ટેક્નોલોજી આધારિત ઉદ્યોગોના વિકાસને વેગ આપવો તેમજ ઉચ્ચ વિકાસ સંભાવના ધરાવતા ઉભરતા ક્ષેત્રોમાં રોકાણ માટે અનુકૂળ માહોલ ઊભો કરવાના મુદ્દાઓને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે તેવી સંભાવના છે.

# શિક્ષણ વિભાગમાં સરકારી ભરતી પર બ્રેક?, ખાલી જગ્યાઓ હવે આઉટસોર્સિંગથી ભરવાના આદેશ

**ગાંધીનગર, તા.13**

રાજ્યના શિક્ષણ વિભાગમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે. સમગ્ર શિક્ષા સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર પરિપત્રમાં વર્ગ-3 અને વર્ગ-4ની ખાલી જગ્યાઓ આઉટસોર્સિંગ એજન્સી મારફતે ભરવાની સૂચના આપવામાં આવી છે. આ પરિપત્ર બાદ શિક્ષણ વિભાગમાં નિયમિત સરકારી ભરતીની પ્રક્રિયા પર પ્રશ્નો ઊભા થયા છે. પરિપત્ર અનુસાર, સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લા અને તાલુકા કક્ષાએ વર્ગ-3માં ડેટા ઓપરેટર અને ઓફિસ આસિસ્ટન્ટ તેમજ વર્ગ-4માં પટાવાળા, સ્વીપર અને ચોકીદાર જેવી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. જોકે, આ જગ્યાઓ



માટે સીધી ભરતીને બદલે માન્ય આઉટસોર્સિંગ એજન્સીઓ મારફતે મેનપાવર ઉપલબ્ધ કરાવવા સૂચના આપવામાં આવી છે. સમગ્ર શિક્ષા હેઠળ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણના સર્વાંગીકરણ, વ્યાપકીકરણ અને ગુણવત્તા સુધારણા માટે વિવિધ યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓના અસરકારક અમલીકરણ માટે જરૂરી માનવબળ ઉપલબ્ધ રહે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પરિપત્રમાં જણાવાયું છે.

# નારી સુરક્ષા અને સ્વાભિમાનની મિસાલ : ગાંધીનગરનું સખી વન સ્ટોપ સેન્ટર એક હજારથી વધુ મહિલાઓનો સહારો બન્યું, મુશ્કેલ સમયમાં આશ્રય આપી સહાય કરી

## અત્યાર સુધીમાં કુલ 1048 પીડિત મહિલાઓના કેસ નોંધાયા, 230 કેસોમાં વિવિધ સામાજિક સંસ્થાઓની મદદ લેવાઈ

**ગાંધીનગર, તા.13**

ગાંધીનગરના સેક્ટર-12 ખાતે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ઓડિટોરિયમ હોલની પાછળ કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર મુશ્કેલીમાં ઘેરાયેલી મહિલાઓ માટે આશાનું મોટું કિરણ બન્યું છે. આ સેન્ટર દ્વારા અત્યાર સુધી એક હજારથી વધુ પીડિત મહિલાઓ અને બાળકીઓને એક જ જગ્યાએ તાત્કાલિક મદદ અને સહાય પૂરી પાડીને રક્ષણકવચ પૂરું પાડવામાં આવ્યું છે.

અત્યાર સુધીમાં કુલ 1048 પીડિત મહિલાઓના કેસ નોંધાયા

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હસ્તકના ગાંધીનગરના સખી વન સ્ટોપ સેન્ટરની 1



જાન્યુઆરી 2020ના રોજ શરૂઆત થઈ હતી. આ કેન્દ્રમાં અત્યાર સુધીમાં કુલ 1048 પીડિત મહિલાઓના કેસ નોંધાયા છે. આ કેસોની વિગતો જોઈએ તો તેમાં ઘરેલુ હિંસાના 738 કેસ, બળાત્કારના 80 કેસ, ગુમ થયેલી મહિલાઓના 128 કેસ, બાળલગ્નના 3 કેસ, બાળકો સામે થયેલી જાતીય હિંસાના 2 કેસ, બાળમજૂરીનો 1 કેસ, બાળ ભિક્ષાવૃત્તિના 2 કેસ અને અન્ય પ્રકારના 94 કેસોનો સમાવેશ થાય છે.

આ તમામ નોંધાયેલા કેસોમાં પીડિતાઓને મુશ્કેલીમાંથી બહાર લાવવા માટે સેન્ટર દ્વારા તમામ પ્રકારની મદદ પૂરી પાડવામાં આવી હતી .જેમાં તમામ 1048 મહિલાઓને કાઉન્સેલિંગ સહાય, 603ને રહેવા માટે આશ્રય, 345ને તબીબી સારવાર અને 306 કેસોમાં પોલીસ સહાયનો સમાવેશ થાય છે.

અત્યાર સુધીમાં 552 કેસોનું સફળતાપૂર્વક સમાધાન

આ કેન્દ્ર પીડિત મહિલાઓને ન્યાય અપાવવા અને તેમના પુનર્વસન માટે ખૂબ જ મહત્વનું સાબિત થયું છે. સેન્ટરની યોગ્ય કામગીરીના કારણે અત્યાર સુધીમાં 552 કેસોનું સફળતાપૂર્વક સમાધાન કરાવવામાં આવ્યું છે. આ ઉપરાંત 43 મહિલાઓ પોતાની મરજીથી લેખિત સંમતિ આપીને સેન્ટર પરથી ઘરે પરત ફરી છે. જરૂરિયાત મુજબ 3 મહિલાઓને પી.બી.એસ.સી. અને 17 મહિલાઓને નારી સંરક્ષણ ગૃહમાં મોકલવામાં આવી છે.

જ્યારે 18 જટિલ કેસો પોલીસ વિભાગને સોંપાયા છે અને 230 કેસોમાં વિવિધ સામાજિક સંસ્થાઓની મદદ લેવાઈ છે. બાળકીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપીને 181 બાળકીઓને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીને સોંપવામાં આવી છે.જ્યારે હાલમાં 4 કેસોમાં પ્રક્રિયા ચાલુ છે.

# ગિફ્ટ સિટીમાં હેક્સાવેરની એન્ટ્રી, AI-ક્લાઉડ ટેક્નોલોજી હબ બનશે ગુજરાત

**અમદાવાદ, તા.13**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે 13 જૂન ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં હેક્સાવેર ટેક્નોલોજીઝના નવા ડિલિવરી સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. ગિફ્ટ સિટીના પ્રજ્ઞા-II બિલ્ડિંગના 7મા અને 8મા માળે શરૂ થયેલું આ અત્યાધુનિક સેન્ટર ગુજરાતની ટેક્નોલોજી ઈકોસિસ્ટમ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બનશે. આ સેન્ટરના પ્રારંભથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડેટા એનાલિટિક્સ, ઓટોમેશન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન જેવા અદ્યતન ક્ષેત્રોમાં નવી તકોનું સર્જન થશે તેમજ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા યુવાનો માટે રોજગારીના નવા દ્વાર ખુલશે.

હેક્સાવેર ટેક્નોલોજી વિશ્વની અગ્રણી ડિજિટલ અને ટેક્નોલોજી સેવાઓ પ્રદાન કરતી કંપનીઓમાંની એક છે. કંપની વૈશ્વિક સ્તરે બેંકિંગ, નાણાકીય સેવાઓ, આરોગ્ય, વીમા, ઉત્પાદન, રિટેલ, પ્રવાસન અને પરિવહન સહિતના વિવિધ ક્ષેત્રોમાં અદ્યતન ટેક્નોલોજી



આધારિત સોલ્યુશન્સ પૂરા પાડે છે. વિશ્વના અનેક દેશોમાં કામગીરી ધરાવતી હેક્સાવેર ટેક્નોલોજી આગામી ત્રણ વર્ષમાં આશરે 1,000 ઉચ્ચ કૌશલ્ય ધરાવતા રોજગારનું સર્જન કરવાની ક્ષમતા ધરાવે છે. ગિફ્ટ સિટીમાં હેક્સાવેરના ડિલિવરી સેન્ટરની સ્થાપના ગુજરાતના ટેક્નોલોજી અને નવીનતા આધારિત વિકાસને વધુ મજબૂત બનાવશે તેમજ કંપનીનું રોકાણ રાજ્યના યુવાનો માટે નવી રોજગારીની તકો ઊભી કરશે. હેક્સાવેર ટેક્નોલોજી વિશ્વની અગ્રણી ડિજિટલ અને ટેક્નોલોજી સેવાઓ પ્રદાન કરતી કંપનીઓમાંની એક છે. કંપની વૈશ્વિક સ્તરે બેંકિંગ, નાણાકીય સેવાઓ, આરોગ્ય, વીમા, ઉત્પાદન, રિટેલ, પ્રવાસન અને પરિવહન સહિતના વિવિધ ક્ષેત્રોમાં અદ્યતન ટેક્નોલોજી આધારિત સોલ્યુશન્સ પૂરા પાડે છે. વિશ્વના અનેક દેશોમાં કામગીરી ધરાવતી હેક્સાવેર ટેક્નોલોજી આગામી ત્રણ વર્ષમાં આશરે 1,000 ઉચ્ચ કૌશલ્ય ધરાવતા રોજગારનું સર્જન કરવાની ક્ષમતા ધરાવે છે. ગિફ્ટ સિટીમાં હેક્સાવેરના ડિલિવરી સેન્ટરની સ્થાપના ગુજરાતના ટેક્નોલોજી અને નવીનતા આધારિત વિકાસને વધુ મજબૂત બનાવશે તેમજ કંપનીનું રોકાણ રાજ્યના યુવાનો માટે નવી રોજગારીની તકો ઊભી કરશે. આ પ્રસંગે ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, હેક્સાવેર ટેક્નોલોજીઝના સીઈઓ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર આર. શ્રીકૃષ્ણ, કંપનીના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર વિકાસ કુમાર જૈન તેમજ અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

